વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૩
SUNDAY
13 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 221 CMD : Sanjay Shah

### અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનામાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોનો પ્રાથમિક રિપોર્ટ જાહેર : એન્જિનને પુનઃ ચાલુ કરવાનો પ્રયાસ કરાયો હતો

# ફ્યુઅલ કટઓફ સ્વિચ બંધ થતાં પ્લેન ક્રેશ થયું : AAIB


### અમદાવાદ એરપોર્ટ પરથી મળેલા ઘટના સમયના સીસીટીવી ફૂટેજમાં ટેકઓફ પછી તરત જ રેમ એર ટર્બાઇન (રેટ) તહેનાત થતું જોવા મળ્યું હતું

નવી દિલ્હી, તા.૧૨

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના પ્રાથમિક તપાસ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. એવું મનાય છેકે, ફ્યુલ કંટ્રોલ સ્વિચ 'રન' માંથી 'કટ ઓફ' પોઝિશનમાં શિફ્ટ થવું દુર્ઘટનાનું સંભવિત કારણ છે. આ ઘટના લિફ્ટ-ઓફના માત્ર ત્રણ સેકન્ડ બાદ બની હતી. આ સમસ્યાને અમેરિકાની ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) દ્વારા ૨૦૧૮માં જ બોઈંગ ૭૩૭ જેટ્સ માટે ફ્લેગ કરવામાં આવી હતી, પરંતુ તેને અવગણવામાં આવી હોવાનું જણાય છે.

એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોના રિપોર્ટ મુજબ, એરપોર્ટ પરથી મળેલા સીસીટીવી ફૂટેજમાં ટેકઓફ પછી તરત જ રેમ એર ટર્બાઇન (રેટ) તૈનાત થતું જોવા મળ્યું હતું. આસપાસ કોઈ પક્ષીઓની પ્રવૃત્તિ ન હોવાથી બર્ડ હિટની કોઈ શક્યતા નથી. વિમાને એરપોર્ટની દીવાલ પાર કરતા પહેલા જ ઊંચાઈ ગુમાવવાનું શરૂ કરી દીધું હતું. રિપોર્ટ દર્શાવે છે કે એન્જિન ૧ની ફ્યુલ કટઓફ સ્વિચ ૦૮:૦૮:૫૨ યુટીસી વાગ્યે 'રન' માંથી 'કટ ઓફ' થઈ ગઈ, અને ત્યારબાદ ૦૮:૦૮:૫૬ યુટીસી પર એન્જિન ૨ની સ્વિચ પણ 'કટ ઓફ' થઈ ગઈ. એન્જિન ૨ને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે સ્થિર થઈ શક્યું નહીં. વારંવાર ફ્યુલ નાંખવા છતાં વિમાનની ગતિ સતત ઘટતી ગઈ અને દુર્ઘટના અટકાવવી અશક્ય બની ગઈ. લગભગ ૦૮:૦૯:૦૫ યુટીસી પર, એક પાયલટે 'મેડે મેડે મેડે' નો સંદેશો પ્રસારિત કર્યો. જ્યારે એર ટ્રાફિક કંટ્રોલરે કોલ સાઈન વિશે પૂછ્યું, ત્યારે કોઈ પ્રતિભાવ મળ્યો નહીં. એટીસી એરપોર્ટ સરહદની બહાર પ્લેન ક્રેશ થતું જોઈ શક્યો અને તાત્કાલિક કટોકટી પ્રતિભાવ સક્રિય કરાયો.

- વિશેષ અહેવાલ પેજ - ૧૦



## હજુ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી : કેન્દ્ર સરકાર

ઘટનાના એક મહિના બાદ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પ્રાથમિક રિપોર્ટ જાહેર કર્યો છે. જોકે, આ રિપોર્ટ પર કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ અને રાજ્યમંત્રી મુરલીધર મોહોલે પ્રતિક્રિયા આપી હતી. કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે, આ રિપોર્ટ હાલમાં પ્રારંભિક તબક્કામાં છે અને મંત્રાલય તેમાં સામે આવેલી બાબતોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, એએઆઈબી એક સ્વતંત્ર સંસ્થા છે અને સરકાર તેમને શક્ય તમામ સહયોગ આપી રહી છે. નાયડુએ આશા વ્યક્ત કરી કે અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં આવશે, જેથી કોઈ મજબૂત નિષ્કર્ષ પર પહોંચી શકાય. નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે કહ્યું હતું કે, આ માત્ર એક પ્રારંભિક રિપોર્ટ છે, અંતિમ રિપોર્ટ નથી. જ્યાં સુધી ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી કોઈ નિષ્કર્ષ પર ન પહોંચવું જોઈએ.

## તપાસના રિપોર્ટમાં પાયલટ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ : એસોસિયેશન

અમદાવાદ એરપોર્ટ પર થયેલી પ્લેન ક્રેશની ઘટના બાદ એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રાથમિક રિપોર્ટમાં વિમાનની ફ્યુલ સ્વિચનું કટઓફ થવું દુર્ઘટનાનું કારણભૂત માનવામાં આવી રહ્યું છે. જોકે, આ રિપોર્ટ સામે એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ ગંભીર આરોપ લગાવ્યા છે. એસોસિયેશને દાવો કર્યો છેકે, આ રિપોર્ટમાં પાયલટ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ રિપોર્ટમાં તપાસની દિશા અને વલણથી એવું લાગી રહ્યું છે કે પાયલટની ભૂલ હોવાનું સૂચવવામાં આવી રહ્યું છે. અમે આ તપાસને નકારી કાઢીએ છીએ. આ દુર્ઘટનાની તપાસ નિષ્પક્ષ અને તથ્ય આધારિત થવી જોઈએ.

## પાયલટોએ અંતિમ શ્વાસ સુધી લડત આપી



એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક રિપોર્ટ મુજબ, બંને એન્જિન બંધ થયા હોવા છતાં પાયલટોએ પોતાના અંતિમ શ્વાસ સુધી વિમાનને બચાવવાનો અથાક પ્રયાસ કર્યો હતો. જોકે, એન્જિન-૧માં રિકવરી શરૂ થઈ ગઈ હતી, પરંતુ એન્જિન-૨ને ફરીથી ચાલુ કરી શકાયું નહીં.

## AAIBનો પ્રાથમિક રિપોર્ટ કેવી રીતે લીક થયો?

એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ એએઆઈબીના પ્રાથમિક રિપોર્ટ મીડિયામાં લીક થયાનો પણ આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું હતું કે, એએઆઈબીનો પ્રારંભિક રિપોર્ટ કોઈપણ જવાબદાર અધિકારીની સહી અથવા માહિતી વિના મીડિયા સાથે શેર કરવામાં આવ્યો હતો. તપાસ સંપૂર્ણપણે ગુપ્ત રહી હતી. આનાથી વિશ્વસનીયતા પર અસર પડી હતી અને જનતા પણ આ રિપોર્ટથી સંપૂર્ણપણે સહમત નથી. આ ઉપરાંત યોગ્ય, અનુભવી કર્મચારીઓ, ખાસ કરીને લાઈન પાયલટ, હજુ પણ તપાસ ટીમમાં સામેલ નથી થઈ રહ્યા. એસોસિયેશને દાવો કર્યો છેકે, ૧૦મી જુલાઈના રોજ એક લેખમાં ફ્યુલ કંટ્રોલ સ્વિચમાં ખામીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે આટલી સંવેદનશીલ તપાસની માહિતી આંતરરાષ્ટ્રીય મીડિયામાં કેવી રીતે લીક થઈ.

## એન્જિન ૧ શરૂ થઈ રહ્યું હતું અને એન્જિન ૨ બંધ થયું

રિપોર્ટ અનુસાર એન્જિન ૧માં ફ્યુલ કટ ઓફ બાદ પણ પાયલટને રિકવરીની આશા હતી. તેની કોર સ્પીડ રોકાયા બાદ ફરી વધવા લાગી હતી, પરંતુ વિમાનને બચાવવા માટે તે પૂરતું નહતું. એન્જિન ૨ને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે સંપૂર્ણ રીતે સ્થિર ન થઈ શક્યું. વારંવાર ફ્યુલ નાંખવા છતાં વિમાનની સ્પીડ સતત ઘટતી ગઈ અને દુર્ઘટના ટાળવી અશક્ય થઈ ગઈ.

### ફ્લાઈટ રેકોર્ડરનું રેકોર્ડિંગ ક્યારે બંધ થયું?

બપોરે ૧ વાગ્યાને ૩૯ મિનિટ અને ૧૧ સેકન્ડ પર એન્જિન એરક્રાફ્ટ ફ્લાઈટ રેકોર્ડરનું રેકોર્ડિંગ બંધ થયું હતું. ત્યારે વિમાનનો છેલ્લો ટેકનિકલ ડેટા રેકોર્ડ થયો હતો.

## AAIBના રિપોર્ટમાં મહત્ત્વના ઘટસ્ફોટ

એએઆઈબીના રિપોર્ટ અનુસાર, પાયલટે મેડે કોલ આપ્યો હતો. જો કે, થોડી જ સેકન્ડો પહેલા જ વિમાનને બચાવવા માટે છેલ્લો પ્રયાસ કર્યો હતો. મેડે કોલના માત્ર ૧૩ સેકન્ડ પહેલા પાયલટે એન્જિન ફ્યુલ કંટ્રોલ સ્વિચને કટઓફથી રનમાં પરત ફેરવ્યું, જેનો અર્થ થાય છે કે, એન્જિન ફરીથી સ્ટાર્ટ કરવાની પ્રક્રિયા શરુ કરાઈ હતી. રિપોર્ટ અનુસાર ૧૨મી જૂને બપોરે ૧ વાગ્યાને ૩૮ મિનિટ અને ૫૨ સેકન્ડ પર ફ્યુઅલ સ્વિચ રન પર લાવવામાં આવી હતી. બપોરે ૧ વાગ્યાને ૩૮ મિનિટ અને ૫૪ સેકન્ડ પર ઓક્સિલરી પાવર યુનિટ ઈનલેટ દરવાજા ખુલવા લાગ્યા. જેનાથી એન્જિન શરુ થવાની પ્રક્રિયા એક્ટિવ થઈ હતી. બપોરે ૧ વાગ્યાને ૩૮ મિનિટ અને ૫૬ સેકન્ડ પર એન્જિન ૨ની સ્વિચ પણ રન કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન ફૂલ ઓથોરિટી ડિજિટલ એન્જિન કંટ્રોલ સિસ્ટમ આપમેળે ફ્યુલ અને ઈગ્નિશનનો કંટ્રોલ લઈ લે છે. બંને એન્જિનમાં એક્ઝોસ્ટ ગેસ ટેમ્પરેચરમાં તીવ્ર વધારો જોવા મળ્યો, જે રિલાઈટ થવાનો સંકેત આપે છે.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### રશિયાએ યુક્રેન પર 597 ડ્રોન અને 26 મિસાઈલ છોડી

કિવ : યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયાએ ગઈકાલે શુક્રવારે રાત્રે યુક્રેન પર ૫૯૭ ડ્રોન અને ૨૬ મિસાઈલ છોડી હુમલો કર્યો. આ હુમલો અત્યાર સુધીમાં રશિયાનો સૌથી મોટો હુમલો છે. ઝેલેન્સ્કી મુજબ, ડ્રોન હુમલામાં મોટાભાગે ઈરાનમાં બનાવેલા 'શાહેદ' ડ્રોન હતા. ઝેલેન્સ્કીએ દુનિયાને અપીલ કરી કે, 'આવા હુમલાઓને રોકવા માટે રશિયા પર કડક નિયંત્રણો લાદવામાં આવે. યુક્રેની વાયુસેનાએ જણાવ્યું કે, અમે ૩૧૯ ડ્રોન અને ૨૫ મિસાઈલોનો ખાતમો કર્યો છે. જોકે, વાયુસેના એ જણાવ્યું નથી કે આ પાંચેય જગ્યાએ કઈ છે. ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશોથી અપીલ કરી છે કે, હવે ફક્ત ચેતવણી ન આપે અને રશિયાને રોકવા માટે તાત્કાલિક અને કડક નિર્ણય લેવામાં આવે.

### તિરંગાના રાજકીય-ધાર્મિક ઉપયોગ પર રોક માટે સુપ્રીમમાં અરજી

નવી દિલ્હી : રાજકીય અને ધાર્મિક હેતુઓ માટે રાષ્ટ્રધ્વજ ત્રિરંગાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી એક મહત્વપૂર્ણ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નિર્દેશ આપવા માટે કહેવામાં આવ્યું છે કે કોઈપણ રાજકીય પક્ષ અથવા ધાર્મિક જૂથને પક્ષપાતી અથવા ધાર્મિક હેતુ માટે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાથી અટકાવવામાં આવે. આ અરજીમાં રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨ ની જોગવાઈઓનો કડક અમલ કરવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપવા વિનંતી પણ કરવામાં આવી હતી જેથી રાષ્ટ્રધ્વજનું સંપૂર્ણ સન્માન થાય.

### AI ક્ષેત્રે અમેરિકાને ડીપસિકની ચેલેન્જ પછી હવે વધુ એક આંચકો

# ચીને ઓપ્ટિકલ AI ચીપ લોન્ચ કરી કમ્પ્યૂટિંગની દુનિયા બદલી નાખશે

### ચીપથી અલ્ટ્રા-ફાસ્ટ પ્રોસેસિંગ થશે અને એનર્જીનો પણ ખૂબ જ બચાવ થશે

શાંઘાઈ,તા.૧૨

ચીન દ્વારા હાલમાં જ ક્રાંતિકારી શોધ કરવામાં આવી છે. ચીન દ્વારા બે ઓપ્ટિકલ AI ચીપ લોન્ચ કરવામાં આવી છે. એકનું નામ મીટીયોર-૧ અને બીજી ચીપનું નામ ટાઈચી-૨ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે ટ્રેન થાય છે, કેવી રીતે એને બનાવવામાં આવે છે અને કેવી રીતે કામ કરે છે, દરેક વસ્તુ હવે બદલાઈ જશે.

અત્યારે જે ચીપ આવે છે એ ઈલેક્ટ્રોનિક ચીપ છે અને એ ઈલેક્ટ્રોનની મદદથી કામ કરે છે. જોકે આ ઓપ્ટિકલ ચીપ ફોટોન પર કામ કરશે. એના કારણે અલ્ટ્રા-ફાસ્ટ પ્રોસેસિંગ થઈ શકશે અને એનર્જીનો પણ ખૂબ જ બચાવ થશે. ચીન દ્વારા ફોટોનિક કમ્પ્યૂટિંગ તરફ પ્રયાણ કરવામાં આવી રહ્યું છે ત્યારે ભારત માટે આ ખૂબ જ ચિંતાનો વિષય છે. ટેકનોલોજી, સ્ટ્રેટેજી, ઈકોનોમિક અને એજ્યુકેશનની દૃષ્ટીએ ભારત માટે હવે આ જાગવાનો સમય આવી ગયો છે.

આ ચીપ ઈલેક્ટ્રોનની જગ્યાએ ફોટોન એટલે કે લાઈટનો ઉપયોગ કરે છે. એનાથી એનર્જીનો ઉપયોગ ઓછો થશે અને ચીપનો વધુ ઉપયોગ થવાથી એ ગરમ પણ ઓછા થશે. મીટીયોર-૧ ૧૦૦થી વધુ લાઈટની વેવલેન્થનો ઉપયોગ કરે છે અને એને કારણે તે એક સાથે ઘણાં ડેટાને પ્રોસેસ કરી શકે છે. NVIDIAના લેટેસ્ટ GPU કરતાં પણ આ પ્રોસેસર વધુ સારું



પર્ફોર્મન્સ આપે છે.

ટાઈચી-૨ એના કરતાં વધુ એડવાન્સ છે. આ પહેલી સંપૂર્ણ ઓપ્ટિકલ AI ચીપ છે. ફાસ્ટ હોવાની સાથે એમાં ફૂલિ ફોરવર્ડ મોડ આપવામાં આવ્યો છે. આ એક નવું આર્કિટેક્ચર છે જેની મદદથી ચીપ જાતે શીખી શકે છે અને ડાયરેક્ટ ટ્રેનિંગ આપી શકાય છે. NVIDIAના H100 કરતાં ટાઈચી-૨ પર્ફોર્મન્સ પણ સારું આપે છે અને એનર્જીનો પણ ઓછો ઉપયોગ કરે છે.

ભારત હાલમાં ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ સિલિકોન આધારિત સેમિકન્ડક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યું છે. આ માટે ૭૬૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. એમાં ૨૮હહ્ઢ અને એનાથી વધુ નોડ્સના પ્રોસેસર બનાવવામાં આવશે. ભારત હજી ઈન્વેસ્ટમેન્ટ કરવાનું પ્લાનિંગ કરી રહ્યું છે ત્યારે ચીન ફોટોનિક કમ્પ્યૂટિંગ તરફ વળી રહ્યું છે. ભારતે પણ તેના ઈન્વેસ્ટમેન્ટને ઈલેક્ટ્રોનિક કે પછી ફોટોનિક ચીપમાં ઈન્વેસ્ટ કરવું એ નક્કી કરવું પડશે. અમેરિકાએ ચીન પર પ્રતિબંધ લગાવ્યો ત્યારે ચીન દ્વારા ખરેખર આત્મનિર્ભર બનવા માટે આ નવી શોધ કરવામાં આવી છે. ભારત હજી પણ ટેકનોલોજીમાં પાછળ છે. આથી ભારતે પણ ખરેખર આત્મનિર્ભર બનવા માટે ચીનની જેમ રિસર્ચ કરી પોતાની નવી ચીપ તૈયાર કરવી જોઈએ જેથી અમેરિકા પર નિર્ભર ન રહેવું પડે.

ઈલેક્ટ્રોનિક ચીપ કરતાં ઓપ્ટિકલ ચીપ ડ્રોન માટે ખૂબ જ ઉત્તમ છે. બેટલફિલ્ડ AIને સિક્યોર રાખવા માટે અને રિયલ-લાઈફ ન્યુરલ નેટવર્ક ઈન્ટરફેરન્સ માટે પણ આ ચીપનો ઉપયોગ કરી શકાય છે. આ ચીપ ભારતની ડિફેન્સ સિસ્ટમ અને એરોસ્પેસ સેક્ટર માટે આશાની નવી કિરણ બની શકે છે. ફોટોનિક ચીપ પોતાની બનાવી શકવામાં જો ભારત સફળ રહે તો તેમણે વિદેશી ડિફેન્સ સિસ્ટમ ટેકનોલોજી પર નિર્ભર રહેવાની જરૂર નહીં પડે. ચીનની નવી ટેકનોલોજી ફક્ત ભારત માટે જ ચેલેન્જ નથી. અન્ય દેશો માટે પણ ખૂબ જ મોટી ચેલેન્જ છે,ખાસ કરીને અમેરિકા માટે. આથી ભારત હવે અમેરિકા, જપાન અને યુરોપના દેશો સાથે ચીપને લઈને ખૂબ જ સારી ડીલ કરી શકે છે. ભારતમાં સોફ્ટવેર ટેલેન્ટ છે અને હવે હાર્ડવેરમાં પણ હાથ અજમાવવાનો સમય આવી ગયો છે. ભારત માટે આ જાગવાનો સમય છે કે તેમણે તેમના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટનું ઈન્વેસ્ટમેન્ટ દેશને કઈ દિશામાં લઈ જવું છે, એના આધારે કરવું.

### નાણાકીય વર્ષ ૨૦૨૭ સુધી પગાર પંચની ભલામણો લાગુ થવાની શક્યતા

# સરકારી કર્મચારીઓને ૮મા પગાર પંચમાં ચાંદી, ૩૦% વધારાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૨

દેશભરમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો ૮મા પગાર પંચની જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આશા છે કે, હવે ટૂંક સમયમાં કમિશન રચાશે, જેનો લગભગ ૧.૧ કરોડ લાભાર્થીઓને લાભ મળશે. સરકારી રિપોર્ટ પ્રમાણે ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષ (૨૦૨૭)સુધી ૮મા પગાર પંચની ભલામણો લાગુ કરી શકાય છે. તેનો ઉદ્દેશ્ય માત્ર કર્મચારીઓની આવક વધારવાનો જ નહીં પરંતુ, વપરાશમાં વૃદ્ધિ કરીને અર્થતંત્રને વેગ આપવાનો પણ છે. Ambit Institutional Equitiesના એક રિપોર્ટ મુજબ ૮મા પગાર પંચની ભલામણો લાગુ થવાથી કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના પગાર અને પેન્શનમાં ૩૦% થી ૩૪% સુધીનો વધારો થઈ શકે છે.

આ સંભવિત વધારો લગભગ ૪૪ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૮ લાખ પેન્શનરોને લાભ મળશે. એટલે કે કુલ લગભગ ૧.૧૨ કરોડ લાભાર્થીઓને ફાયદો થશે. જોકે, આ પગાર અને પેન્શન વધારાને લાગુ કરવા માટે કેન્દ્ર સરકારને લગભગ રૂા.૧.૮ લાખ કરોડનો વધારાનો નાણાકીય બોજ સહન કરવો પડશે. જે સરકારના કુલ નાણાકીય ખર્ચ પર નોંધપાત્ર અસર કરી શકે છે.




### ૮મું પગાર પંચ: કેવી રીતે નક્કી થશે પગાર?

સરકારી કર્મચારીઓનો પગાર મુખ્ય ચાર ભાગમાં વહેંચાય છે.

૧. બેઝિક પગાર : આ પગારનો મુળ ભાગ હોય છે, જે કર્મચારીની સીનિયોરિટી અને ગ્રેડ પર આધારિત હોય છે.
૨. મોંઘવારી ભથ્થું : આ મોંઘવારીની ભરપાઈ કરવા માટે આપવામાં આવે છે. અને હાલમાં તે ૫૦% સુધી થઈ ગયું છે.
૩. મકાન ભાડું : શહેરની શ્રેણી પ્રમાણે આ અલગ અલગ હોય છે.
૪. ટ્રાન્સપોર્ટ એલાઉન્સ : કર્મચારીઓને પ્રવાસમાં થનારા ખર્ચ માટે અમુક ફિક્સ રકમ આપવામાં આવે છે.

| સેલરી સ્ટ્રક્ચર | | | | |
|---|---|---|---|---|
| | બેઝિકપગાર | ૫૧.૫% | મકાનભાડું | ૧૫.૪% |
| | મોંઘવારીભથ્થું | ૩૦.૯% | ટ્રાન્સપોર્ટ એલાઉન્સ | ૨.૨% |

### ફિટમેન્ટ ફેક્ટર અને DA પર અસર

૭માં પગાર પંચ મુજબ ફિટમેન્ટ ફેક્ટર ૨.૫૭ નક્કી કરવામાં આવ્યું હતું, જેના પરિણામે લઘુત્તમ મૂળ પગાર રૂા.૧૮,૦૦૦ થયો હતો. જોકે, કમિશનની ભલામણો લાગુ થતાંની સાથે જ મોંઘવારી ભથ્થું ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યું હતું, કારણ કે એ સમયે ઉપભોક્તા મૂળ સુચકાંકને ફરીથી સેટ કરવામાં આવ્યો હતો. જેના કારણે કુલ પગારમાં વાસ્તવિક વધારો માત્ર ૧૪.૩ ટકા સુધી સીમિત રહ્યો. કારણ કે વધારો માત્ર મૂળ વેતન પર જ આધારિત હતો. એજ પ્રમાણે ૮માં પગાર પંચ લાગુ થયા પછી ડીએ ને ફરી ૦ શૂન્ય કરવામાં આવી શકે છે.

### સાંસદોની સહી લેવામાં આવી, ૨૧ જુલાઈથી સત્ર

## જસ્ટિસ વર્માને હટાવવાની તૈયારીઓ શરૂ : લોકસભામાં પ્રસ્તાવ આવશે

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માને હટાવવા માટે સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ માટે લોકસભા સાંસદોના હસ્તાક્ષર એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ઘણા સાંસદોના હસ્તાક્ષર પહેલાથી જ લેવામાં આવ્યા છે. આ સૂચવે છે કે આ પ્રસ્તાવ લોકસભામાં લાવી શકાય છે. લોકસભામાં મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે ઓછામાં ઓછા ૧૦૦ સાંસદોના હસ્તાક્ષર જરૂરી છે. જ્યારે રાજ્યસભામાં આ સંખ્યા ૫૦ સાંસદોની છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પહેલાથી જ કહ્યું છે કે જસ્ટિસ વર્માને હટાવવાનો પ્રસ્તાવ ૨૧ જુલાઈથી શરૂ થતાં ચોમાસુ સત્રમાં લવાશે. ૧૪ માર્ચની રાત્રે લુટિયન્સ દિલ્હીમાં જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોર રૂમમાં આગ લાગી હતી. અહીંથી બળી ગયેલી ૫૦૦ રૂપિયાની નોટોના બંડલો ભરેલી બોરીઓ મળી આવી હતી. જસ્ટિસ વર્મા હાલમાં અલ્હાબાદ હાઈકોર્ટના જજ છે. તેમની દિલ્હી હાઈકોર્ટમાંથી બદલી કરવામાં આવી હતી. તેમને કોઈપણ ન્યાયિક કાર્ય સોંપવામાં આવવાથી પ્રતિબંધિત છે. કેસની તપાસ કરી રહેલી સુપ્રીમ કોર્ટની પેનલનો રિપોર્ટ ૧૯ જૂને બહાર પાડવામાં આવ્યો હતો. ૬૪ પાનાના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જસ્ટિસ વર્મા અને પરિવારના સભ્યોનો સ્ટોર રૂમ પર ગુપ્ત અથવા સક્રિય નિયંત્રણ હતું.

### આરોપી અને પીડિતા એકબીજાને પહેલાથી ઓળખતા હતા

# IIM કોલકાતાની બોયઝ હોસ્ટેલમાં સહાધ્યાયી સાથે દુષ્કર્મની ઘટના : આરોપી વિદ્યાર્થીની ધરપકડ

### બેંગલુરુના રહેવાસી આરોપી પરમાનંદ ટોપ્પનવર સંસ્થાના બીજા વર્ષનો વિદ્યાર્થી

કોલકાતા, તા.૧૨

કોલકાતામાં તાજેતરમાં જ લૉ કોલેજમાં દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો. એવામાં હવે ફરી શુક્રવારે રાત્રે કોલકાતામાં સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) કેમ્પસની બોયઝ હોસ્ટેલમાં તેના સહાધ્યાયી દ્વારા પીડિતા સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. તેણે મોડી સાંજે હરિદેવપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિદ્યાર્થીની ધરપકડ કરી છે અને સમગ્ર કેસની તપાસ ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બેંગલુરુના રહેવાસી આરોપી પરમાનંદ ટોપ્પનવર સંસ્થાના બીજા વર્ષનો વિદ્યાર્થી છે. આરોપી અને પીડિતા એકબીજાને પહેલાથી ઓળખતા હતા. બંનેની પહેલી મુલાકાત ઓનલાઈન થઈ હતી, જે બાદમાં અભ્યાસ અને કારકિર્દીના કારણે બંને વચ્ચે વાતચીત શરુ થતી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતાએ કહ્યું હતું કે, આરોપી મને કોઈ બહાને બોયઝ હોસ્ટેલમાં લઈ ગયો, જ્યાં તેણે મને પીઝા અને કોલ્ડ્રીંક આપ્યું. કોલ્ડ્રીંક પીધા પછી મને ચક્કર આવવા લાગ્યા અને હું અસ્થિર થઈ ગઈ. ત્યારબાદ મેં વોશરૂમ જવા માટે કહ્યું ત્યારે આરોપીએ મારી સાથે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો જેનો વિરોધ કરતા મેં તેને થપ્પડ મારી જેથી આરોપી હિંસક બની ગયો અને મને માર માર્યો અને મારી સાથે દુષ્કર્મ કર્યું. પીડિતાએ પોલીસને જણાવ્યું કે, હું થોડા સમય માટે અર્ધબેભાન અવસ્થામાં હતી અને પછી બેભાન થઈ ગઈ. સાંજે જ્યારે મને ભાન આવ્યું, ત્યારે હું હોસ્ટેલરૂમમાં એકલી હતી. ત્યારબાદ મેં એક મિત્રનો સંપર્ક કર્યો અને કોઈક રીતે સંસ્થામાંથી બહાર નીકળીને પોલીસ સ્ટેશન પહોંચી. પીડિતાએ પહેલા ઠાકુરપુકુર પોલીસ સ્ટેશન અને પછી હરિદેવપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ISIના ૯ એજન્ટ ઠાર, બલોચ બળવાખોરોનો દાવો

## BAAM ઓપરેશનમાં ૫૦ પાકિસ્તાની સૈનિકોનાં મોત

બલુચિસ્તાન, તા.૧૨

પાકિસ્તાની સેના વિરુદ્ધ બલૂચ બળવાખોર જૂથ બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટે (BLF) Operation BAAM હાથ ધાર્યું હતું. આ ૩ દિવસનું ઓપરેશન હવે પૂરું થયું છે. જેમાં છેલ્લા ૪ દિવસમાં, બલુચિસ્તાન અને પાકિસ્તાનના અન્ય પ્રાંતોમાં હુમલા કરવામાં આવ્યા છે. બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટે આ બધા હુમલાઓની જવાબદારી લીધી છે. તેને ઓપરેશન BAAMનો એક ભાગ ગણાવવામાં આવ્યો છે. BLF એ ૮ જુલાઈએ આ ઓપરેશન શરુ કર્યાની જાહેરાત કરી હતી ત્યારથી સતત હુમલા થઈ રહ્યા હતા.

BLF એ દાવો કર્યો છે કે ૯ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી તેણે પાકિસ્તાની સેનાના ૭૦ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. જેમાં પાકિસ્તાની સેનાના ઓછામાં ઓછા ૫૦ સૈનિકો માર્યા ગયા અને ૫૧થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમજ BLF એ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ મિલિટરી ઈન્ટેલિજન્સ (MI) અને ISI ના ૯ એજન્ટને મારી નાખ્યા હતા.

BLF એ દાવો કર્યો છે કે ઓપરેશન BAAM દરમિયાન બલૂચ લડવૈયાઓએ ૭ મોબાઈલ ટાવર અને તેમની મશીનરીને આગ ચાંપી દીધી હતી અને પાકિસ્તાની સેનાની પ્રવૃત્તિઓને રોકવા માટે ૨૨ સ્થળોએ કામચલાઉ ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવી હતી.

### માથાભારે વ્યાજખોરની ધમકી, નાણાં નહીં મળે તો પુત્રને ઉઠાવી જઈશ

# શહેરમાં વ્યાજખોરોએ ફરી માથું ઊંચક્યું

## ૪ લાખની સામે ૯ લાખથી વધુ ચૂકવી દીધા છતાં વ્યાજખોરોની વધુ નાણાં માટે ધમકી : માંજલપુર-મકરપુરામાં ફરિયાદ

વડોદરા, તા. ૧૨

શહેરના માણેજા વિસ્તારમાં રહેતા ઓટોરિક્ષા ચાલકને ૨૦ ટકા વ્યાજે નાણાં ઉધાર આપીને ૫૦ હજારની સામે ૧.૩૯ લાખ પડાવ્યા બાદ પણ વધુ નાણાં માટે સિક્યુરીટી પેટે આપેલો ચેક બેંકમાં જમા કરાવનાર વ્યાજખોર સામે મકરપુરા પોલીસે તેમજ માંજલપુરના આધેડને વ્યાજે આપેલા ૪ લાખની સામે ૮ લાખથી વધુ નાણાં પડાવવા છતાં પેનલ્ટી અને વ્યાજના ૮ લાખ રૂપિયાની માગણી કરી ધમકી આપતા બે માથાભારે વ્યાજખોરો સામે માંજલપુર પોલીસે ગુનો નોંધ્યો હતો.

માણેજાના શ્રીજી ટેનામેન્ટમાં રહેતાં રિક્ષાચાલક પ્રભાતભાઈ પઢિયારે તેમના ભાઈની જીવલેણ બિમારીની સારવાર માટે ભાવેશ રતિલાલ ઠાકોર (ગાયત્રીનગર, જાંબુવા) પાસેથી ૫૦ હજાર વ્યાજે લીધા હતા જેમાં ભાવેશ ઠાકોરે ૨૦ ટકા વ્યાજ ગણી તેમની પાસેથી ગત એપ્રિલ-૨૦૨૪થી ૧૨-૬-૨૫ સુધીમાં કુલ ૨૩૪ ટ્રાન્જેકશન મારફત કુલ ૧,૩૯,૧૫૦ રૂપિયા વસુલ કર્યા હતા. જોકે વ્યાજ સાથે નાણાં વસુલ કરવા છતાં ભાવેશે વધુ વ્યાજના નાણાંની ઉઘરાણી ચાલુ રાખી હતી અને ઘરે જઈ એવી ધમકી આપી હતી કે મારી પોલીસ સાથે ઓળખાણ છે, મારુ કશું નહી થાય. તેણે પ્રભાતભાઈ પાસેથી સિક્યુરીટી પેટે લીધેલા ચેકનો દુરુપયોગ કરી તેમાં ૯૦ હજારની રકમ ભરી તે બેંકમાં ભરી ચેક બાઉન્સ કરાવ્યો હતો અને ત્યારબાર નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કોર્ટ ફરિયાદ કરી હતી. ફરિયાદના પગલે મકરપુરા પોલીસે વ્યાજખોર ભાવેશ ઠાકોર સામે ગુનો નોંધ્યો હતો.

જયારે બીજા બનાવમાં માંજલપુર મારુતીધામ હા.સો. માં રહેતા અશોકકુમાર ગજ્જરે ગત ૨૦૧૯માં મીતેષ કનુભાઈ પટેલ (ઉમાનગર, ડભોઈરોડ) પાસેથી ૩ ટકા વ્યાજે ચાર લાખ લીધા હતા અને તેની સામે પેનલ્ટી સહિત ૯.૦૮ લાખથી વધુ ચુકવી દીધા છે છતાં પણ વ્યાજખોર મિતેષ તેમની પાસે વધુ ૮ લાખની માગણી કરી તેમને મારી નાખવાની ધમકી આપી હતી અને બે કોરા ચેક સહિ કરાવી લઈ લીધા હતા. જયારે અશોકકુમારે અન્ય વ્યાજખોર હરેશ ભવાન ભરવાડ (ભરવાડ વાસ, વાઘોડિયા-ડભોઈરીંગ રોડ) પાસેથી પણ ટકા વ્યાજે ૬.૭૦ લાખ લઈ તેની સામે ૯ લાખથી વધુ ચુકવી દીધા છે. જોકે તેમ છતાં હરેશ ભરવાડે પેનલ્ટી અને વ્યાજના વધુ ૬ લાખની ઉઘરાણી કરી માનસિક ત્રાસ આપી રહ્યો છે. માથાભારે હરેશે તેમના ઘરે આવી અપશબ્દો બોલીને તેમનું મકાન વેચાવી દેવાની તેમજ તેમના પુત્રને ઉઠાવી દેવાની ધમકી આપતા આ ધમકીથી ફફડી ઉઠેલાં અશોકકુમારે બંને વ્યાજખોર મિતેષ પટેલ અને હરેશ ભરવાડ વિરુધ્ધ માંજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં વડોદરા પોલીસે વ્યાજખોરોના વિરુધ્ધમાં રીતસરની ઝુંબેશ ચલાવી હતી અને અનેક વ્યાજખોરોને પકડીને જેલના હવાલે પણ કર્યા હતા. કેટલાકને તો પાસા હેઠળ જેલમાં ધકેલી દીધા હતા.

પણ થોડા સમય પછી બધુ રાબેતામુજબ શરૂ થઈ ગયુ હતુ. હાલમાં વડોદરા શહેરમાં વ્યાજખોરો ફરીથી માથુ ઉંચકી રહ્યા છે. શહેરના જુદાજુદા વિસ્તારોમાં વ્યાજખોરોનો રીતસરનો આંતક છે. નાના વેપારીઓ પાસેથી મોટું વ્યાજ વસુતલતા વ્યાજખોરો સામે ફરી એકવાર પોલીસની ઝૂંબેશની જરૂર છે. જો, વ્યાજખોરો સામે પોલીસ સમયસર પગલા નહીં લે તો કોઈ નાના વેપારીને આપઘાત કરવાનો વારો આવશે.

### કૂવામાં ખાબકેલા મગરને રેસ્ક્યૂ કરાયો



તરસાલી રોડ પર વડદલા ગામમાં નિલેશ ઠાકોરના ખેતરમાં બનાવેલા કૂવામાં આશરે છ ફૂટ લાંબો મગર પડી ગયો હતો. આ બનાવની ખેતરમાલિકે જાણ કરતાં જ પ્રાણેન ફાઉન્ડેશન અને સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના કાર્યકરોએ ભેગા મળીને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સાથે રાખી મગરનું રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરી હતી. એક કાર્યકરે જીવના જોખમે કૂવામાં ઉતરીને મગરને દોરડા વડે બાંધ્યા બાદ ભારે જહેમત બાદ મગરને સફળતાપૂર્વક કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો જેને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવ્યો હતો.

### શહેર સ્વચ્છ અને સુંદર કેવી રીતે થશે? જાગૃત નાગરિકે વીડિયો બનાવ્યો

# પાલિકાના કચરો ભરીને જતાં ડમ્પરો જ રસ્તા પર કચરો ઠાલવતાં પસાર થાય છે!

## રસ્તા પર ડમ્પરોમાંથી કચરો પડવો રોજનું થયું છે : દંડ કોણ કરશે?



વડોદરા, તા. ૧૨

પાલિકા તંત્ર દ્વારા નિયમિત સફાઈની કામગીરી તેમજ ડોર-ટુ-ડોર કચરા કલેક્શન તેમજ શહેરના વિવિધ વિસ્તારો માંથી એકત્ર કરેલો કચરો ડમ્પરોમાં ભરીને કચરાને લેન્ડફીલ સાઈટ ઉપર લઈ જઈ તેનો નિકાલ કરે છે. પરંતુ જે રસ્તે થી કચરો ભરીને ડમ્પરો પસાર થાય છે. તે રસ્તા ઉપર આ ડમ્પરો કચરો ઠાલવતા પસાર થાય છે. જેના કારણે વાહન ચાલકો ની સાથે રસ્તા ઉપર દુર્ગંધ મારતા કચરાને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક જાગૃત નાગરિક દ્વારા રસ્તા ઉપર કચરો ઠાલવતાં પસાર થઈ રહેલા ડમ્પરનો વિડિયો ઉતારી પ્રશાસનને અભિનંદન આપ્યા હતા. વડોદરા સ્વચ્છ અને સુંદર કેવી રીતે બનશે? તેનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતુ. ડમ્પર માં ફુલ ભરી કલાદર્શન ચાર રસ્તાથી ડી માર્ટ, સોમાતળાવથી કપુરાઈ સુધી પસાર થઈ રહેલું ડમ્પર રસ્તા ઉપર ઢેર ઢેર કચરો નાંખતું પસાર થઈ રહ્યું હતુ. ડમ્પરમાંથી કચરો નિચે પડ્યાં કરતો હતો. અને ડમ્પર આગળ વધતું હતુ. એવી વિશેષ પદ્ધતિ નો વિડિયો એક જાગૃત નાગરિક દ્વારા પ્રશાસન ની અભિનંદન આપતો વિડિયો બનાવ્યો હતો. આમ તો જાહેરમાં કચરો નાંખનાર સામે પાલિકા તંત્ર દ્વારા દંડનિય કાર્યવાહી કરવામાં આવે છે.અને તે પાલિકાની કાર્યવાહી યોગ્ય પણ છે. પરંતુ પાલિકાના કચરો ભરીને જતાં ડમ્પરોજ રસ્તા ઉપર કચરો ઠાલવતા પસાર થાય તો તેને દંડ કોણ ફટકારશે? આવીજ કાંઈ સ્થિતી લગભગ દરરોજ વિશ્વામિત્રી રોડ, મુજમહુડા રોડ પર પણ જોવા મળે છે.

### આઠમાંથી એકપણ અધિકારી નોકરી પર નથી

# કરજણના મનરેગાના કૌભાંડમાં તમામ આરોપીઓ નિવૃત્ત થઈ ગયા છે

વડોદરા, તા.૧૨

કરજણ તાલુકામાં મનરેગાના ૨.૭૨ કરોડના કૌભાંડમાં આઠ અધિકારીઓ સામે ફરિયાદ થતાં ખળભળાટ મચી ગયો છે.નુકસાન પહોંચાડનાર તત્કાલીન ૮ અધિકારી સામે ટીડીઓ દ્વારા ફરિયાદ નોંધાવાઇ છે.સિરાજ મન્સુરી (તત્કાલીન ટેકનિકલ આસિ.), એ.એ.માણકી (તત્કાલીન ટેક.આસિ.), જીતેન્દ્ર પરમાર (તત્કાલીન એપીઓ), ધર્મેશ ઘેલાણી (તત્કાલીન એપીઓ), પી. ડી.સેનમા(તત્કાલીન ટીડીઓ), એસ એન ગાવીત (તત્કાલીન ટી ડીઓ), કે. એચ. શાહ (તત્કાલીન ટીડીઓ) અને ઉજ્જવલ પટેલ (એએસએમ કંપની એન્ડ સીએ પ્રોઓડિટર) એએકબીજાની મદદગારીથી આર્થિક લાભ મેળવવાના આશયથી સરકારના જાહેર થયેલ ટેન્ડર પ્રક્રિયાની એસઓપી મુજબની શરતોનો ભંગ કરી સરકાર સામે ગુનાહિત વિશ્વાસઘાત કરી રૂ.૨.૭૨,૯૮,૫૪૦ ની રકમ ધનંજય કન્ટ્રક્શન કંપનીને મટિરિયલના વધારે ચૂકવી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું હતું.

કરજણ તા.પં.માં ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન તાલુકાના ગામોમાં મનરેગા યોજના અંતર્ગત ટેન્ડર પ્રક્રિયાની એસઓપી મુજબની શરતોનું ઉલ્લંઘન કરીને વિશ્વાસઘાત કરી રૂ.૨.૭૨ કરોડની રકમ ધનંજય કન્સ્ટ્રક્શન કંપનીને વધારે ચૂકવી, સરકારી તિજોરીને કરજણ તાલુકા પંચાયત હસ્તકના ગામડાઓમાં તા.૨૯ નવે.૨૦૨૧ થી ૨૯ નવે.૨૦૨૨ દરમિયાન મનરેગા યોજના હેઠળ થયેલ કામોમાં ગેરરીતિ અન્વયે કરજણ તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓએ કૌભાંડ કર્યું હતું.

### વેપારી પાસે ત્રણ લાખની લાંચ માગવાના ગુનામાં

# કૉર્પોરેશનના નાયબ કાર્યપાલક ઈજનેરને આગોતરા જામીન નહીં આપવા સોગંદનામું

## મારે સારો અભિપ્રાય આપી ફાઈલ આગળ મોકલવાની છે તેમ કહી લાંચ માગી હતી

વડોદરા, તા. ૧૨

વેપારી પાસે ત્રણ લાખની લાંચ માંગવાના સાત વર્ષ જૂના બનાવમાં સંડોવાયેલા કોર્પોરેશનના નાયબ કાર્યપાલક ઈજનેરે અત્રેની અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી જેની સામે એસીબીના પીઆઈએ સોગંદનામું કર્યા બાદ મુખ્ય સરકારી વકીલની દલીલો પૂરી થતાં અરજીને ચુકાદા પર મુલત્વી રાખવામાં આવી હતી. ગત ૨૦૧૮માં વડોદરા મહાનગર પાલીકા દ્વારા આજવારોડ બેલેન્સીંગ રીઝર્વોયરનું ઓપરેશન અને મેન્ટનન્સનું ત્રણ વર્ષના કામ માટે આશરે ૬૦ લાખ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું જેમાં લોએસ્ટ હોવા છતાં ઈજારેદારને કોર્પોરેશનના તે સમયના નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨ કૌશિક શાંતિલાલ પરમારે (ટ્રીમ આઈકોનીયા, માંજલપુર) વેપારીનો સંપર્ક કરીને તમારા ટેન્ડરની ફાઈલ મારે સારા અભિપ્રાય આપી આગળ મોકલવાની છે તેમ કહી ત્રણ લાખની લાંચ માગી હતી જેથી વેપારીએ દોઢ લાખ આપ્યા હતા. ત્યારબાદ બાકીના દોઢ લાખ આપી દો તો કામ નહી થતાં વેપારીએ કૌશિક પરમારનો સંપર્ક કર્યો હતો જેમાં તેણે બાકીના દોઢ લાખ આપી દો તેમ જણાવ્યું હતું જે વાતચિતનું વેપારીએ રેકોર્ડિંગ કર્યું હતું અને તેની શહેર એસીબી કચેરીમાં તા. ૨૦/૧૧/૨૦૧૮ના રોજ ફરીયાદ કરી હતી. બીજા દિવસે એસીબીએ છટકું ગોઠવ્યું હતું જે નિષ્ફળ રહ્યું હતું પરંતુ એસીબીએ વેપારી અને કૌશિક પરમાર વચ્ચે થયેલી વાતચિતનું રેકોર્ડિંગ ગાંધીનગર એફએસએલમાં મોકલ્યું હતું જેમાં 'નો ટેમ્પરીંગ' સર્ટીફિકેટ મળતાં કૌશિક પરમાર સામે એસીબીએ ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં ધરપકડ ટાળવા કૌશિક પરમારે અત્રેની અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી જેમાં નર્મદા એસીબીના પીઆઈ ડી ડી વસાવાએ સોગંદનામું કરી આરોપીને આગોતરા જામીન પર મુક્ત નહી કરવા એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. આ ઉપરાંત મુખ્ય સરકારી વકીલ અનિલ દેસાઈએ પણ આ જામીન અરજી નામંજૂર કરવા માટે દલીલો કરી હતી જેને હાલમાં ચુકાદા પર મુલત્વી રાખવામાં આવી હતી.

### પતિ અને પત્ની વચ્ચે નાની-નાની બાબતે દરરોજ ઝઘડા થતા હતા

# ભરૂચ તાલુકાના વાલિયા ગામે ઘરકંકાસથી કંટાળેલા પતિએ પત્નીની કરપીણ હત્યા કરી

## પત્નીના મૃતદેહને ચાદરમાં લપેટી કારમાં મૂકી કોંઢ ગામના નાળા નીચે ફેંકી દીધી હતી

અંકલેશ્વર, તા. ૧૨

પતી પત્ની વચ્ચે દરરોજ થતા ઘરકંકાસનો કરુણ અંજામ આવ્યો છે. ભરૂચના વાલિયા ગામે પતિએ પત્નીની ઘાતકી હત્યા કરીને મૃતદેહને ઘરથી ૮ કી.મી દૂર નાળામાં ફેંકી દીધો હોવાનો ઘટસ્ફોટ થયો છે. બનાવમાં વાલિયાના હત્યાકેસમાં આરોપી અને મૃતક મહિલા એક મેટ્રિમોનિયલ સાઈટ પરથી મળ્યાં હતાં અને પાંચ વર્ષ પહેલાં લગ્નબંધનમાં બંધાયાં હતાં. બંનેની જીવનસફરમાં સાથીદાર બનવાનો ઈરાદો આજે કરુણ ઈતિહાસ બની ગયો છે. મૃતક મહિલાનો લોહીલુહાણ થયેલો મૃતદેહ નાળામાંથી મળે છે અને ગણતરીના કલાકોમાં ખુલાસો થાય છે કે હત્યારો કોઈ અજાણ્યો નહી, પણ પતિ પોતે છે.

આ સમગ્ર મામલે ઝઘડિયા ડીવાયએસપી અજયકુમાર મીણાએ જણાવ્યું હતું કે રાજેન્દ્ર શ્રીવાસ્તવએ રુચિ સાથે બીજા લગ્ન કર્યા હતા. તેઓ બંને એક મેટ્રિમોનિયલ સાઈટ પર મળ્યાં બાદ તેમણે લગ્ન કર્યાં હતાં. તેમના લગ્ન કર્યાને પાંચ વર્ષ જેટલો સમય થયો હતો. બંનેને એક ચાર વર્ષનો પુત્ર પણ છે. વાલિયા તાલુકામાં ૧૦ જુલાઈના રોજ વાલિયા પોલીસ મથકના વિસ્તારમાં આવેલા કોંઢ અને દોડવાડા ગામના વચ્ચે રોડ પર આવેલા નાળાની અંદર, ચાદર અને બ્લેકેટમાં વીંટાળી એક અજાણી મહિલાનો ગળું કાપી હત્યા કરેલો મૃતદેહ મળતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે ઝઘડિયા ડીવાયએસપી અજયકુમાર મીણાના માર્ગદર્શન મુજબ વાલિયા પીઆઈ એમ.બી.તોમર અને નઝમ્ના જવાનો સાથે વિવિધ ટીમો બનાવવામાં આવી હતી. ગુના સ્થળ પરથી લોહી લાગેલાં કપડાં તેમજ મૃતકનો ફોટો સ્થાનિક વ્હોટ્સએપ ગ્રુપમાં ફેલાવાતાં માહિતી મળી કે મૃતક મહિલા અંકલેશ્વર જૈડ્ઝ વિસ્તારની રહેવાસી હતી. અંકલેશ્વર જૈડ્ઝ પોલીસના આર.એચ. વાળાની ટીમે મૃતકના રહેઠાણે તપાસ કરી હતી. એ સમયે જાણવા મળ્યું હતું કે મૃતક મહિલા નિયમ ચોકડી પાસેની શિવકૃપા બંગલોઝમાં રહે છે. પોલીસે એ સ્થળે તપાસ કરતાં ત્યાં રાજેન્દ્ર રામચંદ્ર શ્રીવાસ્તવ મળ્યો હતો. તેને આ મહિલા વિશે પૂછપરછ કરતાં તે તેની પત્ની રુચિ હોવાનું જણાવ્યું હતું. રાજેન્દ્રની વધુ કડક પૂછપરછ કરતાં તે ભાંગી પડ્યો હતો અને જણાવ્યું હતું કે ઘરમાં તેની પત્ની રુચિ સાથે રોજની કોઈ ને કોઈ બાબતથી થતી ઘરકંકાસથી કંટાળી આવેશમાં આવી તેણે ૯મી જુલાઈના રાત્રિના માતાજીની પૂજા કરવાની કરતાલ વડે ગળાના ભાગે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યાર બાદ રાત્રિના મૃતદેહને ચાદરમાં લપેટી કારમાં મૂકી કોંઢ ગામના નાળા નીચે ફેંકી ઘરે આવી ગયો હોવાની કબૂલાત કરી હતી. કોંઢ ગામના નાળા નીચે ફેંક્યાની કબૂલાત બાદ આ મામલે હાલમાં તો આરોપી રાજેન્દ્ર શ્રીવાસ્તવની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે હત્યા કરાયેલી કરતાલ અને મૃતદેહ ફેંકવા માટે ઉપયોગમાં લીધેલું વાહન જમ કરવાની તજવીજ હાથ ધરી છે.

### ઝઘડાની અદાવતમાં રાત્રે હત્યાનો પ્રયાસ કરાયેલો

# મંગળબજારમાં યુવક પર ચાકૂથી હુમલો કરનારના જામીન નામંજૂર

## કિશનવાડીમાં રહેતા યુવકે મેં બે મર્ડર કર્યા છે તેમ કહી હુમલો કર્યો હતો



વડોદરા, તા. ૧૨

શહેરના મંગળબજાર વિસ્તારમાં ઝઘડાની અદાવતમાં દુકાનમાં કામ કરતાં કર્મચારીઓ વચ્ચે થયેલી તકરારમાં ચાકુથી હુમલો કરીને હત્યાનો પ્રયાસ કરનાર માથાભારે યુવકની જામીન અરજી કોર્ટે નામંજુર કરી હતી.

શહેરના યાકુતપુરા વિસ્તારમાં ચુડીવાલા ગલીમાં રહેતો અને મંગળબજારમાં મુન્શીના ખાંચામાં આવેલી દુકાનમાં ફરજ બજાવતા મોહંમદઆરીફ શેખ ગત ૧લી જુનના રાત્રે દુકાન બંધ કરીને તેના શેઠની રાહ જોતો એક્ટિવા પર બેઠો હતો તે સમયે તેની બાજુની દુકાનમાં નોકરી કરતો શિવા રાજુભાઈ મેવોફરોસ (વુડાના મકાનમાં, કિશનવાડી) તેની તરફ ધસી ગયો હતો. શિવાએ અગાઉ થયેલા બોલાચાલીની અદાવત રાખી મોહંમદઆરીફને જણાવ્યું હતું કે હું ડોન છું, મે બે મર્ડર કર્યા છે અને તેને જાનથી મારી નાખીશ. બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા શિવાએ તેના કમરના ભાગે છુપાવેલું ચાકુ કાઢી મોહંમદઆરીફના પેટ અને કમરના ભાગે ઘા ઝીંકી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવના પગલે સ્થાનિક દુકાનદારો સહિતનું ટોળું ભેગું થતાં શિવા ત્યાંથી ફરાર થયોહતો. આ બનાવની ઈજાગ્રસ્ત યુવકના ભાઈની ફરિયાદના પગલે સિટી પોલીસે શિવા વિરુધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. હાલમાં જેલમાં કેદ શિવાએ જેલમાંથી મુક્ત થવા માટે જામીન અરજી કરી હતી જેને નામંજુર કરવાનો આદેશ થયો હતો.

### કરચિયામાં નજીવી બાબતે પાડોશીનો હુમલો

# માનસિક અસ્વસ્થ પુત્રને સમજાવી રહેલા પિતાના માથામાં લાકડી મારી ગંભીર ઈજા

વડોદરા, તા. ૧૨

શહેર નજીક કરચિયા ગામમાં રહેતા અને ટેન્કરનું ડ્રાઈવીંગ કરતાં રમણભાઈ મહેન્દ્રભાઈ સોલંકી ગત ૧૦મી તારીખના રાત્રે પરિવાર સાથે ઘરે હતા તે સમયે તેમનો મોટો પુત્ર મહેન્દ્રસિંહ જે અસ્થિર મગજનો હોઈ તેણે ઘરમાં જોરજોરથી બોલીને બુમરાણ મચાવી હતી. દરમિયાન માનસિક અસ્વસ્થ પુત્રને શાંત પાડીને તેના પિતા સમજાવતા હતા તે સમયે તેમના પાડોશમાં રહેતો વિજય તાલેવાર લાકડાનો દંડો લઈને રમણભાઈના ઘરમાં ધસી આવ્યો હતો.

તેણે રમણભાઈના પરિવારને અપશબ્દો બોલીને તમારા છોકરાની રોજની માથાકુટ છે તેમ કહીને રમણભાઈના માથામાં લાકડીના ફટકા માર્યા હતા. આ દરમિયાન તેમનો નાનો પુત્ર વિપુલ દોડી આવતા વિજયે તેની સાથે પણ ઝપાઝપી કરી હતી. બીજીતરફ પાડોશીના હુમલામાં લોહીલુહાણ બનેલા રમણભાઈને પરિવારજનોએ સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા જયાં તેમના માથામાં સાત ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવની ઈજાગ્રસ્ત રમણભાઈએ જવાહરનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોર પાડોશી વિજય સામે ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### સોશિયલ મીડિયાના માધ્યમથી એન્જિનિયરીંગની વિદ્યાર્થિની યુવકના સંપર્કમાં આવી હતી

# અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી એન્જિનિયરીંગની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચર્યું

વડોદરા તા.૧૨.

વડોદરાની એક એન્જિનિયરીંગ કોલેજની યુવતીને સોશિયલ મીડિયા દ્વારા યુવક સાથે સંબંધ બાંધવાનું ભારે પડ્યું હતું. સોશિયલ મીડિયા મારફત સંપર્કમાં આવેલા યુવક સાથે યુવતી સાથે રહેવા લાગ્યા, અલગ થયા બાદ યુવકે નાણાંની માંગણી કરી હતી અને નાણાં ના આપે તો અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપતાં દુષ્કર્મની ફરિયાદ યુવતીએ નોંધાવતાં જરોદ પોલીસે તપાસ હાથ ધરી છે. સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં આવતા યુવકોની પુરતી ખાતરી વિના પ્રેમ સંબંધમાં પડી જતી યુવતી અને મહિલાઓ માટે બનેલા લાલબતી સમાન કિસ્સાની વિગતો એવી છે કે વાઘોડિયા તાલુકામાં આવેલી એન્જિ. કોલેજમાં અભ્યાસ કરતી યુવતીનો સંપર્ક સોશિયલ મીડિયા મારફત પોતાના વતનના યુવક સાથે થયો હતો.આ સંપર્ક વધતાં બંને વચ્ચે ગાઢ સંબંધ બંધાયા હતા.બંને વચ્ચેના સંબંધના કારણે બંને વાઘોડીયા તાલુકામાં સાથે રહેવા લાગ્યા હતા. ઓક્ટોબરથી માર્ચ મહિના સુધી બંને સાથે રહ્યા હતા તે પછી યુવતીને લાગ્યું હતું કે, યુવક યોગ્ય વ્યક્તિ નથી એવું લાગતાં યુવતીએ યુવક સાથે રહેવાનું બંધ કર્યું હતું જેથી યુવક તેના વતનમાં જતો રહ્યો હતો. દરમિયાન યુવતી સાથે સંબંધ રાખવા માટે યુવક જીદ કરવા લાગ્યો હતો.તે પછી યુવકે યુવતી પાસે નાણાંની માંગણી કરી હતી અને નાણાં ના આપે તો યુવતીના અશ્લીલ વીડિયો અને ફોટો વાયરલ કરવાની ધમકી આપવા લાગ્યો હતો, જેથી યુવકની ધમકીથી તંગ આવીને જરોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### આપઘાતના વિચારો આવતાં યુવતીને સારવાર અપાઈ

નાણાં ના આપે તો અંગત પળોના વીડીયો અને ફોટા વાયરલ કરવાની ધમકી યુવકે આપતાં યુવતી ગભરાઈ ગઈ હતી.વારંવાર આવતાં ફોનના પગલે યુવતી નાસીપાસ થઈ ગઈ હતી.તેણે આપઘાતના વિચારો પણ આવવા લાગ્યા હતા.જેથી યુવતીનું કાઉન્સેલીંગ કરવું પડયું હતું.આખરે યુવતીએ જરોદ પોલીસ મથકે આ સંબંધમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

### આઈટીઆઈના યુવકે બ્લેકમેઈલિંગ શરૂ કર્યું

પરપ્રાંતમાં આઈટીઆઈ યુવકે તેના જ વતનની વડોદરા પાસે એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતી યુવતી સાથે સોશીયલ મીડીયા દ્વારા સંપર્કમાં આવ્યો હતો.પ્રેમ સંબંધમાં બંને વડોદરા પાસે રહેવા લાગ્યો હતો.અને આઈટીઆઈ થયેલો યુવક એક કંપનીમાં કામ કરવા લાગ્યો હતો.પણ આ દરમિયાન યુવતીને લાગ્યું હતું કે,યુવક સાથે તેનું કોઈ ભવિષ્ય નથી એટલે સંબંધ કાપી નાંખ્યા હતા.જેથી યુવકે તેનું બ્લેકમેઈલીંગ શરુ કર્યું હતું.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર રજૂઆત કરવા છતાં પણ સમસ્યા યથાવત્ રહી

# અકોટાને ૩ માસથી કાળા પાણીની સજા!

## રહીશોએ કાળા અને દૂષિત પાણીની બોટલો સાથે માટલાં ફોડી વિરોધ સાથે દેખાવો યોજ્યા

વડોદરા, તા.૧૨

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણીની સમસ્યા યથાવત રહેવા પામી છે. ત્યારે અકોટા વિસ્તારમાં છેલ્લા ત્રણ મહિનાથી કોર્પોરેશન દ્વારા રહીશોને કાળા પાણીની સજા આપવામાં આવી રહી છે. જે અંગેનો વિડીયો સ્થાનિક રહીશે સોશિયલ મીડિયા પર ફરતો કર્યો છે અને આક્ષેપ કરવામાં આવ્યો છે કે અવારનવાર રજૂઆત કરવા છતાં કાળા પાણીની સમસ્યા યથાવત રહેતાં રહીશોએ કાળાપાણીની બોટલો સાથે તેમજ માટલા ફોડીને વિરોધ કર્યો હતો.

વડોદરા શહેરના અકોટા ગામમાં છેલ્લા બે ત્રણ મહિનાથી ગંદુ દૂષિત પાણી આવતું હોવાથી સ્થાનિક રહીશો પરેશાન થયા છે. અને રોગચાળાની ભીતી સેવી રહ્યાં છે. તંત્ર સમક્ષ વારંવાર ફરિયાદો કરવા છતાં પ્રશ્નનો કોઈ નિકાલ હજી સુધી થયો નથી.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં અકોટા ગામના મસ્જિદવાળા ફળિયામાં છેલ્લા ત્રણ મહિનાથી દૂષિત અને કાળુ ડહોળું પાણી પીવાની સ્થાનિકોને ફરજ પડે છે. પરિણામે પાણીજન્ય રોગચાળાનો ભય લોકોને સતત સતાવી રહ્યો છે. આ અંગે તંત્ર સમક્ષ અનેક વખત ફરિયાદ છતાં આજ દિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી. ગંદા દૂષિત અને ડહોળા પાણીની આ સમસ્યાનો વહેલી તકે નિકાલ લવાય તેવી માગ સાથે આજે મહિલાઓ સહિત રહીશોએ પીવાના આવતા કાળાપાણીની બોટલો તેમજ માટલા ફોડીને વિરોધ કર્યો હતો.જેના પગલે તંત્રમો ખળભળાટ મચ્યો હતો.

કારેલીબાગ વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી પાણીનો કકળાટ

# ગંદુ અને ઓછા પ્રેશરથી પાણી મળતાં લોકો પાણીના ટેન્કર મગાવવા મજબૂર

વડોદરા, તા.૧૨

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ભર ચોમાસે પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. પૂર્વ મહિલા કાઉન્સિલરે આ અંગે મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે. જેમાં કહ્યું છે કે, કારેલીબાગ વિસ્તારમાં ધનલક્ષ્મી સોસાયટી, અક્ષતા સોસાયટી, કલાકુંજ, આનંદ નગર, અંબાલાલ પાર્ક, શાસ્ત્રી પાર્ક, જલાધામ, ગાંધી ગ્રામ, આશુતોષ, વી.આઈ.પી રોડ પર વૃંદાવન સોસાયટી, ક્રિષ્ના વેલી, અમિતનગર, જાગૃતિ, મીરાં, નિર્વાણા કોમ્પલેક્ષ, તુલસીવાડી વગેરે કારેલીબાગ પાણીની ટાંકીના કમાન્ડ એરીયામાં આવતી સોસાયટીઓ છે, ત્યાં પાણીની સમસ્યા છે.

### મહિસાગરના બે ફ્રેન્ચકૂવામાંથી ૧૫ એમએલડી જેટલું ઓછું પાણી મળે છે

પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતુ કે, મહિસાગર સ્થિત ચાર ફ્રેન્ચ કૂવા પૈકીના રાયકા-દોડકામાં નદીમાં નવા પાણીની સાથે માટે આવતા ડહોળાશના કારણે પંપો ઓછા ચાલે છે. જોકે, ડહોળાશ ઓછી થઈ રહી છે. જ્યારે ફાજલપુર કૂવામાં લેવલ નહી જળવાતું હોવાથી બન્ને મળીને ૧૨ થી ૧૫ એમએલડી જેટલું ઓછું પાણી મળે છે.

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ વડોદરા જિલ્લા કલેક્ટરનો નિર્ણય

# અગમચેતીરૂપે જિલ્લાના તમામ બ્રિજના સર્વે માટે ચકાસણીનો આદેશ

## નિયત ફોર્મેટ અનુસાર ટીમો સર્વે કરી બે દિવસમાં રિપોર્ટ સુપરત કરશે

વડોદરા, તા.૧૨

વડોદરા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા દ્વારા એક તાત્કાલિક આદેશ જારી કરવામાં આવ્યો છે. આ આદેશ પાદરા તાલુકાના મુજપુર ગામમાં આવેલા ગંભીરા બ્રિજ ધરાશાયી થવાની દુર્ઘટના અને તેના પરિણામે થયેલી જાનહાનિને ગંભીરતાથી ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે સુનિશ્ચિત કરવા માટે આ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ આદેશમાં વડોદરા જિલ્લામાં સમાવિષ્ટ તમામ રોડ-રસ્તા, રેલવે સંબંધિત રોડ-રસ્તા, અને નદી-નહેર સંબંધિત રોડ-રસ્તા તથા તેમને સંલગ્ન બ્રિજ/પુલની જાળવણી અને મરામતના કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો છે. જિલ્લામાં આવેલા તમામ બ્રિજ/પુલ જર્જરિત કે ભયજનક સ્થિતિમાં છે કે કેમ તેની ટેકનિકલ સર્વે અને ચકાસણી કરવા માટે અધિકારીઓની ટીમો બનાવવામાં આવી છે.

તાલુકાવાર ચાર સર્વે ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોમાં પાદરા અને વડોદરા (ગ્રામ્ય), ડભોઈ અને વાઘોડિયા, કરજણ અને શિનોર તથા સાવલી અને ડેસરમાં પ્રાંત અધિકારી, મામલતદાર, નાયબ કાર્યપાલક ઇજનેર (માર્ગ અને મકાન - સ્ટેટ અને પંચાયત), તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસરનો સમાવેશ કરાયો છે.

આ સાથે, નેશનલ હાઈવે માટે પ્રોજેક્ટ મેનેજર, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ગોધરા અને જનરલ મેનેજર, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, પીઆઈયુ, ભરૂચની એક ટીમ બનાવવામાં આવી છે. જ્યારે રેલવે બ્રિજ/પુલનો સર્વે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ-૧) અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ-૩), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરાની એક ટીમ કરશે.જિલ્લા કલેક્ટર ડો. અનિલ ધામેલિયાના આદેશ મુજબ, ઉક્ત અધિકારીઓએ તેમને સોંપેલ તાલુકામાં આવેલા બ્રિજ-પુલોની ચકાસણી કરીને તેનો રિપોર્ટ બે દિવસમાં કચેરીએ જમા કરાવવાનો રહેશે. જરૂર જણાશે ત્યાં સંબંધિત અધિકારીઓએ તાબાના કર્મચારીઓનો ઉપયોગ કરીને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરશે.

એમ.એસ.યુનિ.ની ફૂડ પોઈઝનની ઘટનાને પગલે કમિટીની રચના

# એમ.એસ.યુનિ.ની તમામ મેસ-કેન્ટિનમાં સોમવારથી કમિટી તપાસ શરૂ કરશે : વીસી

## સ્વચ્છતા અને ગુણવત્તા નહીં જાળવનાર કોન્ટ્રાકટર સામે પગલાં લેવાશે

વડોદરા, તા.૧૨

એમ. એસ. યુનિવર્સીટીની ગર્લ્સ હોસ્ટેલમાં બનેલી ફૂડ પોઈઝનની ઘટના બાદ વાઈસ ચાન્સેલર દ્વારા ફૂડ કમિટીની રચના કરાઈ છે. જે કમિટી દ્વારા સોમવારથી શરુ થનાર હોસ્ટેલની મેસમાં તપાસ કરવામાં આવશે. તેમજ સોમવારથી યુનિ.ની વિવિધ ફેકલ્ટીમાં કાર્યરત કેન્ટીનની પણ તપાસ શરુ કરવામાં આવનાર છે. જે બાબતે વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી ફસાઈના નિયમો અનુસાર ચકાસણી કરાશે. તેમજ તેનું પાલન કરવા માટે તમામને સુચના આપવામાં આવશે.

એમ. એસ. યુનિવર્સીટીની ગર્લ્સ હોસ્ટેલની મેસમાં કોન્ટ્રાકટર દ્વારા પહેલા જ દિવસે પીરસવામાં આવેલા ભોજનથી ૨૦૦ જેટલી વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝન ફરિયાદ થઈ હતી. જેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ સહિત ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જે પૈકી છ વિદ્યાર્થિનીની હજી પણ સારવાર લઈ રહી છે. હોસ્ટેલના રીડીંગ રૂમને હોસ્પિટલમાં તબદીલ કરાયો છે. ત્યારે યુનિ.ના વાઈસ ચાન્સેલર દ્વારા બનાવવામાં આવેલી ફૂડ કમિટી દ્વારા મેસની ચકાસણી શરુ કરવામાં આવી છે. જેમાં ગર્લ્સ હોસ્ટેલ તેમજ પોલીટેકનીક હોસ્ટેલની તપાસ પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બાકીની હોસ્ટેલની મેસ સોમવારથી શરુ થઈ રહી છે.

વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના ફસાઈના નિયમોનું કડક પણે પાલન કરવામાં આવશે. જે કોન્ટ્રાકટર દ્વારા નિયમોનું પાલન કરી સ્વચ્છતા અને ગુણવત્તા નહીં જાળવવામાં આવે તેમની સામે જરૂરી પગલા લેવાશે

સોમવારથી ફૂડ કમિટી દ્વારા વિવિધ હોસ્ટેલમાં શરુ થનાર મેસની તપાસ કરવામાં આવશે. તેની સાથે સાથે ફેકલ્ટીમાં ચાલતી કેન્ટીનની પણ તપાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ફેકલ્ટીમાં કાર્યરત કેન્ટીનમાં પણ ફસાઈના નિયમોનું પાલન ન થતું હોવાના કેટલાક વિડીયો વાયરલ થયા છે. જેના પગલે વાઈસ ચાન્સેલર દ્વારા કમિટીને ફેકલ્ટીની કેન્ટીનની તપાસ કરવા પણ સૂચના અપાઈ છે.

પશ્ચિમ ઝોનમાં નવી ડ્રેનેજ રિપેરીંગની કામગીરી માટે

# ચાર કરોડ નાણાકીય મર્યાદા વધારવા દરખાસ્ત : સ્થાયી દ્વારા ૨ કરોડ મંજૂર



વડોદરા, તા.૧૨

વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા આગામી એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતના કામે કોન્ટ્રાક્ટરે નેટ અંદાજથી ૧૮ ટકા ઓછા મુજબ રૂ.૮ કરોડની નાણાકીય મર્યાદાનામંજૂર થયેલા વાર્ષિક કોન્ટ્રાકટ પેટે રૂ.૪ કરોડ વધારે આપવાની દરખાસ્ત સામે સ્થાયી સમિતિએ નાણાકીય મર્યાદા ૪ કરોડના બદલે ૨ કરોડની મંજૂરી આપી હતી.

સ્થાયી સમિતીમાં આવેલી દરખાસ્તમાં જણાવ્યું છે કે, શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા એક વર્ષ માટે ન ડ્રેનેજ લાઈન રીપેરીંગ તેમજ વની નાખવાની કામગીરી હેઠળ ૨૦૨૪-૨૫માં રૂપિયા પાંચ કરોડની નાણાકીય મર્યાદામાં કામગીરી કરવા માટેના યુનિટ રેટ મુજબ અંદાજથી ૧૮ ટકા ઓછા ભાવ પત્રને સ્થાયીએ મંજૂરી આપી હતી. મે. રીધમ કન્સ્ટ્રક્શન અને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેની મર્યાદા ૮-૮-૨૫ ના પૂરી થવાની છે. નવો ઈજારો કરવા ભાવપત્રો મંગાવ્યાં છે. પરંતુ પશ્ચિમ ઝોન વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતની કામગીરીઓ હાથ ધરી શકાય તે માટે નવો વાર્ષિક કોન્ટ્રાકટ મંજૂર થાય ત્યાં સુધી હાલની વાર્ષિક કોન્ટ્રાકટની નાણાકીય મર્યાદામાં રૂપિયા ૪ કરોડનો વધારો કરવા દરખાસ્ત રજૂ કરાઈ હતી. સ્થાયી સમિતીએ બે કરોડ વધારવાના ઠરાવ સાથે દરખાસ્તને મંજૂરી આપી હતી.

પ્રધાનમંત્રી રોજગાર મેળામાં ૫૧,૦૦૦થી વધુ નિમણૂકપત્રોનું વિતરણ કરાયું

# વેસ્ટર્ન રેલવેમાં ૯૩ પૈકી ૫૧ની ભરતી વડોદરા ડિવિઝનમાં થઈ



વડોદરા, તા.૧૨

દેશભરમાં આજે ભારતીય રેલવે દ્વારા ૪૭ સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરાયું હતું જેમાં ૫૧૦૦૦ કરતાં વધુ યુવકોને , રેલવે, ગૃહ, ઉચ્ચ શિક્ષણ, પોસ્ટ, વીજળી, શ્રમ સહિત લગભગ ૧૪ મંત્રાલયોમાં નવા પસંદ કરાયેલા કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૬માં રોજગાર મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ ક્રમમાં, પશ્ચિમ રેલવે વડોદરા મંડળના પ્રતાપનગર સ્થિત રેલવે ઓડિટોરિયમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પટેલની ઉપસ્થિતિમાં રોજગાર મેળાનું આયોજન કરાયું હતું આ દરમિયાન સ્થાનિક જનપ્રતિનિધિઓ, ડિવિઝનલ રેલવે મેનેજર રાજુ ભડકે, શાખા અધિકારીઓ અને મંડળના રેલવે કર્મચારીઓ હાજર રહ્યા હતા.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં આયોજિત રોજગાર મેળામાં, લગભગ ૯૩ નવા ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું હતું જેમાં સૌથી વધુ રેલવેના ૫૧ ઉમેદવારો સામેલ છે, આ ઉપરાંત, ટપાલ વિભાગ અને મહેસૂલ (સીબીઆઈસી) ના ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ, રાજકોટ અને રતલામ મંડળમાં પણ રોજગાર મેળાનું આયોજન કરાયું હત આ પ્રસંગે કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર. પાટિલે જણાવ્યું હતું કે. રોજગાર મેળો, રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવાની દિશામાં એક પહેલ છે. રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવામાં અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. દેશભરમાં રોજગાર મેળાઓ દ્વારા અત્યાર સુધીમાં ૧૦ લાખથી વધુ નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા છે.

૨૦ દિવસમાં ફર્નિચર આપવાનું કહી ઠગાઈ

# અકોટા સ્ટેડિયમન પ્રદર્શનમાં ફર્નિચરના વેપારીઓ દ્વારા સાત સાથે ઠગાઈ

વડોદરા, તા. ૧૨

સુભાનપુરાની ગાંધીનગર સોસાયટીમાં રહેતા સીનીયર સીટીઝન રમણભાઈ વાઘેલાએ પોલીસને કહ્યું છે કે, ગઈધા હું અને મારી પત્ની અકોટા સ્ટેડિયમ ખાતે એક્ઝિબિશન જોવા ગયા હતા તે દરમિયાન ફર્નિચરના સ્ટોલ ઉપર સોફા પસંદ પડતા સંચાલક ઈતિહાસ મોહમ્મદ સફી મેમણ (રહે- અંકલેશ્વર) અને જબ્બર મેમણ (રહે-મુંબઈ) સાથે વાતચીત કરી હતી.

એક લાખની કિંમતનો ૬૫૦૦૦ માં નક્કી કર્યો હતો. બંને સંચાલકે એડવાન્સમાં ૧૦૦૦૦ અને માપ લેવા માટે માણસ આવે ત્યારે બીજા ૨૦,૦૦૦ આપવાના રહેશે અને બાકીની રકમ ડીલીવરી પછી આપવાની રહેશે તેમ કહ્યું હતું. ત્યારબાદ અમને બીજો એક થ્રી સીટર સોફા પણ પસંદ પડ્યો હોવાથી ૨૫,૦૦૦ માં નક્કી કર્યો હતો. અમોને ૨૦ દિવસ આપવાનું કહેવાયું હતું. પરંતુ હજી સુધી ડિલિવરી મળી નથી ઓનલાઈન ચૂકવેલા રૂ.૫૦,૦૦૦ પરત પણ આપ્યા નથી. અમારી જેમ (૧) વસંત કુમાર શાહ (ભાયલી કેનાલ રોડ) પાસે આવી જ રીતે રૂ.૨.૧૯ લાખ (૨) રાજેશભાઈ પારેખ (ગોરવા-રિફાઈનરી રોડ)પાસે રૂ.૩૩,૦૦૦ (૩) ઘનશ્યામભાઈ વાઘેલા ( વડસર બ્રિજ નજીક ) પાસેથી રૂ.૨૦,૦૦૦ (૪) શૈલેષભાઈ પટેલ ( પાદરા)ના મિત્રના પિતા જયંતિભાઈ લીમ્બાચીયા પાસે રૂ.૭૦,૦૦૦ (૫) આકાશભાઈ ગાંધી (માજલપુર) પાસે રૂ.૨૫૦૦૦ અને હેમંતભાઈ ટંડેલ ( ઊંડેરા) પાસે ૩૫૦૦૦ મળી કુલ રૂ. ૪.૫૨ લાખ પડાવી લીધા હોવાની વિગતો બહાર આવી છે. જેથી અકોટા પોલીસે સ્ટોલના બંને સંચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પત્ની પર શંકા રાખીને પતિ એને અસહ્ય ત્રાસ આપતો હતો

# શંકાશીલ પતિને સબક શીખવાડવા માટે પત્નીએ અભયમની મદદ લીધી

વડોદરા તા. ૧૨

લગ્ન જીવનના આઠ વર્ષ બાદ શંકાશીલ સ્વભાવ ધરાવતા પતિ દ્વારા પત્ની ઉપર શંકા કરી અસહ્ય શારીરિક તેમજ માનસિક ત્રાસ ગુજારતા પરણીતા નાં જીવનમાં મુશ્કેલીઓનો પહાડ તૂટી પડ્યો હતો પતિને પિયર તેમજ સાસરી પક્ષના વ્યક્તિ ઓએ પણ સમજાવવા છતાં પત્ની ઉપર શંકા રાખી પતિ દ્વારા ત્રાસ આપવાનું ચાલુ જ રાખતા આખરે પતિના ત્રાસથી કંટાળી ગયેલી પરણીતા એ ન છૂટકે મહિલા હેલ્પલાઈન અભયમ ની મદદ લેવા માટે પહોંચી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરના ગુરુવાર વિસ્તારમાં રહેતી પરણીતાના લગ્ન જીવન અને આઠ વર્ષ પૂર્ણ થયા હતા લગ્નજીવન દરમિયાન તેને સંતાનમાં એક પુત્ર છે તેના પતિ જીઆઈડીસીમાં નોકરી કરીને પરિવારનો ગુજરાન ચલાવે છે.

શંકાશીલ સ્વભાવ ધરાવતા પતિ દ્વારા છેલ્લા દોઢ બે વર્ષથી પત્ની ઉપર શંકા રાખી પત્નીને નાની નાની બાબતમાં પૂછપરછ કરીને માનસિક ટોર્ચર કરતો હતો જોકે પત્ની દ્વારા પતિનાં દરેક પ્રશ્નોનો સમાધાનકારી જવાબો આપતી હતી. પરંતુ પતિ દ્વારા રોજબરોજ વાહિયાત સવાલો કરીને પત્ની ઉપર શંકા રાખીને શારીરિક તેમજ માનસિક રસ આપવાનું શરૂ કર્યું હતું એટલું જ નહીં છેલ્લા દોઢ બે વર્ષથી શંકાશીલ સ્વભાવને કારણે પત્ની ઉપર અસહ્ય ત્રાસ શરૂ કર્યો હતો. પતિનો ત્રાસ દૂર થાય તે માટેના પત્ની દ્વારા સાસરી પક્ષ તથા પિયર પક્ષ ને પણ જાણ કરી હતી. તેઓએ પણ પતિને સમજાવવાના પ્રયત્નો કર્યા હતા પરંતુ પતિના શંકાશીલ સ્વભાવને કારણે તેના ઉપર કોઈ અસર થઈ ન હતી અને સતત પત્ની ઉપર ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું હતું. બીજી તરફ પત્નીના ઈન્સ્ટાગ્રામ ઉપર તેના ગામના યુવાન સાથે વાત કરતા જોઈ ગયો હતો જેને લઈને કકળાટ થતાં પત્નીએ પતિની સામે જ ઈન્સ્ટાગ્રામ ડીલીટ કરી નાખ્યું હતું.

શંકાશીલ પતિના ત્રાસથી કંટાળેલી પત્ની પતિને સમજાવવા માટે આખરે મહિલા હેલ્પલાઈન અભ્યમનો સંપર્ક કર્યો હતો અને અભયમ કાઉન્સિલિંગ ટીમની મદદ લીધી હતી.

અભયમ કાઉન્સિલિંગ ની ટીમ પીડિત પરણેતા ની મદદે આવી હતી. ત્યારબાદ કાઉન્સિલિંગ ની ટીમે પીડીતાના પતિનો સંપર્ક કરી પતિને સાંભળ્યા બાદ કાઉન્સિલિંગ ટીમે પતિને કાઉન્સિલિંગ કરવાનું શરૂ કર્યું હતું અને કાયદાકીય રીતે સમજ આપી હતી જોકે પતિને પોતાની ભૂલ અને પુત્રના ભાવી અને પત્ની વગરનું જીવન નિરર્થક અને અંધકારમય લાગતા પોતાની ભૂલનો અહેસાસ થતાં તેને અભયમ સમજણનો સ્વીકાર કર્યો હતો તેમ છતાં પણ જો પત્નીને ત્રાસ આપવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે તેવી પણ ચીમકી આપી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### માંજલપુર વ્રજધામ મંદિર ખાતે હિંડોળા




શ્રાવણ સુદ પડવો તારીખ ૨૫ મી રોજ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી વલ્લભાકુલભૂષણ વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમાર મહોદયના શ્રાવણ સુદ પડવો તારીખ ૨૫ મી રોજ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી વલ્લભાકુલભૂષણ વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમાર મહોદયના મનોરથ સ્વરૂપે શ્રી પ્રભુના સુખાર્થે તારીખ ૧૨ મી જુલાઈ થી તારીખ ૧૧ મી ઓગસ્ટ સુધી વ્રજધામ મંદિર ખાતે વિવિધ હિંડોળાના દર્શન નો પ્રારંભ થશે. જેમાં શાકભાજી, કમળ, જરદોશી, લીલા મેવા, ઈન્દ્રા ધનુષ, કેવડા, રક્ષા, પાન, માખણ મિસરી સહિત વૈવિધ્ય સભર હિંડોળાના દર્શન થશે. મનોરથ સ્વરૂપે શ્રી પ્રભુના સુખાર્થે તારીખ ૧૨ મી જુલાઈ થી તારીખ ૧૧ મી ઓગસ્ટ સુધી વ્રજધામ મંદિર ખાતે વિવિધ હિંડોળાના દર્શન નો પ્રારંભ થશે. જેમાં શાકભાજી, કમળ, જરદોશી, લીલા મેવા, ઈન્દ્રા ધનુષ, કેવડા, રક્ષા, પાન, માખણ મિસરી સહિત વૈવિધ્ય સભર હિંડોળાના દર્શન થશે.

### સાંઈનાથ એજ્યુકેશન દ્વારા કાર્યક્રમ યોજાયો



સાઈનાથ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી વ્રતના જાગરણ નિમિત્તે કુવારીકા ઓને ફિલ્મ દર્શાવવાનું આયોજન કરાય છે. આ વર્ષે સાઈનાથ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ના સંચાલક અને ભાજપ ના કારોબારી સભ્ય તથા પૂર્વ કાઉન્સિલર રાજેશ આયરે તથા વોર્ડ નંબર ૯ ના કાઉન્સિલર શ્રી રંગ આયરે દ્વારા કુમારીકા ઓના જાગરણ માટે ગોત્રી સ્થિત મલ્ટિપ્લેક્સ સિનેમા ગૃહમાં "સિતારે જમીન પર" ફિલ્મ દર્શાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં આ કુંવારીકાઓને સુભાનપુરાથી મલ્ટિપ્લેક્સ સુધી લાવવા અને લઈ જવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ ફિલ્મ દરમિયાન ઉપવાસમાં ખાવા લાયક કેળાની વેફર્સ તથા આઈસ્ક્રીમ પણ બાલિકાઓને આપવામાં આવ્યા હતા. ૫ હજાર જેટલી બાલિકા એ ફિલ્મ નિહાળી હતી .

# ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃતકોના વહારે ધારાસભ્ય આવ્યા, બે વર્ષનો પગાર આપશે

વડોદરા,તા.૧૨

હજી પણ એક શખ્સ લાપતા હોવાથી તેની ભાળ મેળવવા માટે વહીવટી તંત્ર દ્વારા આજે પણ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે

તાજેતરમાં વડોદરા પાસે આવેલા પાદરાના ગંભીર બ્રિજ તુટી પડવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦ જેટલા લોકોના મોત નીપજ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા જવાબદાર ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે.

સાથે જ મૃતક અને ઈજાગ્રસ્તોના પરિવારને વળતરની જાહેરાત કરી છે. આ વચ્ચે સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર મૃતકોના વ્હારે આવ્યા છે. તેમણે મૃતકોના પરિવારને રૂ. ૧ લાખની જાહેરાત કરી છે. આ રીતે મૃતકોના સમર્થનમાં આવનારા આ પહેલા ધારાસભ્ય છે.

આ દુર્ઘટનામાં મૃતકોના પરિવારના વ્હારે સાવલી વિધાનસભાના ધારાસભ્ય આવ્યા છે. તેમણે મૃતકોના પરિવાર માટે રૂ. ૧ - ૧ લાખની જાહેરાત કરી છે. સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર પોતાના બે વર્ષના પગારમાંથી મૃતકોના પરિવારને સહાય આપશે. આ રીતે દુર્ઘટનામાં ચૂંટાયેલા પ્રતિનિધી દ્વારા વ્યક્તિગત ધોરણે મદદ કરવામાં આવી હોવાનો આ પ્રથમ કિસ્સો હોવાની લોકચર્ચા છે. આ જોતા આગામી સમયમાં અન્ય લોકો પણ મૃતક પરિવારોની મદદ માટે આગળ આવે તો નવાઈ નહીં.

## દર્દીઓને સાંસદ અને ધારાસભ્યે રૂા. ૫૦ હજારના સહાય ચેક આપ્યા



વડોદરા શહેર નજીક પાદરાના ગંભીરા બ્રિજ પર બનેલી દુર્ઘટનામાં ઈજા પામેલ દર્દીઓ પૈકી પાંચ વ્યક્તિઓને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જેમાં બે દર્દીઓ મૃત્યુ પામ્યા હતા જ્યારે ત્રણ દર્દીઓ હાલના તબક્કે સારવાર લઈ રહ્યા છે ત્યારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાય નો ચેક છોટા ઉદયપુર તાલુકાના સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરા ધારાસભ્ય ચૈતન્ય સિંહ ઝાલા દ્વારા સયાજી હોસ્પિટલમાં દર્દીઓને રૂપિયા ૫૦ હજાર સહાયના ચેક આપવામાં આવ્યા હતા. દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે તે દર્દીના ઘરે જઈને ચેક આપવામાં આવશે તેમ ચૈતન્ય સિંહ ઝાલાએ જણાવ્યું હતું

## મોબાઈલ ટાવરના રેક્ટીફાયર કેસેટોની ચોરી

વડોદરા, તા.૧૨

શહેરના કપુરાઈ વિસ્તારના તળાવની સામે આવેલા ક્રિષ્ણા વિલા નારાયણ એપાર્ટમેન્ટના મોબાઈલ ટાવરની નીચે બનાવેલી દિવાલમાં તોડફોડ કરીને તસ્કરો એસએમપીએસમાં લગાવેલી ૩૦ હજારની કિંમતની એક રેક્ટીફાયર કેસેટની ચોરી બાદ તસ્કરોએ તરસાલી આઈટીઆઈ પાસે રાજીવનગર ખાતે પણ જીવીપી મોબાઈલ ટાવરમાંથી જ મકરપુરા વ્રજધામ સોસાયટી રોડ પર આવેલા એરફોર્સ સ્ટેશનની બાજુમાંથી પણ ૯૦ હજારની કિંમતના ત્રણ રેક્ટીફાયરની ચોરી કરી ગયા હતા. આ બનાવની આરએસ સિક્યુટીરીના ટીમ લીડર ચંદુભાઈ પરમારે કપુરાઈ અને મકરપુરા પોલીસ મથકમાં બે ફરિયાદો નોંધાવી હતી. દરમિયાન સવા લાખથી વધુની કિંમતની ત્રણ રેક્ટીફાયર કેસેટોની ચોરી હતી.

### 'નેશન ફર્સ્ટ' પ્રોજેક્ટનો શુભારંભ




ભારત વિકાસ પરિષદ અને ઈન્દુ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આજથી નેશન ફર્સ્ટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. એમ.એસ. યુનિવર્સિટીની હોમ સાયન્સ ફેકલ્ટીના ના ઓડિટોરિયમમાં કેન્દ્રીય મંત્રી , જળ શક્તિ વિભાગ તથા ભારતીય જનતા પાર્ટી , ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની ઉપસ્થિતિમાં પ્રોજેક્ટના શ્રી ગણેશ થયા હતા.
નેશન ફર્સ્ટ પ્રોજેક્ટ અંતર્ગત હાલ પ્રથમ તબ્બકે એમ.એસ.યુનિવર્સિટી સહિત વડોદરાની ૧૦ જેટલી કોલેજોના વિદ્યાર્થીઓને ફિઝિકલ ટ્રેનિંગ, યોગા, બૌદ્ધિક ક્ષમતા, કૌશલ્ય વિકાસ, નેશનલ રેડીનેશ, પર્યાવરણ, સિવિક બોડી, નવીન ટેકનોલોજી સહિતના વિષયોને આવરી લઈ ૯૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે.

### વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનાને લઈને દાહોદ જિલ્લાનું જવાબદાર તંત્ર પણ જાગ્યું

# દાહોદના મંડાવા હાઈ લેવલ બ્રિજની મરામત હાથ ધરાઈ

## ચોમાસામાં પાણીમાં ડૂબી જતો હોવાથી અવરજવર માટે તકલીફ : આ નવો બ્રિજ તેના વિકલ્પરૂપે બનાવવામાં આવ્યો હતો




દાહોદ, તા.૧૨

વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા નદી ઉપરનો બ્રીજ તૂટી પડવાની ગંભીર હોનારતમાં સાત જેટલા વાહનો નદીમાં ખાબકાતા નવ લોકોના મોત થયા છે. જેના પગલે સમગ્ર રાજ્યમાં ફરી ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે. ત્યારે દાહોદ શહેર નજીક આવેલ મંડાવાવ રોડ ઉપર દરગાહ નજીકના હાઈ લેવલ બ્રિજની પણ જર્જરીત હાલત સામે આવતા એક તરફ સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ત્યારે બીજી તરફ જીલ્લાનું લાગતું વળગતું જવાબદાર તંત્ર દોડતું થયું છે અને તાબડતોબ મરામતની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. પરંતુ તે કામગીરીમાં નરી વેઠ ઉતારાતી હોવાની લોક ફરિયાદો ઉઠી છે. દાહોદ શહેરના પ્રવેશ દ્વાર સમાન ગણાતા મંડાવાવ રોડ પર આવેલો ૧૦૦ મીટર લંબાઈનો ત્રણ ગર્ડર વાળો હાઈલેવલ બ્રિજ વર્ષ ૧૯૯૯ માં દોઢ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવાયો હતો. આ બ્રિજ ઉપરથી પસાર થતો માર્ગ દાહોદ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારો તેમજ મધ્યપ્રદેશ સાથે વાહનો અને રાહદારીઓની દૈનિક અવરજવરના મુખ્ય માર્ગ તરીકે જાણીતો છે અગાઉ અહીં આવેલો નાનો બ્રિજ ચોમાસામાં પાણીમાં ડૂબી જતો હોવાથી અવરજવર તંત્ર માટે તકલીફદાયક બની જતી હતી. જેથી આ નવો બ્રિજ તેના વિકલ્પ રૂપે બનાવવામાં આવ્યો હતો. હાલના સમયે બ્રિજના પાયા ધોવાઈ જવાને કારણે તેની સ્થિતિ નાજુક બની ગઈ છે. સતત વાહન વ્યવહારને કારણે બ્રિજ પર જોખમ યથાવત છે અને તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થાની તાતી જરૂર છે. મંડાવાવ રોડનો બ્રિજ માત્ર દાહોદ નહીં પણ આસપાસના તમામ ગામો અને રાજ્ય વચ્ચેની કડી છે.

# દેવગઢબારિયા તાલુકામાં વિવિધ પુલોની ચકાસણી

દેવગઢ બારીયા, તા.૧૨

તાજેતરમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ગામે મહીસાગર નદી ઉપરનો પુલ તુટી જવાની દુર્ઘટના બનવા પામી છે. ત્યારે દાહોદ જિલ્લામાં આવેલા બ્રીજ તેમજ પૂલ અંગેની ખરાઈ કરવા જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિગુડે દ્વારા સૂચના આપવામાં આવી છે. દાહોદ જિલ્લામાં સલામતી અને સાવચેતીના ભાગરૂપે દાહોદ જિલ્લાના તમામ બ્રીજ કે પૂલોની સ્થિતિ કેવી છે ? જે પુલ કે બ્રિજની



જર્જરીત કે ભયજનક સ્થિતિ જણાય તો તેનો ટેકનીકલ સર્વે કે મરામત કરવા અને જોખમી બ્રીજ તેમજ પૂલો પરના વાહન વ્યવહારને અવર-જવર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા તેમજ ખાસ તકેદારી રાખવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા સંબંધિત વિભાગને સૂચના આપવામાં આવી છે.જે સંદર્ભે દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તક આવેલ ૧૯ પુલ ની તપાસણી અ.મ.ઈ.શ્રી પંચાયત, પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સાગટાળા ને સાથે રાખી રૂબરૂ મુલાકાત લઈ ૧૯ જેટલા બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીના તાડકાછલા પીએચસીમાં જિલ્લા આરોગ્ય શાખા દ્વારા રક્તદાન શિબિર



બોડેલી : ઈન્દુ બ્લડ બેંક બોડેલીના સહયોગથી રકતદાન નો મુખ્ય હેતુ સગર્ભા માતાઓ ને સુવાવડ દરમિયાન રક્ત ની ઉણપ હોય ત્યારે સરળતાથી રક્ત મળી રહે અને આવનાર બાળક અને માતા ને રક્ત ના અભાવે જોખમ ઊભું ન તે તેવા ઉમદા આશય થી શિબીર નું આયોજન કરાયું હતુંઆજ રોજ તાલુકા હેલ્થ ઓફિસ બોડેલી દ્વારા આયોજિત પી.એચ.સી તાડકાછલાના પટાંગણ મા સિકલસેલ, થેલેસેમીયા, તથા સગર્ભા બહેનો ધાત્રી માતાઓ ને રક્ત મળી રહે તેવા ઉમદા આશય મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પાઉલ વસાવાના માર્ગદર્શન હેઠળ તથા બોડેલી ઈ.ચા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ભારતી ગુમા ના અધ્યક્ષ સ્થાને ઈન્દુ બ્લડ બેંક બોડેલીના સહયોગ થી રકતદાન શિબિર માટે કેમ્પ આયોજિત કરેલ જેમાં ગરીબ દર્દીઓ તેમજ જરૂરિયાત મંદ દર્દીઓ ને સરળતાથી લોહી મળી રહે તેવા એક ઉમદા આશય થી રકતદાન શિબિર કેમ્પ કરેલ જેમાં તાડકાછલા પ્રા.આ.કેન્દ્ર ના સ્ટાફ તથા રકતદાતાઓ એ રકતદાન કરેલ હતું કેમ્પ દરમ્યાન ઈ.ચા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ભારતી ગુમા રકતદાતાઓ ન રક્તદાન કરે તેના માટે જનતાને અપીલ કરી તમામ ને રક્તદાન કરવા માટે અપીલ કરી હતી.

### જૂના વલ્લભપુર ગામની મુખ્ય પ્રાથમિક શાળા પાસે કિચડથી અવરજવરમાં તકલીફ



શહેરા : શહેરા તાલુકાના જુના વલ્લભપુર ગામની મુખ્ય પ્રાથમિક શાળા પાસે કાદવ કીચડ નું સામ્રાજ્ય હોવાથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ , શિક્ષકો તેમજ ગ્રામજનોને અવરજવર કરવામાં ભારે તકલીફ પડી રહી હતી. શહેરા તાલુકાના જૂના વલ્લભપુર ગામની પ્રાથમિક શાળામાં ૧ થી ૮ ધોરણની હોવા સાથે ૧૨૦ કરતા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે,શાળાના મુખ્ય દરવાજા ની બહાર ભારે કાદવ કીચડ હોવાથી વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો હેરાન પરેશાન થઈ રહ્યા હતા. ગામનો અવર જવરનો આ રસ્તો હોવાથી શાળાની બહાર કાદવ કીચડ અને ખાડાની અંદર વરસાદી પાણી ભરાઈ રહેતા હોય છે. શાળામાં આવતા બાળકોને કાદવ કીચડ માંથી આવવાના કારણે અમુક સમયે કપડા પણ બગાડવા સાથે તકલીફ પડી રહી હોવાથી શાળાના મુખ્ય શિક્ષક દ્વારા આ બાબતે ગ્રામ પંચાયત કચેરી ખાતે રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું હતું. સંબંધિત તંત્ર દ્વારા શાળાની બહાર પસાર થતા રસ્તા પરથી કાદવ કીચડ દૂર કરવામાં આવે એવી આશા આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શાળા પરિવાર તેમજ ગ્રામજનો રાખી રહ્યા હતા.જોકે મચ્છરો નો ઉપદ્રવ વધી રહ્યો હોય ત્યારે દવાનો છંટકાવ કરવામાં આવે એવી માંગ ગ્રામજનો માંથી ઉઠવા પામી હતી.

### ટીંબા અને ઝોઝ ગામે ગેરકાયદે રીતે ખનીજનું વહન કરતાં વાહનો પકડાયાં



ગોધરા,પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમે મોટી કાર્યવાહી કરી છે. ટીમે ગોધરા તાલુકાના ટીંબા અને શહેરા તાલુકાના ઝોઝ ગામે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ગેરકાયદેસર રીતે ખનીજનું વહન કરતા વાહનો પકડાયા હતા.ખાણ ખનીજ વિભાગને ખાનગી બાતમીદારો પાસેથી માહિતી મળી હતી. બાતમીના આધારે ટીમે કાર્યવાહી કરી હતી. વિભાગે ઓવરલોડ સાદી રેતી અને બિનઅધિકૃત ક્વાર્ટઝનું ગેરકાયદેસર વહન કરતા પાંચ ટ્રક અને બે ટ્રેક્ટર જપ્ત કર્યા છે.જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત રૂ.૧.૧૨ કરોડ છે. વિભાગે સાત વ્યક્તિઓની અટકાયત કરી છે. તમામ સામે દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જપ્ત કરાયેલો તમામ મુદ્દામાલ ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લો કુદરતી ખનીજ સંપત્તિથી સમૃદ્ધ છે. અહીં મોટા પ્રમાણમાં ખનીજ સંપત્તિ આવેલી છે. કેટલાક ખનીજ માફિયાઓ આ સંપત્તિનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે. તેઓ નિયમિત રીતે ખનીજનું ગેરકાયદેસર વહન કરી રહ્યા છે. આ કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

### પુલ દુર્ઘટનાને ધ્યાને લઈને કામગીરી

## છોટાઉદેપુર જિલ્લાના ૧૧જેટલા પુલની ગાંધીનગરની ટીમ દ્વારા ચકાસણી શરૂ

### ૭ બ્રિજ વાહનવ્યવહાર માટે સુરક્ષિત

બોડેલી, તા.૧૨

તાજેતરમાં ગંભીરા પુલ દુર્ઘટનાને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા નિર્દેશો હેઠળ તકેદારીના ભાગરૂપે તમામ જિલ્લાઓમાં આલેખન વર્તુળ ગાંધીનગરની ટીમ દ્વારા બ્રિજોની ચકાસણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત હાલ છોટાઉદેપુર જિલ્લાના ૧૧જેટલા નાના મોટા બ્રિજોની માર્ગ અને મકાન વિભાગ આલેખન વર્તુળ ગાંધીનગર ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. આલેખન વર્તુળ ગાંધીનગરની ટીમે નેશનલ હાઈ વે ૫૬ પર આવેલા નાના મોટા ૭ બ્રિજોની ચકાસણી કરી હતી. એની, ઓરસંગ, ઝારવા, વાસવા, દેહવાંટ,શોકતા, ફેરકુવા બ્રિજનુ તેમણે ઝીણવટ ભર્યું નિરિક્ષણ કર્યુ હતું. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ ના સંખેડા - બહાદરપુર ઓરસંગ બ્રિજ અને રતનપુર ઓરસંગ બ્રિજનુ નિરિક્ષણ કર્યુ હતું. માર્ગ અને મકાન વિભાગ પંચાયતના જેતપુરપાવી સુખી ડેમ ભારજ બ્રિજ અને દેવહાંટ-કઠિવાડા બ્રિજનુ નિરિક્ષણ કર્યુ હતું. તમામ બ્રિજના નિરિક્ષણ બાદ ટીમે નેશનલ હાઈ વેના તમામ ૭ બ્રિજ વાહનવ્યવહાર માટે સુરક્ષિત જણાવ્યા હતા. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના સંખેડા - બહાદરપુર ઓરસંગ બ્રિજ વેલ ફાઉન્ડેશન સ્ટ્રક્ચર વર્તમાન પરિસ્થિતિ જોતા ભારે વરસાદની પરિસ્થિતિમાં બ્રિજ પર વાહનવ્યવહાર બંધ કરવા સૂચના આપી હતી. રતનપુર ઓરસંગ બ્રિજ પાઈલ ફાઉન્ડેશનનુ ધોવાણ થતુ હોવાથી ચોમાસાની ઋતુમાં સતત બ્રિજનુ મોનીટરીંગ કરવા અને જરૂર જણાય તો વાહનવ્યવહાર બંધ કરવા સૂચના આપી હતી.

### અધિકારીઓએ બોટમાં બેસી છોટાઉદેપુર જિલ્લામાં

# બોડેલી પાસેથી નર્મદાની મુખ્ય કેનાલ પરના બ્રિજનું વીડિયોગ્રાફી સાથે નિરીક્ષણ કર્યું

### ચોમાસાની સીઝન હોવાને કારણે આ પ્રકારનું ઇન્સ્પેક્શન નિયમિત પ્રક્રિયાનો ભાગ



બોડેલી, તા.૧૨

વડોદરા નજીક ગંભીરા બ્રિજ પર બનેલી ગંભીર ઘટના બાદ આખા રાજ્યમાં જુદા જુદા બ્રિજોનાં સુરક્ષા નિરીક્ષણો હાથ ધરાયા છે. છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી નજીકના મેરિયા અને ઓરસંગ નદી પરના બે બ્રિજ પહેલાંથી જ જર્જરિત હોવાથી મોટા વાહનો માટે બંધ કરી દેવાયા છે.

આજરોજ પણ બોડેલી વડોદરા મુખ્ય હાઈવે પર આવેલા નર્મદાની મુખ્ય કેનલ પરના બ્રિજનું પણ રુટિન ઈન્સ્પેક્શન હાથ ધરાયું. વિશેષ એ છે કે, અધિકારીઓએ જણાવ્યું કે ચોમાસાની સિઝન હોવાને કારણે આ પ્રકારનું ઈન્સ્પેક્શન નિયમિત પ્રક્રિયાનો ભાગ હોય છે બોડેલી થી બહાર જવા માટે એકમાત્ર આ નર્મદા ની મુખ્ય કેનાલ વાળો બ્રિજ જ હાલ આખરી ઓપ્શન છે અને બીજો માર્ગ હાલોલ તરફ જતો માર્ગ છે આ માર્ગ ઉપર પણ ખાખરીયા ગામ પાસેના બ્રિજ પણ ઓક્સિજન પર છે કારણ કે આ બ્રિજ પણ પાછલા બે વર્ષથી મરણ પથારીએ છીએ આ બ્રિજનું કામ પણ હાથ ધરવામાં આવતું નથી આ સિવાય ઓરસંગ બ્રિજ તથા મેરીયા બ્રિજ તો બંધ જ કરી દેવામાં આવ્યા છે હવે માત્ર નર્મદાની મુખ્ય કેનાલ ઉપરથી પસાર થતો બ્રીજ જ કાર્યરત છે નર્મદાની મુખ્ય કેનાલ ઉપરથી પસાર થતો બ્રિજ કેવો છે અને તેની ઉપરથી ભારદાર વાહન પસાર થઈ શકે કે કેમ તે તો રિપોર્ટ રજૂ કર્યા બાદ જ ખબર પડી શકશે હાલ તો આ બ્રિજ ઉપરથી ભારદાર વાહનો આરામથી અવર-જવર કરી શકે છે બોડેલી પાસેથી પસાર થતી નર્મદા ની મુખ્ય કેનલ ઉપર બનાવવામાં આવેલ બ્રિજનું અધિકારીઓ એ ખાસ બોટમાં બેસી વિડીયોગ્રાફી સાથે નિરીક્ષણ કર્યુ હતું

### વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગમાં ચકચાર

# લીમડાબરા મુખ્ય પ્રાથ. શાળામાં બાળકો પાસે મજૂરીકામ તેમજ સાફ-સફાઈ કરાવવામાં આવી

### વીડિયો વાયરલ થતાં શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓમાં ભારે આક્રોશ



દાહોદ, તા.૧૨

દાહોદ તાલુકાના લીમડાબરા મુખ્ય પ્રાથમીક શાળામાં બાળકોને શાળાના શિક્ષકો દ્વારા મજુરી કામ તેમજ સાફ સફાઈ કરાવતાં હોવાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ સહિત લીમડાબરાના ગ્રામજનોમાં ચકચાર સાથે સ્તબ્ધતા વ્યાપી જવા પામી છે ત્યારે આ સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ થાય તે અત્યંત આવશ્યક છે. દાહોદ જિલ્લામાં જાણે રામ રાજ્ય અને પ્રજા સુખી જેવો ઘાટ જોવા મળી રહ્યો છે. તે પછી સરકારી કચેરીઓ હોય કે શિક્ષણ વિભાગ હોય. દાહોદ જિલ્લો કોઈને કોઈ પ્રકરણમાં ચર્ચાની એરણે રહેતો આવ્યો છે. ત્યારે દાહોદના લીમડાબરા મુખ્ય પ્રાથમીક શાળાનો વિડીયો વાઈરલ થતાં વાલીઓ સહિત દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ આલમમાં ચકચાર મચી જવા પામી છે. સંભવતઃ આ વિડીયો થોડા દિવસો પહેલાનો છે જેમાં શાળા પ્રવેશોત્વ કાર્યક્રમના સમયગાળા દરમ્યાન હોવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે આ વાઈરલ થયેલ વિડીયોમાં શાળાના શિક્ષકો એક તરફ ઉભા છે અને બીજી તરફ શાળાના બાળકો સાથે મજુરી કામ તેમજ સફાઈ કામ કરાવતાં વાઈરલ વિડીયોમાં સ્પષ્ટ જોવાઈ રહ્યું છે. આ વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાંની સાથે શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ મામલે તપાસ હાથ ધરવામાં આવે અને જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી વાલીઓમાં અંદરખાને માંગણીઓ ઉઠવા પામી છે. ત્યારે આ મામલાને ગંભીરતાથી લઈ દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આ વાઈરલ વિડીયોની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

### લીમખેડા બીઆરસી ભવન ખાતે

## દિવ્યાંગ બાળકો માટે સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો

### દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવા પ્રયાસ

લીમખેડા, તા.૧૨

દાહોદ જિલ્લામાં આવેલી લીમખેડા તાલુકાના બીઆરસી ભવન ખાતે દિવ્યાંગ બાળકો માટે વિશેષ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. ધાનપુર, દેવગઢ બારીયા, સીંગવડ અને લીમખેડા તાલુકાના વિવિધ ગામોમાંથી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને તેમના વાલીઓ સંખ્યામાં આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા.



આ કેમ્પ સમગ્ર શિક્ષા અભિયાન અને એડિપ્સ યોજનાઓના સંયુક્ત ઉપક્રમ હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં અલિમ્કો ની વિશેષ તબીબી ટીમ દ્વારા દરેક બાળકનું તબીબી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.કેમ્પનો મુખ્ય હેતુ એવા બાળકોને ઓળખી તેમનાં દૈનિક જીવન અને શિક્ષણમાં સહાયરૂપ બની શકે તેવા સાધનો જેમ કે કાનના મશીનો, ટ્રાઈસિકલ, વોકર, ક્રચીસ વગેરે માટે યોગ્ય યોગ્યતાનું નિર્ધારણ કરવું હતું. પછી આવતા તબક્કામાં આ સાધનો નીષ્કામ હેતુથી વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્પેશિયલ એજ્યુકેટર્સ, વિશિષ્ટ શિક્ષકો તથા બાળકોના વાલીઓની ઉપસ્થિતિ રહ્યા હતા. આ કેમ્પના આયોજનથી દિવ્યાંગ બાળકોને આત્મનિર્ભરતા તરફ એક પગથિયો પૂરું પાડવામાં આવ્યો છે.

### ડિવાઇન વર્ડ કિન્ડર ગાર્ટન સ્કૂલમાં

## શિક્ષિકાએ પાંચ વર્ષીય બાળકીને લાકડી વડે મારી ઈજાઓ પહોંચાડી

### શિક્ષિકા સામે વાલીએ ફરિયાદ નોંધાવી

ગોધરા, તા.૧૨

ગોધરા શહેરના અમદાવાદ રોડ પર સેન્ટ મેરિસ ચર્ચ પાછળ આવેલ ડિવાઈન વર્ડ કિન્ડર ગાર્ટન સ્કૂલમાં શિક્ષિકાએ પાંચ વર્ષીય બાળકીને લાકડી વડે મારીને ઈજાઓ પહોંચાડી હતી.સમગ્ર મામલે શિક્ષિકા સામે વાલીએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

ગોધરા શહેરના એસ.ટી.નગર પાસે રામનગર સોસાયટીમાં એક પરીવારનો ડિવાઈન વર્ડ કિન્ડર ગાર્ટન સ્કૂલમાં અભ્યાસ કરતી પોતાની પાંચ વર્ષીય દીકરીને શાળાના શિક્ષિકા દ્વારા માર મરાયાનો ગંભીર આરોપ લગાવતા પોલીસ ફરિયાદ નોંધાવી છે.ફરીયાદી અનુસાર ગત તા ૨ જુલાઈના રોજ રાત્રે કામથી વડોદરાથી પાછા ફર્યા બાદ તેમને જોવા મળ્યું હતું કે તેમની દિકરીના જમણા હાથના કોણીના ભાગે ઈજાની નિશાની હતી.પુછપરછ કરતાં બાળકીએ જણાવ્યું કે તેને શાળામાં ક્લાસ ટીચર મનિષાબેન લાલવાણી દ્વારા લાકડીથી માર મારવામાં આવ્યો હતો.આ ઘટનાની જાણ થતા વાલી કેદારભાઈ રાઠોડે તરત જ સ્કૂલ મેનેજમેન્ટનો સંપર્ક કર્યો હતો.ફરિયાદમાં તેમનું કહેવું છે કે સ્કૂલ મેનેજર ફાધર રાજાએ પણ આ ઘટનાની પુષ્ટિ કરતાં શિક્ષિકા મનિષાબેન લાલવાણીને બોલાવી તેમને બાળકને માર મારવાનું ચોક્કસ રીતે સ્વીકારી લીધું હતું. બીજી તરફ ગત તા ૧૦ જુલાઈના રોજ બાળકીના હાથમાં દુઃખાવો વધતા તેઓ બાળકીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. ત્યારે સમગ્ર મામલે બાળકીના પિતાએ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે શિક્ષિકા સામે ફરિયાદ નોંધાવી હતી.

### ટ્રસ્ટના પ્રમુખ ભાવેશ શિરોલાવાલાની અધ્યક્ષતામાં

## બોડેલીની શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે નવનિયુક્ત શિક્ષકોનો અભિવાદન સમારોહ

### સરકાર દ્વારા મહેકમ પ્રમાણે શિક્ષકોની નિયુક્તિ કરાઈ છે

બોડેલી, તા.૧૨

છોટાઉદેપુર જિલ્લાની સૌથી મોટી અને નામાંકિત શેઠ એચ.એચ શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી ખાતે આજે સરકાર દ્વારા મહેકમ પ્રમાણે નિયુક્ત કરાયેલ નવા ૧૦ શિક્ષકોનો શુભેચ્છા સન્માન સમારોહ ટ્રસ્ટના પ્રમુખ ભાવેશભાઈ શિરોલાવાલાની અધ્યક્ષતામાં યોજાયો હતો જેમાં બોડેલીના અગ્રણીઓ હેમંતભાઈ આર.શાહ, વૈષ્ણવ સમાજ નાં અગ્રણી અને વય નિવૃત્ત શિક્ષક અશ્વિનભાઈ શાહ, નૈનેશભાઈ પટેલ, ઈન્દ્રજીતભાઈ પટેલ, સરકારી વકીલ યોગેશભાઈ દરજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના પ્રારંભમાં શાળાની શિક્ષિકા બહેનોએ પ્રાર્થના કરી ત્યારબાદ દીપ પ્રાગટ્ય થયું અને દરેક નવનિયુક્ત શિક્ષકોનો પરિચય



આપી તેઓનું ઉપસ્થિત મહાનુભાવના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતુ . આ એક પ્રેરણાદાયી આયોજન શિરોલાવાલા હાઈસ્કુલ કમિટી ટ્રસ્ટનાં ઉત્સાહી પ્રમુખ ભાવેશભાઈ શિરોલાવાલા એ કર્યુ હતુ કે જેથી કરીને નવા આવનાર શિક્ષકોનો ઉત્સાહ વધે અને તેઓ ને પ્રોત્સાહન મળે હુંફ પણ મળી રહે એ હેતુથી આયોજન કરવામાં આવ્યું સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે અને હજુ પણ વધુને શાળાનો વધુ વિકાસ થાય અને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા વાળુ શિક્ષણ પ્રાપ્ત થાય એ માટેનાં સતત પ્રયત્નો પ્રમુખ તેમજ શાળાનાં આચાર્યશ્રી તેમજ શિક્ષકગણ દ્વારા કરવામાં આવશે.

### મહિલા સરપંચના સસરા દ્વારા સુખસરના વ્યક્તિને ધમકી

ઝાલોદ-સુખસર, તા.૧૨

સુખસરના એક વ્યક્તિને સમાચારો બાબતે મોટરસાયકલથી અકસ્માત કરવાની કોશિશ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેની સુખસર પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.સુખસર ખાતે રહેતા બાબુભાઈ સોલંકી બેંક ઓફ બરોડા શાખાની સામે કાર્યાલય ધરાવે છે.જેઓસુખસર ખાતે આવેલ પોતાની કાર્યાલયથી બેંક ઓફ બરોડા પાસેથી પગે ચાલી પસાર થઈ રહ્યા હતા.તેવા સમયે આફવા ગ્રામ પંચાયત મહિલા સરપંચ સરલાબેન વળવાઈના સસરા ચેતન ઉર્ફે રમણ બીજીયાભાઈ વળવાઈનાઓ આ બાબુભાઈની પાછળથી પોતાના કબજાની મોટરસાયકલને પુરપાટ અને ગફલત ભરી રીતે હંકારી લાવી અકસ્માત કરવાની કોશિશ કરતા સમય સૂચકતા વાપરી બાબુભાઈ રસ્તાની સાઈડમાં ખસી ગયા હતા.

સાવજ ડેરીના દૂધ અંગે ગોપાલ ઈટાલિયાના નિવેદનથી સાવજ ડેરીના ચેરમેને ધમકી આપી

# ચેરમેન દિનેશ ખટારિયાએ ગોપાલ ઈટાલિયાને કહ્યું, તું તારી મર્યાદામાં રહેજે, મારી ડેરીનું નામ સાવજ છે

## તું કોના ઈશારે કામ કરે છે તેની મને બધી ખબર છે : સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયા




ગાંધીનગર,તા.૧૨

જૂનાગઢ જિલ્લાના વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં જીત્યા બાદ આમ આદમી પાર્ટી-'આઆપ'ના ગોપાલ ઈટાલિયા તેના નિવેદનો કારણે સતત ચર્ચામાં રહે છે, જેના કારણે હાલમાં ગુજરાતના રાજકારણ ભારે ગરમાવો ચાલી રહ્યો છે. જૂનાગઢની સાવજ ડેરીના દૂધ અંગે કરેલા આક્ષેપિત નિવેદન બાદ સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયા 'આઆપ'ના ગોપાલ ઈટાલિયા સામે લાલઘૂમ થયા છે. એટલું જ નહીં, ગોપાલ ઈટાલિયાને ધમકી આપતા કહ્યું છે કે, તું તારી મર્યાદામાં રહેજે, મને બધી ખબર છે કે, તું કોના ઈશારે કામ કરે છે. સાવજ ડેરીના ચેરમેનની ધમકી બાદ રાજકારણમાં વધુ ગરમાવો આવી ગયો છે.

વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં જીત્યા બાદ 'આઆપ'ના નેતા ગોપાલ ઈટાલિયા રોજ કોઈને કોઈ એવું નિવેદન કરે છે જેના કારણે ભાજપના નેતાઓ ગુસ્સે થઈ જાય છે અને ભડકતા નિવેદનો કરી રહ્યા છે. ગઈકાલે જૂનાગઢના વંથલીમાં 'આઆપ'ના નેતા ગોપાલ ઈટાલિયાએ જૂનાગઢની સાવજ દૂધ ડેરી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં ગોપાલ ઈટાલિયાએ એવું નિવેદન કર્યું હતું કે, સાવજ દૂધ ડેરીમા દૂધમાં કેમિકલ ભેળવવામાં આવે છે. જેથી કેન્સરના દર્દીઓમા વધારો થયો છે. તેમના નિવેદન બાદ સાવજ ડેરીના ચેરમેન અને ભાજપ અગ્રણી દિનેશ ખટારિયા ભારે ભડક્યા છે, એટલું જ નહીં, તેમણે ગોપાલ ઈટાલિયાને ગર્ભિત સ્વરમાં ધમકી પણ આપી દીધી છે.

ગોપાલ ઈટાલિયાના નિવેદન બાદ સાવજ દૂધ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયાએ ગોપાલ ઈટાલિયાને જણાવ્યું હતું કે, તું તારી મર્યાદામાં રહેજે. મારી ડેરીનુ નામ જ સાવજ છે. સાવજનો ચાળો કરવો રેવા દે. સાવજનો ચાળો કરનારા હજી બખોલમાથી બહાર નથી આવ્યા. તું કોના ઈશારે કામ કરે છે તેની મને ખબર છે. વિસાવદરની ભોળી જનતાએ તને મત આપ્યા છે તેની સેવા કર, બીજું બધુ રહેવા દે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના વંથલી ખાતે આમ આદમી પાર્ટી-'આઆપ' દ્વારા યોજાયેલા સદસ્યતા અભિયાન કાર્યક્રમમાં ગોપાલ ઈટાલિયાએ ભાજપના નેતા અને વિસાવદર પેટાચૂંટણીમાં તેમના હરીફ ઉમેદવાર રહેલા કિરીટ પટેલ સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ભાજપના માણસો જૂનાગઢની સાવજ ડેરીમાં કેમિકલવાળુ દૂધ પેકિંગ કરે છે, જે પીવાથી કેન્સર જેવી ગંભીર બિમારીઓ વધી રહી છે.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના મળતિયાઓ નકલી મંડળી બનાવી મતદાન કરાવીને ચૂંટણી જીતી જાય છે. ત્યારબાદ ડેરીમાં કેમિકલવાળું દૂધ પેકિંગ થાય છે અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરે છે. તેમ છતાં આપણો આત્મા જાગતો નથી, આપણે હિન્દુ-મુસ્લિમ અને પાકિસ્તાનમાં જ અટવાયેલા છીએ. આ કેમિકલવાળું દૂધ કિરીટ પટેલ અને તેના માણસો પીવડાવે છે.

વિજ્ઞાન પ્રવાહ ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા

# વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું ૪૧.૫૬ ટકા પરિણામ જાહેર

## પરીક્ષામાં નિષ્ફળ રહેલા પરીક્ષાર્થીઓને લઈને જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન પૂરક પરીક્ષા યોજાઈ હતી



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨ના પરિણામ જાહેર થયા બાદ પરીક્ષામાં નિષ્ફળ રહેલા પરીક્ષાર્થીઓને લઈને જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન પૂરક પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૨૩ જૂન, ૨૦૨૫થી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા શરૂ થઈ હતી. ત્યારે શનિવારે (૧૨મી જુલાઈ) ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.મળતી મહાતિ અનુસાર, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓ હતા, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં હાજર રહ્યા હતા અને ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એટલે ૪૧.૫૬ ટકા પરિણામ આવ્યું છે. A ગ્રૂપનું પરિણામ ૪૯.૩૨ ટકા આવ્યું છે અને B ગ્રૂપનું પરિણામ ૪૦.૪૭ ટકા આવ્યું છે. આ ઉપરાંત AB ગ્રૂપનું પરિણામ ૩૭.૫૦ ટકા આવ્યું છે.

શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'જૂન-જુલાઈ ૨૦૨૫માં યોજાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષાનું પરિણામ ૧૨મી જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પરિણામ બોર્ડની વેબસાઈટ પ્રજીહ્રૂ.ર્િ પર પોતાનો બેઠક ક્રમાંક નાખીને પરિણામ મેળવી શકશે.' ઉલ્લેખનીય છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ હેઠળ જૂન-જુલાઈ મહિના દરમિયાન ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષા લેવામાં આવી. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા ૨૩ જૂન, ૨૦૨૫ શરૂ થઈ હતી. જેની હોલટિકિટ ૧૨ જૂનથી બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ થવાની શરૂ થઈ હતી. શિક્ષણ બોર્ડની માહિતી અનુસાર ધોરણ ૧૦-૧૨માં જૂન-જુલાઈ, ૨૦૨૫ની પૂરક પરીક્ષામાં અલગ-અલગ વિષયના કુલ ૧૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હોવાનું સામે આવ્યું છે.

શહેરમાં ૧૪૮મી રથયાત્રાનો બંદોબસ્તશાંતિ અને સૌહાર્દપૂર્ણ રીતે કરવા બદલ

# અમદાવાદ શહેર પોલીસ કમિશનર તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મંદિર ટ્રસ્ટ દ્વારા સન્માન સમારોહ યોજાયો



અમદાવાદ તા.૧૨

૧૪૮મી રથયાત્રાનો બંદોબસ્ત શાંતિ અને સૌહાર્દપૂર્ણ રીતે કરવા બદલ અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિક તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક અને પારંપારિક રથયાત્રા અમદાવાદ શહેરની આગવી ઓળખ છે. આ ઉત્સવની સૌહાર્દપૂર્ણ ઉજવણી થાય તે અમદાવાદ શહેર પોલીસની પ્રતિબદ્ધતા અને વિશેષ જવાબદારી છે. આ રથયાત્રામાં વિશેષ જવાબદારી નિભાવવા બદલ ઉચ્ચ અધિકારીઓ,અમદાવાદ પોલીસ કમિશનર જી એસ મલિક,ટ્રાફિક જેસીપી એન એન ચૌધરી,જોઈન્ટ પોલીસ કમિશનર સેક્ટર ૧ નીરજ બડગુજર,અમદાવાદ શહેરના તમામ ડીસીપીઓ, એસપીઓ અને પીઆઈઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ઉપસ્થિત રહ્યા હતા.

વરસાદથી તૂટેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મરામતની કામગીરી હાથ ધરાઈ

# અમદાવાદથી રોહિકા વચ્ચે માર્ગ મરામત અને ડ્રેનેજ ક્લીનિંગ કાર્ય પૂર્ણ કરાયું

## ગાંધીનગર–સરખેજ હાઇવે પર ખોડિયાર રેલ્વે ઓવરબ્રિજના માર્ગ પર બ્રુમર દ્વારા સફાઈ કાર્ય હાથ ધરાયું




ગાંધીનગર,તા.૧૨

ચોમાસાના વરસાદના કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ખાડા તેમજ રોડ તૂટી ગયાની અસંખ્ય ફરિયાદો ઉઠવા પામી છે. જેના અંતર્ગત અમદાવાદ શહેર-જિલ્લામાંથી પસાર થઈ રહેલા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર હાલમાં માર્ગ મરામત અને રોડ સાઈડ ડ્રેનેજ ક્લીનિંગ સહિતના કાર્યો ઝડપથી પૂર્ણ કરવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ અમદાવાદ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેના અંતર્ગત રાષ્ટ્રીય ધોરીમાર્ગ (નેશનલ હાઈવે-એનએચ) -૪૭ પર અમદાવાદ-રાજકોટ હાઈવે પરના નવાપુરાથી રોહિકા વચ્ચે વરસાદના લીધે ક્ષતિ પામેલા રસ્તાઓ પર માર્ગ મરામત અને ડ્રેનેજ ક્લીનિંગ કાર્ય પૂર્ણ કરાયું હતું. રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ અમદાવાદની ટીમો દ્વારા પોટહોલ રિપેર સહિત ડ્રેનેજ ક્લીનિંગની કામગીરી તાકીદે પૂર્ણ કરવામાં આવી હતી.આ ઉપરાંત અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે-૪૭ ઉપર ભોગાવો નદી ઉપર ચાલી રહેલ નવીન પુલને વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકવા પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ દ્વારા કામગીરી ઝડપી બનાવવામાં આવી છે.

આવી જ રીતે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ (એનએચ) –૧૪૭ પર ચિલોડા–ગાંધીનગર–સરખેજ હાઈવે પર આવેલ ખોડિયાર રેલ્વે ઓવરબ્રિજના માર્ગ પર કપચીની ઉપરની પરત હળી જવાને કારણે ધૂળ ઊડી રહી હતી. જેના કારણે વાહનચાલકોને વિઝનમાં અડચણ ઉભી થઇ રહી હતી. જેથી વાહનચાલકોની સુરક્ષા ધ્યાને લઈને આ ઓવરબ્રિજ પર તાકીદે બ્રુમર અને મજૂરો દ્વારા સફાઈનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

ફાયરબ્રિગેડ વિભાગે ૧૫ દિવસ પહેલા પણ તમામને નોટિસ ફટકારી હતી

# શહેરમાં ૯૧ હોસ્પિટલે ફાયર NOC રિન્યૂ નથી કરાવ્યું : ૪ હોસ્પિટલ સીલ

સુરત, તા.૧૨

સુરત શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં હોસ્પિટલો આવેલી છે પરંતુ અવારનવાર બનતી ગંભીર દુર્ઘટનાઓને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા હોસ્પિટલમાં ફાયર એનઓસી મામલે સખ્તાઈ વાપરી છે. ત્રણ મહિના અગાઉ ૯૬ હોસ્પિટલોને ફાયર એનઓસી રીન્યુ કરાવવા માટે નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં તે પૈકી માત્ર પાંચ હોસ્પિટલનાં સંચાલકોએ જ ફાયર એનઓસી રીન્યુ કરાવી છે. જેથી બીજી વાર ૯૧ હોસ્પિટલનાં સંચાલકોને નોટિસ ફટકાર્યા બાદ ગતરોજ ચાર જેટલી હોસ્પિટલોને સીલ કરી દેવામાં આવી છે. જેના કારણે હોસ્પિટલ સંચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.સુરત મહાનગર પાલિકાના ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા ફાયર એનઓસી રીન્યુ મુદ્દે ત્રણ મહિના પહેલા સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી કુલ ૯૬ હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી હતી. આ તમામ હોસ્પિટલોએ પોતાની ફાયર એનઓસી રીન્યુ કરાવી ન હતી. જેથી તેઓને નોટિસ ફટકારવામાં આવી હતી. ત્યારબાદ માત્ર ૫ હોસ્પિટલ સંચાલકોએ જ ફાયર એનઓસી રીન્યુ કરાવી હતી. જો કે આ નોટિસ ફટકાર્યાના ત્રણ મહિના થવા છતાં પણ અન્ય હોસ્પિટલ સંચાલકો દ્વારા ફાયર એનઓસી રીન્યુ કરાવવામાં નહીં આવતા ૧૫ દિવસ અગાઉ ફરીથી ૯૧ હોસ્પિટલોના સંચાલકોને ફાયર એનઓસી રીન્યુ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. આ વાતને પંદર દિવસ થવા છતાં એક પણ હોસ્પિટલના સંચાલકોએ ફાયર એનઓસી રીન્યુ કરાવવાની પ્રોસેસ નહીં કરતા ગતરોજ મોડી રાત્રે ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા હોસ્પિટલો સીલ મારવાનું શરૂ કર્યું હતું. જેમાં પાંડેસરા વિસ્તારમાં પિયુષ પોઈન્ટ પાસે જલારામ નગરમાં આવેલ શ્રી દીપ ચિલ્ડ્રન કેર હોસ્પિટલ તથા પિયુષ પોઈન્ટ પાસે આવેલ કર્મયોગી સોસાયટી વિભાગ-૧ ના ગેટ નંબર બે પર આવેલ કવિતા પ્રસુતિ ગૃહ એન્ડ જનરલ હોસ્પિટલ તથા પાંડેસરા અલથાણ કૈલાશ ચોકડી વીઆઈપી રોડ પર આવેલ કે.એસ. બી.ઓલમ્પિયા મોલમાં આવેલ એડવાન્સ ઓર્થોપેડિક ૫ સર્જીકલ હોસ્પિટલ અને ઉધના નવસારી મેઈન રોડ પર ઉન પાટિયા ખાતે રોયલ સ્કવેરમાં આવેલ ઉન મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલને સીલ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ તમામ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓના ભાગને બાકાત કરીને તમામ જગ્યાને સીલ કરી દેવામાં આવી છે. જેમાં ડોક્ટરની કેબીનો, ઓપીડી વિભાગ, કેશ કાઉન્ટર સહિતની તમામ જગ્યાઓને સીલ કરી દેવામાં આવી છે. જ્યાં દર્દીઓની સારવાર કરવામાં આવે છે તે હોસ્પિટલોમાં જ ફાયર એન. ઓ.સી. બાબતે બેદરકારી સેવવામાં આવતી હોય ત્યાં કડક કાર્યવાહી જરૂરી હોવાનું ફાયર વિભાગનાં અધિકારીએ જણાવ્યું હતું.

શાળાનાં તમામ સ્ટાફે મફત કે ફી લઇને ટ્યૂશન કરાવતા નથી એવું એફિડેવિટ આપવું પડશે

# ટ્યૂશનિયા શિક્ષકો સામે પગલાં નહીં ભરનાર શાળા સામે સરકાર પગલાં ભરશે

## શાળાનાં આચાર્ય ઉપર જવાબદારીનો ભાર નાખવામાં આવ્યો

સુરત, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં નીતિ નિયમો નેવે મૂકીને સુરતની અનેક સરકારી, ખાનગી સ્કુલોના શિક્ષકો તેમજ નોનટીચિંગ સ્ટાફ યેનકેન પ્રકારે પ્રાઈવેટ કોચિંગ ક્લાસનું સંચાલન કરી રહ્યા છે અગર તો સીધી કે આડકતરી રીતે કોચિંગ ક્લાસીસો સાથે સંકળાયેલા હોવાનું ધ્યાને આવ્યું છે. રાજ્યનાં શિક્ષણ વિભાગ અને ગુજરાત બોર્ડે ટ્યુશનિયા શિક્ષકોનો ઉપદ્રવ કાયમી રીતે દૂર કરવા માટે કડક યોજના બનાવી છે અને તેનો અમલ અમદાવાદમાં શરૂ કરી દેવાયો છે. ટૂંકસમયમાં સુરતમાં પણ અમલ શરૂ કરવાની યોજનાને પગલે સુરત શહેર અને જિલ્લાનાં ટ્યુશનિયા શિક્ષકોમાં ફફડાટ મચી ગયો છે. ક્લાસીસમાં ભણાવવા જઈ રહેલાં સંખ્યાબંધ શિક્ષકો ત્યાં રજા મૂકવા માંડ્યા હોવાનું જાણવા મળે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમની જોગવાઈ મુજબ શાળાનાં શૈક્ષણિક કે બિન-શૈક્ષણિક કર્મચારીઓ પાસેથી ટ્યૂશન ક્લાસ ચલાવતા નથી તે મુજબની સ્ટેમ્પ પેપર પર બાંયધરી મેળવવાની હોય છે. અને ટ્યૂશન ક્લાસ રજિસ્ટર નિયમિત રીતે શિક્ષકો પાસે પ્રતિમાસ આચાર્યએ ભરાવવાનું રહેશે. કચેરીનાં અધિકારીની આકસ્મિક મુલાકાત વખતે સરળતાથી મળી રહે તેમ રાખવા માટે પણ તાકીદ કરાઈ છે. ટ્યૂશન ક્લાસ રજિસ્ટર વૈધાનિક રજિસ્ટર છે આથી આ રજિસ્ટરમાં

> **અમદાવાદમાં ટ્યુશનિયા શિક્ષકો સામે કાર્યવાહી શરૂ, ટૂંક સમયમાં સુરતમાં અમલ શરૂ થશે**

ભરવામાં આવતી માહિતી સંપૂર્ણ સાચી હોય તે અત્યંત જરૂરી છે. જો તપાસના અંતે આ માહિતી ખોટી નીકળશે તો માહિતી ભરનારે ઈરાદાપૂર્વક સાચી માહિતી છૂપાવી છે તેમ માની શાળાના સંચાલક-આચાર્ય તેમજ શિક્ષણ વિભાગ સાથે છેતરપિંડી કરી બનાવટી રેકર્ડ ઊભું કરેલું છે તેમ માનવામાં આવશે. આ માટે શૈક્ષણિક કે બિન-શૈક્ષણિક કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબત આચાર્યએ તમામ સ્ટાફનાં ધ્યાને મૂકવાની રહેશે અને જાણ કર્યા બદલની સહી મેળવી રેકર્ડ પર રાખવાની રહેશે.

ટ્યૂશન ક્લાસ રજિસ્ટરમાં શૈક્ષણિક કે બિન-શૈક્ષણિક કર્મચારી દ્વારા શૂન્ય માહિતી ભરવામાં આવે તો શાળાના આચાર્ય પોતાના કાર્યાલય બહાર પોતાની સહી સાથેનું નીચે મુજબનું બોર્ડ બધા જ સરળતાથી વાંચી શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. અમારી શાળાના શૈક્ષણિક - બિન શૈક્ષણિક કર્મચારીઓની લેખિત બાંયધરી પ્રમાણે ખાનગી ટ્યૂશન કરતા નથી તેમ જણાવે છે." જોગવાઈનો ભંગ કરનારા શિક્ષકો સામે સંચાલક મંડળે નિયમ અનુસાર શિસ્ત વિરૂદ્ધની કાર્યવાહી કરીને તે શિક્ષક સામે શિક્ષા કરવાની રહેશે. ખાનગી ટ્યૂશન કરનારા શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓની જાણ હોવા છતાં તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી કરી પગલાં ન ભરનારા સામે ગ્રાન્ટ ઇન એઇડ કોડનાં નિયમની જોગવાઈઓ હેઠળ ગ્રાન્ટ કાપ તેમજ ખાતાને યોગ્ય લાગે તેવા નિયમોનુંસાર પગલાં ભરવામાં આવશે. જે શાળાઓને નિભાવ ગ્રાન્ટ મળવા પાત્ર ન હોય તો તેવી શાળાઓની નોંધણી રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. ખાનગી વ્યક્તિ દ્વારા પણ ફરિયાદ કરવામાં આવશે તો તે અંગે તપાસ કરીને ફરિયાદમાં તથ્ય જણાશે તો પગલાં ભરવામાં આવશે.

મનપા દ્વારા અપાયેલી નોટિસનો અનાદર કરતા પગલાં લેવાયાં

# લિંબાયતમાં ગેરકાયદે ધમધમતી ૩૭ તપેલા ડાઈંગ સીલ




સુરત, તા.૧૨

સુરત શહેરમાં ખાસ કરીને લિંબાયત ઝોન વિસ્તાર તથા ઉધના ઝોન વિસ્તાર, કતારગામ, સચિનમાં ગેરકાયદેસર તપેલા ડાઈંગ ખૂબ મોટા પ્રમાણમાં ધમધમે છે. મહાનગર પાલિકા દ્વારા અવારનવાર આવા તપેલા ડાઈંગ ચલાવતા લોકોને નોટિસો ફટકારવામાં આવે છે પરંતુ તેઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં

> **ખાડીઓમાં ગેરકાયદે જોડાણ કરીને કેમિકલયુક્ત પાણીનો નિકાલ કરે છે**

આવતી નથી. લિંબાયત ઝોન દ્વારા આવા તપેલા ડાઈંગ ચલાવતા યુનિટો સામે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવી હતી અને ૩૭ જેટલી તપેલા ડાઈંગ સીલ કરી દેવામાં આવી છે જેના કારણે ગેરકાયદે તપેલા ડાઈંગ અને પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

લિંબાયત ઝોનમાં ડુંભાલ વિસ્તારમાં આવેલ મહાપ્રભુનગર, ગોવિંદ નગર, મંગલા પાર્ક, રતનજી નગર, સરદાર નગર, એસ. કે નગર સહિતની સોસાયટીઓમાં અનેક ગેરકાયદેસર તપેલા ડાઈંગ આવેલા છે. જેમાં કાપડના પ્રોસેસિંગ માટે કેમિકલનો વપરાશ કરવામાં આવે છે. આ કેમિકલ યુક્ત પાણી ટ્રીટ કર્યા વગર જ સુરત મહાનગરપાલિકાની ડ્રેનેજ લાઈનમાં નિકાલ કરવામાં આવે છે. કેમિકલ યુક્ત પાણી તાપી નદી અને ખાડીમાં છોડતા હોવાને કારણે લોકોના આરોગ્ય સાથે પર્યાવરણને પણ નુકસાન થઈ રહ્યું છે. જેથી પાલિકા દ્વારા આવી તપેલા ડાઈંગ યુનિટ ચલાવતા સંચાલકોને નોટિસો ફટકારવામાં આવી હતી અને અવારનવાર મૌખિક સૂચના પણ આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ પણ તેઓ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા અને ખાડીમાં ગેરકાયદે જોડાણ કરી કેમિકલ યુક્ત પાણીનો નિકાલ ચાલુ રાખ્યો હતો. જેથી લીંબાયત ઝોનની ટીમ દ્વારા આજે આ તમામ વિસ્તારમાં આવેલ કુલ ૩૭ જેટલા તપેલા ડાઈંગ અને પ્રિન્ટિંગ પ્રેસ યુનિટને સીલ કરી દેવામાં આવ્યા છે. જેથી ગેરકાયદે તપેલા ડાઈંગ અને પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા સંચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# નશા માટે વપરાતી સીરપની બોટલો કુરિયરથી હેરાફેરી કરવાનો પર્દાફાશ

સુરત, તા.૧૨

નશા માટે ઉપયોગમાં લેવાતી કોડીન સીરપની ૩૫ બોટલો લઈ જતા યુવકને વલસાડ એસઓજીએ ઝડપી કરેલી તપાસમાં તેનું પગેરૂ સુરતનાં શાહપોર સુધી આવ્યું હતું. સુરતથી કફ સીરપની બોટલો પાર્સલમાં પેક કરી કુરિયર મારફતે વલસાડ મોકલનારા યુવકને સુરત એસઓજીએ પકડી પાડ્યો હતો.

મળતી માહિતી અનુસાર વલસાડ એસઓજીએ ભાગડાવા ગામે, અંબા માતાના મંદિર પાસેથી મોહમદ ઝૈદ સલીમ સિંધાને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો.

ઝૈદની એક્ટિવા ચેક કરતાં તેમાંથી કોડીન ફોસ્ફેટ કફ સીરપની ૩૫ બોટલ મળી આવી હતી. આટલા મોટા જથ્થામાં સીરપ રાખવા અંગે કરાયેલી તપાસમાં નશેડીઓનું કનેક્શન બહાર આવ્યું હતું. ઝૈદ સિંધાએ કફ સીરપની બોટલો સુરતમાં ભાગળ વિસ્તારમાં રહેતો મોહમ્મદ માઝ પતરાવાલા આપતો હોવાની કબૂલાત કરતાં તેને વોન્ટેડ જાહેર કરાયો હતો.

> **વલસાડ એસઓજીએ ઝૈદને ઝડપતાં સુરતનાં માઝનું નામ ખુલ્યું હતું**

માઝ અંગે તપાસ કરવા માટે વલસાડ પોલીસે સુરત એસઓજીનો સંપર્ક કર્યો હતો. જેમાં ઈન્સ્પેક્ટર એ.પી. ચૌધરીની ટીમનાં આસિ. સબ ઈન્સપેક્ટર હિતેશસિંહ ચૌહાણ તથા રાજુભાઈ હટીલાએ આ મામલે તપાસ હાથ ધરી હતી. જેમાં માઝ પાતરાવાલા શાહપોરમાં રહેતો હોવાનું બહાર આવ્યું હતું, જ્યાં તપાસ કરી મોહમદ માઝ ઉર્ફે માયા મોહમદ પરવેઝ પતરાવાલા (ઉ.વ-૨૨ રહે-ફ્લેટ નં-૨૦૨, બાગેનુર એપાર્ટમેન્ટ, વકીલ સ્ટ્રીટ, શાહપોર)ને ઝડપી લેવાયો હતો.

માઝ ઉર્ફે માયાની તપાસમાં એવી વાત બહાર આવી હતી કે તે કોટ વિસ્તારની જુદી જુદી મેડિકલ સ્ટોરમાંથી તબીબી પ્રિસ્ક્રિપ્શન વિના આ કફ સીરપ ખરીદતો હતો. દસ પંદર બોટલ એકઠી કરી તેનું તે પાર્સલ બનાવતો હતો. આ પાર્સલ તે કુરિયર મારફતે વલસાડ ઝૈદ સિંધાને મોકલતો હતો. માઝને વધુ તપાસ માટે વલસાડ સીટી પોલીસનાં હવાલે કરાયો હતો.

## શું કરવા દુનિયા આજે પણ તેની ૮૦ ટકાથી વધુ ઊર્જા માટે અશ્મિભૂત ઇંધણ પર નિર્ભર?

ઊર્જાના સૌથી સામાન્ય સ્ત્રોતોમાં તેલ, કોલસો અને ગેસનો સમાવેશ થાય છે. આ ઊર્જાને અશ્મિભૂત ઈંધણ કહેવામાં આવે છે અને તે હવા અને પાણી પ્રદૂષણ, જમીનનું અધોગતિ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ઘણી પર્યાવરણીય ચિંતાઓ તરફ દોરી જાય છે. દર વર્ષે ૧૦ જુલાઈના રોજ વૈશ્વિક ઊર્જા સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. લગભગ દરેક વસ્તુ ઊર્જાનો ઉપયોગ કરે છે, પછી ભલે તે ઓટોમોબાઈલ હોય, હીટિંગ હોય, ઘરગથ્થુ ઉપકરણો હોય અને બીજી ઘણી વસ્તુઓ હોય જેને ઊર્જાની જરૂર હોય. વીજળી વિના આધુનિક વિશ્વની કલ્પના કરવી લગભગ અશક્ય છે.

ઊર્જાના સૌથી સામાન્ય સ્ત્રોતોમાં તેલ, કોલસો અને ગેસનો સમાવેશ થાય છે. આ ઊર્જાને અશ્મિભૂત ઈંધણ કહેવામાં આવે છે અને તે હવા અને પાણીનું પ્રદૂષણ, જમીનનું અધોગતિ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ઘણી પર્યાવરણીય ચિંતાઓ તરફ દોરી જાય છે. વર્લ્ડ એનર્જી રિપોર્ટ મુજબ, વિશ્વના પ્રાથમિક ઉર્જા વપરાશનો ૮૨% ભાગ અશ્મિભૂત ઈંધણમાંથી આવે છે. તેનો ઉપયોગ વીજળી અને પાવર એન્જિન ઉત્પન્ન કરવા માટે થાય છે, અને ગરમી અથવા રસોઈ જેવા સીધા ઉપયોગ માટે ગરમી ઉત્પન્ન કરવા માટે પણ બાળવામાં આવે છે. માનવ વિકાસ માટે ઇતિહાસ દરમ્યાન અશ્મિભૂત ઈંધણ મહત્વપૂર્ણ રહ્યા છે, પરંતુ તેમાં ઘણી ખામીઓ પણ છે. પ્રથમ, તેમને બનવામાં લાખો વર્ષો લાગે છે અને તેથી તેમને નવીનીકરણીય માનવામાં આવતા નથી. આપણે અશ્મિભૂત ઈંધણના ભંડારને ચિંતાજનક દરે ઘટાડી રહ્યા છીએ અને નજીકના ભવિષ્યમાં નવા અશ્મિભૂત ઈંધણનું ઉત્પાદન થવાની શક્યતા ઓછી છે.

બીજું, અશ્મિભૂત ઈંધણ બાળવાથી કાર્બન ડાયોક્સાઇડ અને ઝેરી વાયુઓ બહાર નીકળે છે, જે ગ્લોબલ વોર્મિંગ અને વાયુ પ્રદૂષણ તરફ દોરી જાય છે. ત્રીજું, કેટલાક દેશો જે અશ્મિભૂત ઈંધણના મુખ્ય નિકાસકાર છે તેઓ તેનો ઉપયોગ ભૂરાજકીય લાભ માટે કરે છે. સંસાધન શાપ નામની એક ઘટના પણ છે જે ચોક્કસ પરિસ્થિતિઓમાં કુદરતી સંસાધનોની વિપુલતા ધરાવતા કેટલાક દેશોને અસર કરે છે. નવીનીકરણીય ઉર્જાનો સ્વીકાર આબોહવા પરિવર્તનને ઘટાડવા અને ઉર્જા સુરક્ષા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની જરૂરિયાતને કારણે થયો છે. અંતિમ ધ્યેય ગરમી, પરિવહન અને અન્ય ક્ષેત્રોમાં ટકાઉ ઉર્જા સ્ત્રોતો સાથે અશ્મિભૂત ઈંધણને બદલવાનો છે.

નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોમાં સૌર ઉર્જા, પવન ઉર્જા, જળવિદ્યુત, જૈવઉર્જા અને ભૂઉષ્મીય ઉર્જાનો સમાવેશ થાય છે. આમાંના કેટલાક નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો દાયકાઓથી જાણીતા અને ઉપયોગમાં લેવાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને નવીનીકરણીય ઉર્જા અશ્મિભૂત ઈંધણ સાથે વધુને વધુ સ્પર્ધાત્મક બની રહી છે. તેથી, આ દિવસનો હેતુ ઊર્જાના વૈકલ્પિક સ્વરૂપો વિશે જાગૃતિ લાવવા અને નવીનીકરણીય ઉર્જા અપનાવવાને પ્રોત્સાહિત કરવાનો છે.

ગ્લોબલ એનર્જી ઇન્ડિપેન્ડન્સ ડે વિશે વાત કરીએ તો, તેની શરૂઆત ૨૦૦૯ માં અમેરિકન રાજકારણી, લોસ એન્જલસ કાઉન્ટીના તત્કાલીન મેયર અને લોસ એન્જલસ કાઉન્ટી બોર્ડ ઓફ સુપરવાઇઝર્સના સભ્ય માઈકલ ડી. એન્ટોનોવિચ દ્વારા કરવામાં આવી હતી. તેઓએ સર્બિયન-અમેરિકન શોધક અને એન્જિનિયર નિકોલા ટેસ્લાના જન્મદિવસની ઉજવણી માટે ૧૦ જુલાઈની તારીખ પસંદ કરી, જે વૈકલ્પિક પ્રવાહ સાથેના તેમના પ્રયોગો માટે જાણીતા હતા, જેણે આધુનિક એસી પાવર સપ્લાય સિસ્ટમને આકાર આપવામાં મદદ કરી.

વૈશ્વિક ઉર્જા સ્વતંત્રતા દિવસ પર, નવીનીકરણીય ઉર્જા સંસ્થાઓ સામાન્ય લોકોમાં નવીનીકરણીય ઉર્જાના મહત્વ અને ઉર્જા સ્વતંત્રતા વિશે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો વિશે વધુ જાણવા અને તમે વ્યક્તિગત રીતે વધુ ઉર્જા કાર્યક્ષમ કેવી રીતે બની શકો છો તે જાણવા માટે આ એક આદર્શ તક છે. - તંત્રી

### પહેલાં કરતાં વધુ ઝડપથી ફરે છે આપણી ધરતી : વૈજ્ઞાનિકોએ કહ્યું- ભવિષ્યમાં પૃથ્વી પર ૨૫ કલાકનો દિવસ હોઈ શકે!

# પૃથ્વીની સ્પીડ વધી! સમય બદલવો પડશે!





તૂ જ સે પહલે ભી મેં થા, તેરે બાદ ભી મેં હૂં...
દુનિયા ડરતી હૈ જિસ સે, મૈં હી વોહ સમય હૂં...

મહાભારત સીરિયલ તમે જોઈ હશે તો આ ડાયલોગ સાંભળ્યો હશે. ખેર, હવે આપણે એ પૃથ્વી નથી રહ્યા જે ધીમે ધીમે પરિભ્રમણ કરતી હતી... આજકાલ પૃથ્વી પોતાના મનમાં આવું કંઈક કહી રહી છે! ખરેખર આપણી પૃથ્વીની ગતિ વધી રહી છે. તે પહેલા કરતાં વધુ ઝડપથી આગળ વધશે. ગભરાશો નહીં! પૃથ્વીની ગતિ વધવાથી તમને ચક્કર આવશે નહીં, કારણ કે ગતિ ફક્ત થોડી મિલિસેકન્ડ માટે જ વધશે. આપણને ખબર પણ નહીં પડે કે ખરેખર ગતિ વધી છે કે નહીં. આ વર્ષે કેટલીક ખાસ તારીખે આ પરાક્રમ થશે. જેમ જેમ પૃથ્વીની ગતિ વધતી જાય છે, તેમ તેમ વૈજ્ઞાનિકોના હૃદય 'હેરા ફેરી'ના બાબુ ભૈયાની જેમ ધબકવાનું શરૂ થઈ જાય છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૃથ્વીની ગતિ વધવાને કારણે દિવસો ટૂંકા થશે, પરંતુ તેની એટલી બધી અસર નહીં દેખાઈ કે આપણે તેના વિશે અનુભવી શકીએ. વૈજ્ઞાનિકો માને છે કે જો આ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો ૨૦૨૯ સુધીમાં સમયની ગણતરીમાં ફેરફાર થઈ શકે છે. આ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે પૃથ્વીની ગતિ તેના સમગ્ર ઇતિહાસમાં ઘટી રહી છે, પરંતુ આ પહેલીવાર છે જ્યારે તેમાં વધારો થવાનો છે.

ઐતિહાસિક રીતે, પૃથ્વીનું પરિભ્રમણ ધીમે ધીમે ધીમું થયું છે. ડાયનાસોર યુગ દરમિયાન, એક દિવસ ફક્ત ૨૩ કલાકનો હતો. કાંસ્ય યુગ સુધીમાં તે વધી ગયો હતો. પણ તે આજ કરતાં લગભગ વધારે સેકન્ડ ઓછો હતો. ભવિષ્યમાં પૃથ્વી પર ૨૫ કલાકનો દિવસ હોઈ શકે છે, પરંતુ વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે તેમાં બીજા ૨૦૦ મિલિયન વર્ષ લાગશે.



પેનોરમા
દીપક આશર

આપણે આજની વાત કરીએ. ૨૦૨૫માં દિવસો સૌથી ટૂંકા ક્યારે હશે?: ૨૦૨૫માં પૃથ્વી આ ત્રણ તારીખે સૌથી ઝડપથી ફરશે - ૯ જુલાઈ, ૨૨ જુલાઈ અને ૫ ઓગસ્ટ.

૫ ઓગસ્ટ, ૨૦૨૫નો દિવસ ૧.૫૧ મિલિસેકન્ડ ટૂંકો હશે. આ ફેરફાર ખૂબ જ નાનો છે, પરંતુ વૈજ્ઞાનિકો માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**હવે સમજીએ, લીપ સેકન્ડની ભૂમિકા?**

આપણે જાણીએ છીએ કે અત્યાર સુધી, જ્યારે પૃથ્વી ધીમે ધીમે ફરતી હતી, ત્યારે વૈજ્ઞાનિકો 'લીપ સેકન્ડ' ઉમેરતા હતા, જેથી અણુ ઘડિયાળ અને પૃથ્વીના પરિભ્રમણની વાસ્તવિક ગતિ વચ્ચે સંકલન થઈ શકે, પરંતુ હવે જો પૃથ્વી આટલી ઝડપથી ફરતી રહેશે, તો ૨૦૨૯માં પહેલીવાર, એક સેકન્ડ બાદ કરવી પડી શકે છે. ઇતિહાસમાં આ પહેલી વાર બનશે કે લીપ સેકન્ડ ઉમેરવામાં નહીં આવે પણ દૂર કરવામાં આવશે.

નોંધનીય છે કે પૃથ્વીને એક પરિભ્રમણ પૂર્ણ કરવામાં લગભગ ૮૬,૪૦૦ સેકન્ડનો સમય લાગે છે, એટલે કે, એક આખો દિવસ, પરંતુ આ હંમેશા બનતું નથી. ગુરુત્વાકર્ષણ બળ જેવી ઘણી વિવિધ કુદરતી ઘટનાઓને કારણે પૃથ્વીની ગતિમાં થોડો ફેરફાર થાય છે.

**હવે સમજીએ, પૃથ્વીની ગતિ કેમ વધે છે?**

આ પ્રશ્નનો જવાબ હજુ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી, પરંતુ વૈજ્ઞાનિકો પાસે કેટલાક સિદ્ધાંતો છે. તેઓ કહે છે કે પૃથ્વીની ગતિ આ સંભવિત કારણોસર બદલાઈ રહી છે - પૃથ્વીના મૂળમાં પરિવર્તન, ભૂકંપ પ્રવૃત્તિઓ, હિમનદીઓ પીગળવાથી જમીનનો ઉત્થાન અને સમુદ્રી પ્રવાહો અને વાતાવરણીય દબાણમાં ફેરફાર કારણભૂત હોય શકે છે.

મોસ્કો સ્ટેટ યુનિ.ના સંશોધક લિયોનીદ ઝોટોવ કહે છે કે - કોઈને આની અપેક્ષા નહોતી. એક લેખમાં તેમણે કહ્યું હતું કે - કોઈ પણ અસ્તિત્વમાં રહેલું કારણ આ ઘટનાને સંપૂર્ણપણે સમજાવતું નથી, પરંતુ શક્ય છે કે મહાસાગરો અને વાતાવરણમાં થતાં ફેરફારો પૃથ્વીના પરિભ્રમણમાં ફરક લાવી શકે છે. જો કે, આ એકલા પુરાવા પૂરતા નથી. કેટલાક સંશોધકો માને છે કે પૃથ્વીના પીગળેલા બાહ્ય કોરની અંદરની ગતિ પણ પૃથ્વીની ગતિને અસર કરી શકે છે.


**છેલ્લે સૌથી મહત્વનો સવાલ- તો, આપણા જીવન પર શું અસર થશે?**

વૈજ્ઞાનિકો માને છે કે આ એક સંપૂર્ણપણે તકનિકી પ્રક્રિયા છે. આપણાં મોબાઇલ ફોન કે ઘડિયાળોને અસર થશે નહીં. તેમજ ઇન્ટરનેટ કે સેટેલાઇટ સિસ્ટમમાં કોઈ વિક્ષેપ નહીં આવે, પરંતુ એ યાદ રાખવું અગત્યનું છે કે સમય, જેને આપણે સૌથી સ્થિર વસ્તુ માનીએ છીએ, તે પૃથ્વીની ગતિથી પણ પ્રભાવિત થાય છે.

**લાંબા સમય સુધી ચાલુ રહેશે તો ૨૦૨૯ સુધીમાં સમયની ગણતરીમાં ફેરફાર થઈ શકે**

### એક પત્ર અને ગર્જનાઃ એક સંન્યાસી અને લોખંડી પુરુષ વચ્ચેના એ ગુપ્ત પત્રો જેણે હૈદરાબાદનું ભાગ્ય નક્કી કર્યું

# દક્કનનો તણખોઃ એક સંન્યાસીની દર્દભરી અપીલ




**૧૭ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ હૈદરાબાદનું ભારતમાં વિલિનીકરણ થયું હતું : આજથી, લોકસત્તા-જનસત્તામાં આપણે હૈદરાબાદના ઇતિહાસ પર એક ખાસ શ્રેણી શરૂ કરવા જઈ રહ્યા છીએ**

વર્ષ હતું ૧૯૪૬. સમગ્ર બ્રિટિશ ભારતમાં આઝાદીની સુવાસ પ્રસરેલી હતી, એક એવી સુગંધ જે નશીલી પણ હતી અને અસ્વસ્થ કરનારી પણ. જ્યારે દિલ્હીમાં નેહરુ, ગાંધી અને ઝીણા જેવા દિગ્ગજો સ્વતંત્રતાના અંતિમ સ્વરૂપ પર વાટાઘાટો કરી રહ્યા હતા, ત્યારે દક્કનના ઉચ્ચપ્રદેશના હૃદયમાં એક અલગ જ તોફાન ઉછળી રહ્યું હતું. આ હતું હૈદરાબાદ, એક વિશાળ રજવાડું, જેના શાસક હતા મીર ઉસ્માન અલી ખાન, ૭મા નિઝામ, જે કદાચ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ હતા. પરંતુ તેમના દરબારની ચમક-દમકની નીચે એક ઊંડો વિભાજીત સમાજ હતો, જે તણાવના એવા દારૂગોળાના ઢગલા પર બેઠો હતો જે ફક્ત એક તણખાની રાહ જોઈ રહ્યો હતો.

એ તણખો કોઈ રાજકારણીના ભાષણ કે ક્રાંતિકારીના બોમ્બથી નહીં, પરંતુ એક સાદા છતાં અત્યંત શક્તિશાળી કાગળના ટુકડાથી આવ્યો. ૨૯ જૂન ૧૯૪૬ના રોજ, હૈદરાબાદના નારાયણગુડાના એક સામાન્ય સરનામેથી એક પત્ર મોકલવામાં આવ્યો. તે કોઈ મહેલ કે સરકારી કચેરીમાંથી નહોતો, પરંતુ "દ્વારા ડો. જી. એસ. મેલકોટે" ના સરનામેથી હતો, જે આ સંઘર્ષના જમીની સ્વરૂપને દર્શાવે છે. લેખક હતા સ્વામી રામાનંદ તીર્થ, એક સંન્યાસી, વિદ્વાન અને હૈદરાબાદ રાજ્ય કોંગ્રેસના જ્વલંત આત્મા. અને પત્ર મેળવનાર હતા એ એકમાત્ર વ્યક્તિ જેમના હાથમાં ભારતના ૫૬૫ રજવાડાઓનું ભવિષ્ય હતું: સરદાર વલ્લભભાઈ પટેલ, ભારતના લોખંડી પુરુષ.

આ પત્ર, જે હવે એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજ છે, તે માત્ર પત્રવ્યવહાર કરતાં ઘણું વધારે હતું; તે એક સંકટનો સંકેત હતો. આ એ સંઘર્ષની પ્રથમ ઔપચારિક ગર્જના હતી જે બે વર્ષ પછી ઐતિહાસિક ઓપરેશન પોલોમાં પરિણમી. ચાલો, સ્વામીજીના શબ્દોના વજનને સમજીએ, જેણે નિઝામની ખતરનાક રમતને ખુલ્લી પાડી દીધી હતી. મારા પ્રિય સરદારજી, તેઓ શરૂઆત કરે છે, એક અંગત સંબંધ સ્થાપિત કરે છે, એક એવો વિશ્વાસ જે અખંડ ભારતના સહિયારા સંઘર્ષમાં ઘડાયો હતો.

હૈદરાબાદની વસ્તી ૧૬,૩૩૮,૫૩૮ છે અને તે ૧૭ સભ્યો મોકલવાનો હકદાર છે.

અહીં, સ્વામીજી લોકતાંત્રિક સિદ્ધાંતો પર આધારિત મૂળભૂત સત્ય રજૂ કરે છે. બંધારણ સભા - એ જ સભા જે આઝાદ ભારતનું બંધારણ લખવાની હતી - માં પ્રતિનિધિત્વ વસ્તીના આધારે થવાનું હતું. આ સમગ્ર ભારત માટે સ્વીકૃત સિદ્ધાંત હતો. પરંતુ પછી આવે છે એ બોમ્બશેલ, એ અન્યાયનું મૂળ જેણે હૈદરાબાદ મુક્તિ સંગ્રામને પ્રેરણા આપીઃ

સરકાર તેમને સંભવતઃ હિંદુઓ અને મુસ્લિમો માટે ૫૦:૫૦ ના પ્રમાણમાં નામાંકિત કરવાનો પ્રસ્તાવ કરી રહી છે. ૧૯૪૧ની વસ્તી ગણતરી મુજબ મુસ્લિમોની વસ્તી લગભગ ૧૧% છે. કારણ કે બંધારણ સભામાં પ્રતિનિધિત્વ વસ્તીના આધારે આપવામાં આવે છે, તેથી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેની સમાનતા અસમર્થનીય છે.

આ એક ફકરો નિઝામના સમગ્ર શાસન પરનો આરોપ હતો. એક એવું રાજ્ય જ્યાં લગભગ ૯૦% બહુમતી હિંદુ વસ્તીને ૧૧% લઘુમતી વસ્તીની બરાબર પ્રતિનિધિત્વ આપવામાં આવી રહ્યું હતું, તે માત્ર એક ગાણિતિક વાહિયાતતા નહોતી; તે એક રાજકીય રીતે વિસ્ફોટક રણનીતિ હતી. આ "૫૦:૫૦ ફોર્મ્યુલા" નિઝામની શતરંજની ચાલ હતી જેથી એક ખોટી સમાનતા ઊભી કરી શકાય, જેથી હૈદરાબાદને હિંદુ-બહુમતી રાજ્ય તરીકે નહીં, પરંતુ એક અનોખા, દ્વિ-સાંપ્રદાયિક સામ્રાજ્ય તરીકે રજૂ કરી શકાય, જે કદાચ ભારતથી પોતાની સ્વતંત્રતાને યોગ્ય ઠેરવી શકે. આ ૧.૬ કરોડ લોકોની લોકતાંત્રિક ઈચ્છાને કચડી નાખવાનો ખુલ્લો પ્રયાસ હતો.

સ્વામી રામાનંદ તીર્થ, આ લાખો લોકોના અવાજ તરીકે, માત્ર એક સમસ્યા રજૂ નહોતા કરી રહ્યા; તેઓ પોતાનો વિશ્વાસ એ એકમાત્ર વ્યક્તિ પર મૂકી રહ્યા હતા જેમના વિશે તેઓ જાણતા હતા કે તે આ સમસ્યાનું નિરાકરણ કરી શકે છે. તેમની અંતિમ પંક્તિ, "મને ખાતરી છે કે જ્યારે પણ જરૂર પડશે ત્યારે આપ આ પાસા પર ભાર મૂકશો," સરદાર પટેલના નેતૃત્વમાં મૂકેલા વિશ્વાસનું શક્તિશાળી પ્રમાણ છે.

**રાજપુરુષનો જવાબઃ રાજકીય વાસ્તવવાદનો ઉત્કૃષ્ટ દાખલો**

માત્ર ચાર દિવસ પછી, ૩ જુલાઈ ૧૯૪૬ ના રોજ દિલ્હીથી જવાબ આવ્યો. સરદાર પટેલનો જવાબ રાજપુરુષના ગુણોનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, જેમાં સાવચેતી, દ્રઢતા અને વ્યૂહાત્મક દૂરંદેશીનું સંપૂર્ણ મિશ્રણ છે. તે એક એવા નેતાના મનને દર્શાવે છે જે આવી હજારો સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા, એક એવો માણસ જે અફવાઓ પર નહીં, પરંતુ તથ્યો પર કામ કરતો હતો, અને જે સૂક્ષ્મ ચેતવણીની કળાને સમજતો હતો.

મને તમારો ૨૯ જૂનનો પત્ર મળ્યો છે, તેઓ શાંત અને માપેલા અવાજમાં સ્વીકારે છે.

**હૈદરાબાદનું એકીકરણ સરદાર પટેલના એક મજબૂત, એકીકૃત ભારતના દૃષ્ટિકોણનું પ્રમાણ હતું, જ્યાં લોકોની લોકતાંત્રિક ઇચ્છા નિરંકુશોની જૂની ધૂન પર વિજય મેળવશે**

પછી તેઓ "૫૦:૫૦" ફોર્મ્યુલાને એક અનુભવી વાટાઘાટકારના સંશય સાથે સંબોધે છે:

હું નથી જાણતો કે તમારી માહિતીનો સ્રોત શું છે. પરંતુ હું તેના વિશે વધુ વિગતો જાણવા માંગીશ જેથી હું તે માહિતીનો ચોકસાઈપૂર્વક ઉપયોગ કરી શકું. ઘણીવાર આવા અહેવાલો ખોટા સાબિત થાય છે અને આપણે તેના પર કાર્યવાહી કરી શકતા નથી.

આ લોખંડી પુરુષનું વાસ્તવવાદી સ્વરૂપ છે. તેઓ સ્વામીજીની ચિંતાઓને નકારી રહ્યા નથી. તેના બદલે, તેઓ નક્કર પુરાવા માંગી રહ્યા છે. રાષ્ટ્રીય એકીકરણની આ ઊંચા દાવની રમતમાં, પટેલ જાણતા હતા કે અપ્રમાણિત માહિતી પર કાર્યવાહી કરવી વિનાશક હોઈ શકે છે. તેમને દારૂગોળો જોઈતો હતો, માત્ર આરોપો નહીં. "વધુ વિગતો" માટેની આ વિનંતી હૈદરાબાદ રાજ્ય કોંગ્રેસ માટે એક સૂક્ષ્મ સૂચના પણ હતીઃ બધું જ દસ્તાવેજીકરણ કરો, તમારો પક્ષ મજબૂત બનાવો અને મને એ સાધનો આપો જેની મને રાષ્ટ્રીય મંચ પર તમારા માટે લડવાની જરૂર છે. આ રાજકીય સક્રિયતામાં એક મહત્ત્વપૂર્ણ પાઠ છેઃ જુસ્સાને પુરાવાઓનું સમર્થન મળવું જોઈએ.



સરદાર વિઝન
રશેષ પટેલ

પરંતુ પટેલના પત્રનો સૌથી શક્તિશાળી ભાગ તેનો અંતિમ ફકરો છે. જોકે તે સામાન્ય લાગે છે, તેમાં નિઝામના વહીવટ માટે એક છૂપી ધમકીનું વજન છેઃ

એ સાંભળીને ખરેખર આનંદ થશે કે ભારતમાં બદલાયેલી પરિસ્થિતિઓને તમારા રાજ્યે ગંભીરતાથી લીધી છે. આ પંક્તિઓ વચ્ચેનો અર્થ સમજો. આ સરદાર પટેલ, ભારતના ભાવિ ગૃહ પ્રધાન, નિઝામને સ્વામીજી દ્વારા કહી રહ્યા છે કે જૂના દિવસો હવે પૂરા થયા. "ભારતમાં બદલાયેલી પરિસ્થિતિઓ" નિઝામના સંરક્ષકો, એટલે કે અંગ્રેજોના નિકટવર્તી પ્રસ્થાનનો ઉલ્લેખ કરે છે. પટેલ સૂક્ષ્મ રીતે હૈદરાબાદને યાદ અપાવી રહ્યા છે કે હવે તે એકલું ઊભું છે, અને તેમના માટે એ "સારું" રહેશે કે તેઓ નવી વાસ્તવિકતા - એક લોકતાંત્રિક, સંયુક્ત ભારત - ને ઓળખી લે. સંદેશ સ્પષ્ટ હતોઃ ભવિષ્ય સાથે ચાલો, અથવા પરિણામ ભોગવો.

**ઘેરાતું તોફાનઃ પત્રોથી મુક્તિ સુધી**

૧૯૪૬ના ઉનાળામાં પત્રોની આ આપ-લે કોઈ એકલી ઘટના નહોતી. તે એક નાટકીય બે વર્ષની ગાથાનું પ્રારંભિક દ્રશ્ય હતું. નિઝામ, "ઉસ્માનિસ્તાન" નામના સ્વતંત્ર રાજ્યના પોતાના સ્વપ્ન અને ઉગ્રવાદી કાસીમ રિઝવીના નેતૃત્વ હેઠળના ખાનગી લશ્કર રઝાકારોના કટ્ટરપંથથી પ્રોત્સાહિત થઈને, પોતાના નિરંકુશ શાસન પર વધુ મજબૂત બન્યો. જે "અસમર્થનીય" ૫૦:૫૦ ફોર્મ્યુલા વિશે સ્વામીજીએ ચેતવણી આપી હતી, તે નિઝામના સૂચિત સુધારાઓમાં વાસ્તવિકતા બની. સ્થાનિક વસ્તી, જેણે ભારતીય ધ્વજ ફરકાવવાની કે "વંદે માતરમ" ગાવાની હિંમત કરી, તેમના પર રઝાકારોના અત્યાચારો વધી ગયા. ૧૯૪૭ માં ભારત સાથે થયેલા સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટનું નિઝામના શાસન દ્વારા વારંવાર ઉલ્લંઘન કરવામાં આવ્યું.

સ્વામી રામાનંદ તીર્થ અને હૈદરાબાદ રાજ્ય કોંગ્રેસમાં તેમના સાથીઓએ કેદ, ત્રાસ અને ક્રૂરતાનો સામનો કરતાં પોતાનો અહિંસક સંઘર્ષ ચાલુ રાખ્યો. તેઓ એકીકરણના પાયદળ સૈનિકો હતા, જેમણે જમીન પર આશાની જ્યોત જલતી રાખી અને દિલ્હીમાં પટેલ જેવા નેતાઓને સતત માહિતી પૂરી પાડી. તેમના સંઘર્ષ અને નિઝામની હઠને કારણે આખરે અનિવાર્ય પરાકાષ્ઠા આવી. સપ્ટેમ્બર ૧૯૪૮ માં, સરદાર પટેલ, જે હવે ગૃહ પ્રધાન હતા, તેમણે નિર્ણાયક નિર્ણય લીધો. ઓપરેશન પોલો, એક ઝડપી પાંચ દિવસીય "પોલીસ કાર્યવાહી", શરૂ કરવામાં આવી. ભારતીય સેનાએ હૈદરાબાદમાં પ્રવેશ કર્યો, રઝાકારોને વિખેરી નાખવામાં આવ્યા, અને નિઝામનું સાર્વભૌમત્વનું સ્વપ્ન હંમેશ માટે સમાપ્ત થઈ ગયું. ૧૭ સપ્ટેમ્બર, ૧૯૪૮ ના રોજ, હૈદરાબાદ રાજ્યને ઔપચારિક રીતે ભારતીય સંઘમાં એકીકૃત કરવામાં આવ્યું.

**એક કાનમાં કહેવાયેલ વાતનો વારસો**

પાછળ વળીને જોતાં, સંન્યાસી અને રાજપુરુષ વચ્ચેના આ પત્રો માત્ર ઐતિહાસિક કલાકૃતિઓ કરતાં ઘણું વધારે છે. તે આધુનિક ભારતના નિર્માણના એક મહત્ત્વપૂર્ણ અધ્યાયનો ઉદ્ભવ છે. સ્વામી રામાનંદ તીર્થનો પત્ર લોકોની પીડાનો એક ધીમો અવાજ હતો, ન્યાય માટેની એક કાળજીપૂર્વક દસ્તાવેજીકૃત અરજી. સરદાર પટેલનો જવાબ એક નવજાત રાષ્ટ્ર-રાજ્યની ગર્જના હતી, સુરક્ષાનું વચન અને એકતાના માર્ગમાં ઊભા રહેનારાઓ માટે ચેતવણી.

આ પત્રવ્યવહાર આપણને શીખવે છે કે ઇતિહાસ ઘણીવાર માત્ર ભવ્ય ઘોષણાઓથી જ નહીં, પરંતુ માહિતીના શાંત, દ્રઢ આદાન-પ્રદાનથી, જમીન પરના નેતા અને ટોચ પરના રાજપુરુષ વચ્ચેના વિશ્વાસથી આકાર લે છે. તે સ્વામી રામાનંદ તીર્થ જેવા સ્વતંત્રતા સેનાનીઓના સાહસને રેખાંકિત કરે છે, જેમના નામ ઘણીવાર તે યુગના દિગ્ગજોની છાયામાં દબાઈ જાય છે, છતાં જેમનું યોગદાન અનિવાર્ય હતું.

હૈદરાબાદનું એકીકરણ સરદાર પટેલના એક મજબૂત, એકીકૃત ભારતના દ્રષ્ટિકોણનું પ્રમાણ હતું, જ્યાં લોકોની લોકતાંત્રિક ઈચ્છા નિરંકુશોની જૂની ધૂન પર વિજય મેળવશે. અને આ બધું હૈદરાબાદમાં એક ગડગડાટ સાથે શરૂ થયું, નારાયણગુડાના એક પત્રથી જે યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિના મેજ પર પહોંચ્યો.

akujipatel@gmail.com

**આ પત્રવ્યવહાર આપણને શીખવે છે કે ઇતિહાસ ઘણીવાર માત્ર ભવ્ય ઘોષણાઓથી જ નહીં, પરંતુ માહિતીના શાંત, દૃઢ આદાન-પ્રદાનથી, જમીન પરના નેતા અને ટોચના રાજપુરુષ વચ્ચેના વિશ્વાસથી આકાર લે છે**

જનમકુંડળી-કરમકુંડળી




જ્યોતિષશાસ્ત્રના સિદ્ધાંતો પર રચાયેલું એક સસ્પેન્સ-થ્રીલર

# આસ્થાના સોગન રોહન, હું એનો કાતિલ નથી



નવલકથા
વિનોદ શાહ



વિલાસ સાગરને કહી રહ્યો હતોઃ 'જીવન મને સતત એવા પાઠો શીખવાડતું રહ્યું છે કે એ પાઠોને સમજવા માટે મારે ભાગ્યના પાઠ ભણવા પડ્યા છે.' એ સહેજ ચૂપ રહ્યો. દ્વાર પર રોહન આવીને ઊભો હતો. તેની પાસે જ હવાલદાર પણ ઊભો હતો. તે બંને પણ વિલાસને સાંભળી રહ્યા હતા. વિલાસે આસ્થાની લાશની સામે જોયું અને પળમાં સ્વસ્થતા ધારણ કરી લીધીઃ 'આસ્થા! મારા જીવનની પહેલી સંવેદના! હું તેને ઘેરથી નીકળ્યો ત્યારે જીવનમાં પહેલી વાર કોઈ સુખ પામ્યાના અનુભવ સાથે નીકળ્યો હતો. હું જ્યારે ખુશ હોઉં છું ત્યારે ફાસ્ટ ડ્રાઈવિંગ કરું છું. એમાંય રાત્રે તો વધારે ફાસ્ટ ડ્રાઈવિંગ કરું છું કારણ કે ત્યારે અકસ્માતનો ડર નથી હોતો. બીજી તરફ દિવસે હું ક્યારેય ફાસ્ટ ડ્રાઈવિંગ નથી કરતો કારણ કે મારી કુંડળી અકસ્માતના યોગો ધરાવે છે. મારી સાથે ઘણા અકસ્માતો થયા છે અને તે બધા જ દિવસના સમયે થયા છે. આથી દિવસ દરમ્યાન હું બિલકુલ સેફ ડ્રાઈવ કરું છું.'

'હું કેવી રીતે માની લઉં કે તમે સાચું જ બોલી રહ્યા છો?'

'જો તમે મારી આ વાતને નથી માની રહ્યા તો મારી પાસે હવે એક જ વાત કહેવાની રહે છે. હું મારી જાતને કાયદાને હવાલે કરું છું. તમે અત્યારે જ મારી ધરપકડ કરી શકો છો.'

'તમે ચાહો તો તમારા વકીલને...' સાગર બોલવા ગયો.

વિલાસના બુલંદ સ્વરે તેને રોકી દીધોઃ 'તમે વિલાસ જૈનની સાથે વાત કરી રહ્યા છો ઈન્સ્પેક્ટર સાગર. પૂરા જગતમાં જો વિલાસ જૈનને મદદ કરી શકે તેવી કોઈ એક માત્ર વ્યક્તિ હોય તો તે છે વિલાસ જૈન પોતે! ચાલો, આપણે પોલીસ સ્ટેશને જઈ રહ્યા છીએ.'

તે આગળ વધી ગયો. દ્વાર પર ઊભેલા રોહન પાસે આવીને તે ઊભો રહી ગયોઃ 'તું આસ્થાને પ્રેમ કરતો હતોને રોહન? આસ્થા આ જાણતી હતી. તું એક કલાકાર છે. તું આસ્થાનાં ચિત્રો બનાવતો તેની પણ એને ખબર હતી. અમારી વચ્ચે તારી વાત થઈ હતી અને આસ્થાએ જ તે વાત શરૂ કરી હતી. તેને બસ એક જ વાત પસંદ નહોતી. તને તારી દોલતનો અહંકાર હતો.'

રોહન તેની સામે જોઈ રહ્યોઃ 'તમે સાચું કહી રહ્યા છો?'

વિલાસે આસ્થાની લાશ સામે જોયુંઃ 'આસ્થાના સોગન રોહન. હું એનો કાતિલ નથી. તું એને ચાહતો હતોને? તો હું તને વચન આપું છું. તેના ખૂનીને હું શોધી કાઢીશ અને પછી એને જ પૂછીશ કે તને કેવું મોત પસંદ છે? હું એની પસંદનું જ એને મોત આપીશ અને એ એવું મોત હશે કે નરકમાં પહોંચીને તે પોતાની જાતને પૂછશે કે મેં આવું મોત કેમ માગ્યું હતું?'

તેનો ખભો થપથપાવી વિલાસ બહાર નીકળી ગયો. સાગર પણ તેની પાછળ બહાર નીકળ્યો. તે વિલાસને પોલીસ સ્ટેશને લઈ ગયો. તેનું સ્ટેટમેન્ટ લીધું. વિલાસે પોતાના હાથે સ્ટેટમેન્ટ લખીને તેના પર હસ્તાક્ષર કરી આપ્યા. પછી પૂછ્યુંઃ 'તમે અત્યારે જ મારી ધરપકડ કરી રહ્યા છો?'

'મારી ફરજ તો મને એ જ કહે છે.'

'હું તમારી ફરજની આડે નહીં આવું. છતાં એક વિનંતી ચોક્કસ કરીશ. આસ્થાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવે ત્યાં સુધી રાહ જૂઓ.'

'પોસ્ટમોર્ટમ રિપોર્ટથી શો ફેર પડશે? લાશ પરથી જ જણાઈ આવે છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ શો આવશે.'

'તો ઠીક છે, લોકઅપ ક્યાં છે?'

સાગર તેની સામે જોઈ રહ્યોઃ 'એક વાતનો સાચો જવાબ આપશો મિસ્ટર વિલાસ? અત્યારે તમારા ગ્રહો તમને શું કહી રહ્યા છે?'

'મારા ગ્રહો મારા માટે ક્યારેય સારા નથી રહ્યા ઈન્સ્પેક્ટર. ખુદ મારાં માતા-પિતાને મારા ગ્રહો બિલકુલ પસંદ નહોતા. એ ગ્રહોની ચર્ચામાં જ મારા પિતાના હાથે મારી માતાની હત્યા થઈ ગઈ હતી. માટે એ વાત છોડો. હા, એક વાત ચોક્કસ છે. ખૂની એસ્ટ્રોલોજર્સ એસોસિએશનનો જ કોઈ સભ્ય છે. કાલના સંમેલનમાં તે હાજર હતો. સંમેલનમાં મારી અને આસ્થાની વચ્ચે મારા વિલાસ યોગ, વાસના યોગ અને અંગારક યોગ વિષે વાતો થઈ. ગાંધીજીની કુંડળીમાં અને આસ્થાની કુંડળીમાં એકસમાન રીતે અપમૃત્યુનો યોગ હતો તેની પણ વાત થઈ. ખૂનીએ આ સાંભળ્યું અને તેને એક રમત રમવાનો મોકો મળી ગયો.

## વિલાસે મને અમસ્તુ તો એમ નહીં કહ્યું હોય કે તેની ધરપકડ કરતાં પહેલાં હું આસ્થાના પોસ્ટ મોર્ટમ રિપોર્ટની રાહ જોઉં

---

સવારના સાત વાગ્યા હતા. કુશલ ડાયનિંગ ટેબલ પર બેસીને ચા પી રહ્યો હતો. ઘરનું દ્વાર ખૂલ્યું. વિલાસ અંદર આવ્યો. આવીને તે સીધો પોતાની રૂમ તરફ વળી ગયો. તેણે કુશલની સામે જોયું પણ નહીં. કુશલે તેને રૂમમાં જતો જોયો. તેની પાછળ રૂમનો દરવાજો બંધ થતો દેખાયો. ચાની ચુસ્કીઓ લેતાં કુશલ તે બંધ દરવાજાને જોઈ રહ્યો. બાકી રહેલી ચા એક જ ઘૂંટડામાં પૂરી કરીને તે ઊભો થયો અને કદમ વિલાસની રૂમ તરફ લઈ લીધાં. તે વિલાસની રૂમ પાસે આવ્યો. ધીરેથી રૂમનું દ્વાર ખોલ્યું. વિલાસ તેના પલંગ પર હતો અને ઘસઘસાટ સૂઈ રહ્યો હતો.

કોઈ પણ માનવે તેને આ રીતે ઊંઘતો જોઈને આશ્ચર્ય અનુભવ્યું હોત. તે જે પરિસ્થિતિમાં આવી પડ્યો હતો તેમાં આ પ્રકારની ઊંઘ અશક્ય હતી. પરંતુ કુશલ જાણતો હતો કે વિલાસનું દિમાગ અત્યારે જગતનું સૌથી જાગૃત કોમ્પ્યુટર હતું અને આ કોમ્પ્યુટરમાં એક સાથે અનેક પ્રોગામ્સ રન થઈ રહ્યા હતા, ઘણી બધી ફાઈલ્સ બની રહી હતી તેમજ અનેક ડેટા અપડેટ થઈ રહ્યા હતા.

---

'હા, વિલાસ ખૂની હોઈ શકે છે.' સાગર તેની સામે ઊભેલા હવાલદાર નટવરને કહી રહ્યો હતો. આસ્થાની હત્યા પછીની કાયદેસર કાર્યવાહીને પૂરી કરવામાં સવારના સાડા છ વાગી ગયા હતા. એ પછી તેણે વિલાસને ઘેર જવા દીધો હતો અને તે પોતે પણ ઘેર ગયો હતો. માંડ ચાર કલાકની ઊંઘ લઈને બપોરે બાર વાગે તો તે ફરજ પર હાજર થઈ ગયો હતો. હવાલદાર નટવર તેનો વિશ્વાસુ કર્મચારી હતો. ચાલીસ વર્ષના નટવર પાસે મગજ ઓછું હતું પરંતુ તે જો લડાઈ કરવા બેસે તો એકલો દસને ભારે પડે તેવો કદાવર બાંધો ધરાવતો હતો. તે બહુ ઓછું બોલતો હતો અથવા વાતચીત દરમ્યાન અમુક જ શબ્દો બોલતો હતો. સાગરે તેની સાથે વાત શરૂ કરી એ સાથે તેણે પ્રતિભાવ આપ્યોઃ 'જી જનાબ!'

'તેની વિરૂદ્ધ જાય તેવા એકથી વધારે સાંયોગિક પૂરાવાઓ પણ આપણી પાસે છે પરંતુ સંગીન પૂરાવો એક પણ નથી. સૌથી મહત્ત્વની બાબત છે હત્યામાં વપરાયેલું હથિયાર.'

'જી જનાબ.'

'આપણને હજુ સુધી હત્યાનું હથિયાર મળ્યું નથી. તે બહુ મજબૂત પૂરાવો બની શકે છે. આસ્થાનો મોબાઈલ પણ ગુમ છે. તે ટ્રેસ પણ નથી થઈ રહ્યો. કોઈએ તેનું સીમ કાઢી લીધું હોય તેમ લાગે છે.'

'જી જનાબ.'

'આ તમામ બાબતો એવી છે જે મને વિલાસની ધરપકડ કરતાં રોકી રહી છે. હું આસ્થાની લાશના પોસ્ટમોર્ટમ રિપોર્ટની પણ રાહ જોઈ રહ્યો છું. વિલાસે મને અમસ્તું તો એમ નહીં કહ્યું હોય કે તેની ધરપકડ કરતાં પહેલાં હું આસ્થાના પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઉં. વિલાસની જેમ જ મને પણ લાગે છે કે આસ્થાની હત્યાના કિસ્સામાં તેની લાશનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બહુ અગત્યનો પૂરવાર થવાનો છે.'

'જી જનાબ.

'અલબત્ત, વિલાસ પર પોલીસ સતત નજર રાખી રહી છે.'

'જી જનાબ.'

સાગરે હવે હવાલદારની સામે જોયુંઃ 'તું પરણેલો છેને?

હવાલદાર પાસે એક જ જવાબ હતો : 'જી જનાબ.'

'તારી પત્ની સાથે પણ તું કાયમ આ રીતે જ વાત કરતો હોઈશ.'

'જી જનાબ.'

---

વિલાસ બપોરે એક વાગ્યે જાગ્યો. જાગીને તે પલંગમાં જ એક ડાયરી લઈને બેસી ગયો. એ ડાયરીમાં તે કેટલાંક નામો લખતો રહ્યો. તેણે કેટલીક કુંડળીઓ પણ દોરી. તે એ નામોને, એ કુંડળીઓને ધ્યાનથી જોઈ રહ્યો.

(ક્રમશ)

vhshahsays@gmail.com

# પોર્ટુગીઝ નેશનલ પેવેલિયન - સ્થાપત્યનો ચંદરવો



આર્કિટેક્ચર
હેમંત વાળા



વિચિત્રતાઓના આ સમયમાં આજે પણ સાદગી અને સરળતા વખણાય છે. ફ્રેંક ઘેરી તથા જહા હદીદ જેવાં સ્થપતિઓની વિચિત્ર કહી શકાય તેવી સ્થાપત્ય હરકતો સામે સન ૧૯૯૮માં બનેલ આ મકાન એક પડકાર યુક્ત નવી દિશાના સૂચન સમાન છે. ગમે તેમ આડેધડ વસ્તુઓ વાંકીચૂકી મૂકવાથી જ મકાન આધુનિક અને સારું બને તે માન્યતા નો છેદ ઉડાડવા પોર્ટુગીઝ નેશનલ પેવેલિયનનું આ મકાન સ્થાપતિ અલવારો સીઝા છે.

પોર્ટુગલ દેશનું આ ઉલ્લેખનીય અને અનોખું મકાન દેશમાં સન ૧૯૯૮માં વર્લ્ડ એક્સ્પોના આયોજન માટે અહીંના લિસ્બન શહેરના દરિયા કિનારા પાસેના સ્થાન પર બનાવાયું છે. આ માટેના સૂત્ર "દરિયોઃ ભવિષ્યની વિરાસત" ને અનુરૂપ આ રચના છે. અહીં દરિયાને મહત્વ આપવાનું હતું અને સાથે સાથે એક્સપો માટેના જરૂરી વિશાળ પ્લાઝાને નવું જ સ્વરૂપ આપવાનું હતું. આ નવા સ્વરૂપ માટે ચંદરવાથી આચ્છાદિત થતો પ્લાઝા બનાવાયો અને દરિયાને મહત્વ આપવા માટે તેના દ્રશ્ય માટે એક ફ્રેમ ઊભી કરાઈ.

આ મકાનના ત્રણ ભાગ પડે છે. એક, વચ્ચેનો વિશાળ પ્લાઝા કે જ્યાં ખુલ્લામાં પ્રદર્શિની થઈ શકે તથા મેળાવડા માટેના પ્રસંગો યોજી શકાય તે સ્થાન, બીજું, તેની દક્ષિણમાં આવેલ માળખાકીય રચના જે ચંદરવાને તે બાજુનો ટેકો આપે અને સાથે સાથે વિશાળ પ્લાઝા ને તે દિશાથી બંધ કરે, ત્રીજું, વચ્ચેના પ્લાઝાની ઉત્તરે બનાવાય મકાન કે જેમાં આંતરીક પ્રદર્શિની યોજી શકાય. સામાન્ય રીતે એક્સપો જેવા પ્રસંગે જે મકાનો બનાવાયાં હોય છે તે કામચલાઉ - હંગામી પ્રકારનાં બનાવાતાં હોય છે. આર્થિક કારણોસર, આવાં મકાનોને એક્સ્પો કે અન્ય કોઈ પ્રદર્શિની પૂરી થયે ઉતારી લેવાય, પણ અહીં આ પ્રકારનાં આયોજન નથી. અહીં આ મકાનને કાયમી બનાવવાનો વિચાર શરૂઆતથી જ હતો.

તેથી અહીં પ્લાઝાની ઉત્તરે બનાવાય મુખ્ય મકાનની રચના એ રીતે કરાઈ છે કે એક્સપો બાદ પણ તેનો ચોક્કસ ઉપયોગ થઈ શકે અને જરૂરિયાત ઊભી થઈ તે ઉપયોગમાં બદલાવ પણ લાવી શકાય. આવા કારણસર આ મકાનનો વિવિધ પ્રકારનો ઉપયોગ સંભવ બને તે માટે "સમાવેશીય" બનાવાયું છે. ખુલ્લા ચોકની ચારે તરફ કુદરતી પ્રકાશ પૂરતા પ્રમાણમાં મળી રહે તે રીતે સ્થાન નિર્ધારણ કરાયું છે. આ રચના આમ તો પરંપરાગત જેવી ગણાય પણ તેનું વિગતીકરણ - આર્ટિક્યુલેશન જે રીતે કરાયું છે તેનાથી તેને આધુનિકતાનો ઓપ મળે છે. આ રીતે આ ચોક પરંપરાની છબી ધરાવતું નોંધપાત્ર આધુનિક સ્થાન છે.

ભવિષ્યની સંભવિત ઉપયોગીતામાં બાધા ન આવે તે માટે માળખાકીય રચના એકધારી - એક સમાન માપને અનુસરતી છે. આનાથી મકાનને સુ-રમ્યતા મળે છે. અહીં ક્યાંય બિનજરૂરી ઘોંઘાટ નથી. સિવાય કે દરિયાની દિશા સૂચિત કરવા બનાવાય એક ત્રાંસી દીવાલ. જો કે તે પણ ઘોંઘાટ નથી કરતી. તેની સાદગીપૂર્વકની માળખાકીય પુનરાવર્તનને કારણે બહારથી પણ મકાન એવું જ સરળ અને સ્પષ્ટોક્તિ સમાન બની રહે છે. મુખ્ય પ્લાઝાની દક્ષિણે જે માળખાકીય રચના છે તે માત્ર પ્લાઝાની ઉપરના ચંદરવાને ટેકવવા માટે જ છે. તેની સ્થાપત્ય શૈલી મકાનની શૈલીને અનુરૂપ હોવાથી સમગ્રતામાં સુ-



સંવાદિતતા સ્થપાય છે.

આશરે ૭૦ મીટર ૬ ૫૦ મીટરના વિસ્તારવાળો જે ચંદરવો છે તેની જાડાઈ માત્ર ૨૦ સેન્ટીમીટર જેટલી છે. આને કારણે તેનાથી તે 'કપડું' હોવાનો ભાવ ઉદભવે છે. આ મકાનની એક અનેરી વિશેષતા છે. આ ચંદરવો મકાનને સૌથી આગવું બનાવે છે. કોઈપણ પ્રદર્શિની સુધી જવા માટે આ પ્લાઝા એક રીતે પ્રવેશ-સ્થાનનું કાર્ય પણ કરે છે. અહીં જ દરિયા કિનારા નું દ્રશ્ય પ્રેમ થાય છે. તાણી રાખેલા લોખંડના કેબલની બંને બાજુ કોંક્રીટ ઢાળીને બનાવાયેલ આ ચંદરવો ૧૪ મીટર જેટલી ઊંચાઈ પર ટેકવાયો છે. આ ચંદરવો મકાનને સરળ, સૌમ્ય, સુંદર, આકર્ષક તથા બેનમૂન બનાવે છે.

## સામાન્ય રીતે એક્સ્પો જેવા પ્રસંગે જે મકાનો બનાવાયાં હોય છે તે કામચલાઉ - હંગામી પ્રકારનાં બનાવાતાં હોય છે

સ્તંભ વગરના વિશાળ પ્લાઝા થકી અહીં સ્મારકિય તેમજ સંસ્થાકીય પ્રમાણમાપનો સમન્વય જોવાં મળે છે. અહીં હલકાપણાની અનુભૂતિ સાથે દ્રઢ-નિશ્ચય પણ સ્થાપિત થાય છે. જણાય છે. આ ચંદરવા જેવી છતની રચનામાં સરળતા અને સાદગી સાથે આધુનિકતાનો અભિગમ વર્તાય છે. આ છતની રચના સ્થાપત્યની દ્રષ્ટિએ તો પ્રશંસાને પાત્ર છે જ પણ સાથે સાથે અહીં ઈજનેરી પડકારો પણ સફળતાપૂર્વક ઝીલાયા છે.

લિલિસ્બન ધરતીકંપની સંભાવના વાળા ક્ષેત્રમાં આવે છે તેથી અહીં આટલી મોટી વિશાળ છત કઈ રીતે બનાવવી, અને તે પણ માત્ર બે છેડેથી જ જકડાયેલી, એ એક કસોટી હતી. આના ઉકેલ રૂપે, આ છતનો "ભાર" મકાનના અન્ય ભાગ પર ન જાય તે માટે છત અને મકાનનું જોડાણ માત્ર સળિયા પર કરાયું છે. આનાથી ધરતીકંપ સમયે જો છત ઊંચકાય, ઝુલે કે પ્રતિઘાત આપે ત્યારે મકાનને નુકસાન ન પહોંચે.

આ મકાનમાં ઈજનેરી તથા માળખાકીય છે સ્પષ્ટતા છે, સાદગી લાવવામાં ઈમાનદારી છે, ઈજનેરી જટિલતા હોવા છતાં અહીં સ્થાપત્યકીય સરળતા છે, બાંધકામ અને અવકાશ વચ્ચેના પ્રમાણમાપમાં અર્થપૂર્ણ સંતુલન છે, પ્રકાશ વ્યવસ્થામાં ઉપયોગીતા સાથે નાટકીયતા છે, અહીં નાજુકપણા સાથે દ્રઢ નિશ્ચય શક્તિ છે - એકંદરે આ દંભ વિનાની રજૂઆત છે જેને સ્થાપત્ય ક્ષેત્રમાં સારી પ્રશંસા મળે તે સ્વાભાવિક છે.

ચિત્ર-વિચિત્ર તથા ગ્લેમરસ મકાન બનાવનાર સ્થપતિઓ સ્થાપત્યના આ ઉદાહરણ પાસેથી ઘણી શીખ લઈ શકે તેમ છે.

hemantwala.16@gmail.com

# સાહેબ, આ છોકરો પીધેલા જેવું વર્તન કેમ કરે છે?



પ્રિસ્ક્રિપ્શનના પાનેથી
ડો. હેરત ઉદાવત



માણસે પોતાના કર્મો પ્રમાણે સુખ અને દુ:ખ બધું અહીંયા સંસારમાં જ પૂર્ણ કરીને જવાનું છે. જીવનમાં જો તકલીફો પુષ્કળ આવી રહી છે, કશું સરખું નથી થઈ રહ્યું તો ખરેખર ઈશ્વરને પ્રાર્થના કરવી જરૂરી છે, વિચારોને સ્વસ્થ કરવા જરૂરી છે અને કર્મોને સારા કરવા મહેનત પણ એટલી જ જરૂરી છે. આ ફિલોસોફી માં હું પ્રબળ પણે માનતો આવ્યો છું. રાતના ૧ વાગ્યાનો સમય હતો. ચોમાસાની ઋતુ આવે એટલે વરસાદની સાથે બીમારીઓનું પણ વાવાઝોડું આવે. ઈમરજન્સી ડ્યુટીનો દિવસ હતો અને હું મારા પીડિયાટ્રિક યુનિટ ૨માં બેઠો હતો. રેસિડેન્સીનું બીજું વર્ષ પૂર્ણ થવાની તૈયારી હતી. વોર્ડમાં દાખલ બીમાર બાળકોને જોઈને મને વિચાર આવતો કે આ ૨ વર્ષના બાળકના તો શું એવા ખરાબ કર્મો હશે કે જેથી તેવો આવી બીમારીઓ સામે લડી રહ્યા છે? આ બીમાર ભૂલકાઓને જોઈને મને મારી ફિલોસોફી પર ભારે શંકા થતી. કદાચ પાછલા જન્મના કર્મો પણ પીછો નહીં જ છોડતા હોય એ વાત માટે મારો વિશ્વાસ વધતો જતો હતો.

મારા વિચારોને તોડતા મારા કો રેસિડેન્ટ ડૉક્ટર પાર્થનો મને કોલ આવ્યો, 'હેરત એક અજીબ ફરિયાદ વાળું પેશન્ટ આવ્યું છે. મને કેઝ્યુલ્ટીમાં ભટકાયું છે, હું તેને વાર્ડમાં લઈને આવું છું.'

મારો પરમ મિત્ર ડો પાર્થ એટલે રાતનો રાજા. તેને રાત્રે કામ કરવાનું સૌથી વધારે ફાવે. કેઝ્યુલિટીની પાછળ આવેલી ચાની દુકાનમાંથી ચા પીને તે આવી રહ્યો હતો ત્યારે તેને આ પેશન્ટ મળ્યું.

હું એ પેશન્ટની રાહ જોતો હતો તેટલામાં તાવ સાથે ખેંચ એટલે કે ફેબ્રાઈલ કન્વલ્શન વાળું એક બચ્ચુ આવ્યું. હું અને મારા જુનિયર ડોક્ટર્સ તેની સારવારમાં લાગ્યા. આ સમયમાં પાર્થ પણ તે પેશન્ટને લઈને વોર્ડમાં આવ્યો. તેની હિસ્ટરી તે તેના માતા પિતા જોડે પૂછી રહ્યો હતો તેવામાં વિગો રૂમ (નાના બાળકોની સોય નાખવાનો રૂમ) માંથી સિસ્ટર એ પાર્થ ને બૂમ પાડી,'પાર્થ ભાઈ જલ્દી આવજો. આનું વજન ખબર નઈ પડતી.'

> મારા કો-રેસિડેન્ટ ડોક્ટર પાર્થનો મને કોલ આવ્યો, 'હેરત એક અજીબ ફરિયાદવાળું પેશન્ટ આવ્યું છે, મને કેઝ્યૂલ્ટીમાં ભટકાયું છે, હું તેને વાર્ડમાં લઈને આવું છું'

પાર્થ એ જઈને જોયું તો તે પણ અચંબામાં હતો. તે ૧૨ વર્ષના છોકરાને તેના ઘરવાળા ઉભો રહેવા માટે પાછળ થઈ સપોર્ટ કરી રહ્યા હતા. પણ જેવો તે વજનકાંટા પર ઉભો થયો તરત જ ઘડિયાળના લોલકની જેમ જમણી અને ડાબી બાજુ રીતસર ઝૂલવા લાગ્યો. વજનકાંટામાં પણ વજન ૧૦ કિલોથી લઈને ૪૦ કિલો સુધી બદલાવા લાગ્યું.

'સાહેબ આજે સાંજનું આમ ઝૂલ્યા જ કરે છે. અમને તો કશું સમજાતુ નથી. પહેલા તો મને લાગ્યું કે ક્યાંક મારી દારૂની પોટલી તો નહીં પી ગયો ને? પણ એ શક્યતા ખોટી પડી. પીધેલા જેવું વર્તન કેમ કરે છે આ છોકરો સાહેબ?'

તે ૧૨ વર્ષના છોકરાના પપ્પા પાર્થ પર પ્રશ્નોનો મારો ચલાવી રહ્યા હતા.

પાર્થ એ તરત મને બૂમ પાડી, 'હેરત્યા જલ્દી આવજે આ કઈક જોવા જેવું છે'

મેં આવીને જોયું તો હું પોતે હેરત પામી ગયો. ના તાવ આવતો હતો કે ના બીજી કોઈ તકલીફ, ના તો એ છોકરાને ઘરે ખેંચ આવી હતી. શરૂઆતના ચિહ્નો વાયરલ એન્સેફાલીટીસ જેવા લાગ્યા, પણ બાળક લોલકની જેમ ઝૂલ્યા કરતો હતો તે વિચારવા જેવું હતું.

'પાર્થ્યા થોડું સપોર્ટ સાથે ચલાઈ જોઈએ એને.',મેં પાર્થને કહ્યું.

જેવું તે બાળકે ચાલવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેનું ઝૂલવાનું અને શરીરની ધ્રુજારી વધવા લાગી.

'હેરત આતો એટેક્સિયા છે.',પાર્થ એ તેની ચાલ જોઈને મને કહ્યું. તેનો મતલબ એમ કે શરીરનું સંતુલન જાળવવામાં સર્જાતી એક તકલીફ. આપણું નાનું મગજ જેને સેરેબેલમ કહીએ તેનું કામ શરીરનું સંતુલન જાળવવાનું છે. જ્યારે તેમ ઈન્ફેક્શન કે અન્ય કારણોસર સોજા આવે તો આ રીતે તકલીફ થઈ શકે.

'ભાઈ થોડા દિવસોમાં કોઈ ઈન્ફેક્શન કે તાવ આવેલો બાળકને?',મેં સીધો પ્રશ્ન તે બાળકના પપ્પાને પૂછ્યો.

'ના સાહેબ એવુ તો કશુંય નથી. પણ હા હમણાં માતાજી નીકળ્યા હતા, હાલ જ નમ્યા છે.',તે બાળકનો શર્ટ કાઢી તેની પીઠ બતાવતા કહ્યું.

મેં અને પાર્થ એ ધ્યાનથી જોયું તો અછબડા ના મટવા આવેલા અમુક ચામડીના ચિહ્નો દેખાયા.

'આતો પોસ્ટ વાયરલ સેરેબિલાઈટાઈઝ છે.', હું અને પાર્થ જોડે બોલ્યા. અછબડા વાયરસથી ફેલાતી એક ચેપી બીમારી છે. અમુક બાળકોમાં જો રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તો મગજમાં આ વાયરસ ઈન્ફેકશન ફેલાવીને મગજમાં સોજો કરી શકે છે.

તાત્કાલિક તે બાળકને આઈસોલેશન માં શિફ્ટ કરવામાં આવ્યું. એસાઈક્લોવીરના ઈન્જેકશન શરૂ કરવામાં આવ્યા. બીજા દિવસે એમઆરઆઈ કરાવતા નિદાન પાક્કું થયું. ઈન્ટ્રાવેનસ ઈમ્યુનો ગ્લોબ્યુલિન આપવામાં આવ્યા. સાતેક દિવસની મહેનતના અંતે તે બાળકનું ઝૂલવાનું બંધ થયું.

છેલ્લે હસ્તા મોઢે સરખી રીતે ચાલતો કરીને તે બાળકને ડિસ્ચાર્જ આપ્યું. આજની તારીખમાં પણ હું અને પાર્થ મળીએ ત્યારે અમારી એલજી હોસ્પિટલના આવા યુનિક કેસની ચર્ચા કરતા હોઈએ છીયે. ગવર્નમેન્ટ હોસ્પિટલમાં જોયેલા કેસ અને કામનો અનુભવ તમારી આખી જિંદગીની પ્રેક્ટિસમાં કામ લાગે છે.

udavatherat93@gmail.com

**ગવર્નમેન્ટ હોસ્પિટલમાં જોયેલા કેસ અને કામનો અનુભવ તમારી આખી જિંદગીની પ્રેક્ટિસમાં કામ લાગે છે**

### આઇસીસી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાવાનો છે

# ICC ટુર્ના. માટે ૧૫ ટીમ ક્વોલિફાય માત્ર ૫ સ્થાન બાકી

## આ ટીમોનો નિર્ણય આફ્રિકા ક્વોલિફાયર અને એશિયા-પૂર્વ એશિયા-પેસિફિક ક્વોલિફાયર દ્વારા કરવામાં આવશે

નવીદિલ્હી,તા.૧૨




આઈસીસી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાવાનો છે. આ ટુર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમો ભાગ લેશે. ભારત અને શ્રીલંકા, યજમાન હોવાથી પહેલાથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે. ઈટાલી અને નેધરલેન્ડ્સ પણ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ક્વોલિફાય થયા છે. ઈટાલિયન ટીમે પહેલીવાર આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા છે. નેધરલેન્ડ્સ અને ઈટાલી બંને ટીમોએ આઈસીસી મેન્સ ટી ૨૦ વર્લ્ડ કપ યુરોપ ક્વોલિફાયર ૨૦૨૫ ના પોઈન્ટ ટેબલમાં ટોપ-૨ સ્થાન મેળવીને ટી ૨૦ વર્લ્ડ કપની ટિકિટ મેળવી છે.નેધરલેન્ડ્સ ૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું. તેણે કુલ ચાર મેચ રમી હતી, જેમાંથી તેણે ત્રણ જીતી હતી અને એક મેચ હારી હતી. ઈટાલિયન ટીમ ૫ પોઈન્ટ સાથે ૫ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને રહી હતી. ટીમે ચારમાંથી ૨ મેચ જીતી હતી જ્યારે તેને એક મેચમાં હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો. તે જ સમયે, એક મેચનું પરિણામ આવ્યું ન હતું.નેધરલેન્ડ્સ અને ઈટાલીના ક્વોલિફાય સાથે, ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે અત્યાર સુધીમાં ૧૫ ટીમોનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે ફક્ત ૫ ટીમોનો નિર્ણય લેવાનો બાકી છે. આ ટીમોનો નિર્ણય આફ્રિકા ક્વોલિફાયર અને એશિયા-પૂર્વ એશિયા-પેસિફિક ક્વોલિફાયર દ્વારા કરવામાં આવશે.ઓમાન આ વર્ષે ઓક્ટોબરમાં આઈસીસી મેન્સ ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ એશિયા અને પૂર્વ એશિયા-પેસિફિક ક્વોલિફાયરનું સંયુક્ત આયોજન કરશે, જેમાં ૯ ટીમો ભાગ લેશે. આમાંથી ટોચની ત્રણ ટીમોને ટુર્નામેન્ટ રમવાની તક મળશે. ૨ ટીમો આફ્રિકા ક્વોલિફાયર દ્વારા નક્કી કરાશે. આફ્રિકા ક્વોલિફાયર ૧૯ સપ્ટે.થી ૪ ઓક્ટો. દરમિયાન ઝિમ્બાબ્વેમાં યોજાશે. આમાં, ૮ ટીમો ટી ૨૦ વર્લ્ડ કપ માટે ટિકિટ મેળવવાનો પ્રયાસ કરશે.અત્યાર સુધી ટી ૨૦ વર્લ્ડકપ માટે ક્વોલિફાય થયેલી ટીમોઃ ભારત, શ્રીલંકા, અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, યુનાઈટેડ સ્ટેટ્સ, વેસ્ટ ઈન્ડીઝ, આયર્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, કેનેડા, ઈટાલી, નેધરલેન્ડ.

### ભૂતપૂર્વ AUS ખેલાડી જો બર્ન્સની કેપ્ટનશીપ હેઠળ ઇટાલીની ટીમે અજાયબી કરી

# ઈટાલી અને નેધરલેન્ડ ટીમ T20 વર્લ્ડકપ ૨૦૨૬ માટે ક્વોલિફાય

હેગ,તા.૧૨



ઈટાલિયન ક્રિકેટ ટીમે ૨૦૨૬ ના ટી૨૦ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈને ઈતિહાસ રચ્યો છે. શુક્રવારે હેગમાં રમાયેલી તેમની છેલ્લી મેચ ઈટાલી હારી ગઈ હતી પરંતુ નેટ રન રેટના કારણે ટીમે આવતા વર્ષે ભારત અને શ્રીલંકામાં યોજાનારી મેગા ટુર્નામેન્ટમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપ માટે યુરોપ ક્વોલિફાયરનો છેલ્લો દિવસ ખૂબ જ ઉતાર-ચઢાવવાળો રહ્યો. શુક્રવારે, ચારેય ટીમો - નેધરલેન્ડ્સ, ઈટાલી, સ્કોટલેન્ડ અને જર્સી - બે સ્થાન માટે સ્પર્ધા કરી રહી હતી. નેધરલેન્ડ અને ઈટાલી બંનેએ ટુર્નામેન્ટમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. ૭ વિકેટે ૧૩૪ રનમાં સમેટાઈ ગયા બાદ, ઈટાલીને ક્વોલિફાય થવા માટે નેધરલેન્ડ્સને ઓછામાં ઓછા ૧૪ ઓવર માટે રોકવાની ફરજ પડી. બીજી મેચમાં, જર્સીએ સ્કોટલેન્ડને રોમાંચક મેચમાં હરાવ્યું પરંતુ ઈટાલીએ વધુ સારા નેટ રન રેટના આધારે ક્વોલિફાય કર્યું. માઈકલ લેવિટ અને મેક્સ ઓ'ડોડે નેધરલેન્ડ્સને શાનદાર શરૂઆત અપાવી, પરંતુ ઈટાલીએ વાપસી કરી અને ૧૭મી ઓવર સુધી રનનો પીછો કર્યો અને તેમની ક્વોલિફિકેશન સુનિશ્ચિત કરી. આઈસીસી અત્યાર સુધીમાં ૧૫ ટીમો ૨૦૨૬ના પુરુષોના ટી૨૦ વર્લ્ડકપ માટે ક્વોલિફાય થઈ છે.એશિયા ઈએપી ક્વોલિફાયરમાંથી ત્રણ ટીમો, જ્યારે આફ્રિકા ક્વોલિફાયરમાંથી બે વધુ ટીમો ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે. જો બર્ન્સની કેપ્ટનશીપ હેઠળ ઈટાલીએ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કર્યું છે. બર્ન્સ અગાઉ ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂક્યા છે.

### સેમિફાઇનલમાં બલ્ગેરિયાના એલેક્ઝાન્ડર વાસિલેવ ૬-૪ અને ૬-૧થી હરાવ્યો

# ભારતીય મૂળનો ખેલાડી રોનિત કાર્કી જુનિયર વિમ્બલ્ડનની ફાઈનલમાં

## આજે રોનિતનો મુકાબલો બલ્ગેરિયાના ૧૬ વર્ષીય ઇવાન ઇવાનો સામે થશે

લંડન,તા.૧૨



ભારતીય મૂળના અમેરિકન ટેનિસ સ્ટાર રોનિત કાર્કી આ દિવસોમાં સમાચારમાં છે. આનું કારણ જુનિયર વિમ્બલ્ડન ૨૦૨૫માં તેનું શાનદાર પ્રદર્શન છે. ૧૭ વર્ષીય રોનિત હવે જુનિયર વિમ્બલ્ડન ૨૦૨૫ની ફાઈનલમાં પહોંચી ગયો છે. ૧૧ જુલાઈના રોજ સેમિફાઈનલમાં બલ્ગેરિયાના એલેક્ઝાન્ડર વાસિલેવ સામે પહેલો સેટ ૭-૫થી હારી ગયા બાદ, તેણે સતત બે સેટ ૬-૪ અને ૬-૧થી જીતીને ફાઈનલમાં શાનદાર એન્ટ્રી કરી. હવે ટાઈટલ મેચમાં રોનિતનો મુકાબલો બલ્ગેરિયાના ૧૬ વર્ષીય ઈવાન ઈવાનો સામે થશે. આ મેચ આવતીકાલે ૧૩ જુલાઈના રોજ રમાશે. ભારતીય ચાહકો રોનિતની જીત માટે પ્રાર્થના કરશે કારણ કે તેનો ભારતમાં ઉત્તરાખંડ સાથે પણ સંબંધ છે. રોનિત કાર્કી ૧૨મા ધોરણનો વિદ્યાર્થી છે અને તે વર્લ્ડ જુનિયર ટેનિસ ફેડરેશનમાં ૫૧મા ક્રમે છે. તેણે જુનિયર વિમ્બલ્ડનમાં ક્વોલિફાયર રાઉન્ડ મેચ જીતીને ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો. અમેરિકા માટે રમનાર રોનિત કાર્કી ઉત્તરાખંડના પંગખુના જબુક્રા ગામના પરિવારનો છે. રોનિતના પિતા ત્રિલોક સિંહ કાર્કી અને માતા કંચન કાર્કી વ્યવસાયે એન્જિનિયર છે. જે અમેરિકા ગયો, અને રોનિતનો જન્મ ત્યાં થયો. જ્યાં તે મોટો થયો હતો અને હવે ૧૭ વર્ષની ઉંમરે, તે વિમ્બલ્ડનમાં પોતાના દેશ અને ગામનું ગૌરવ વધારી રહ્યો છે. રોનિત માટે ૨૦૨૫નું વર્ષ અદ્ભુત રહ્યું છે. તેણે જાન્યુ. ૨૦૨૫માં આઈટીએફ જુનિયર ૩૦૦ બેરેનક્વિલા ડબલ્સ ટાઈટલ જીત્યું. ત્યારબાદ, જૂન ૨૦૨૫માં, તે જુનિયર ફ્રેન્ચ ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચ્યો. રોનિતના દાદા રામ સિંહ કાર્કી બે દાયકા પહેલા નોકરી માટે મુંબઈ ગયા હતા. જ્યાં તેમણે થોડા વર્ષો ડ્રાઈવર તરીકે કામ કર્યા પછી પોતાની ટ્રાવેલ એજન્સી ખોલી. તેમણે પોતાના બંને દીકરાઓને એન્જિનિયર બનાવ્યા, પરંતુ નાનો દીકરો ત્રિલોક કાર્કી, જે રોનિતનો પિતા છે, એન્જિનિયર બન્યા પછી અમેરિકા ગયો અને મોટો દીકરો ભરત કાર્કી મુંબઈમાં રહે છે.

### અડધી સદી ફટકારીને પંતે મહેન્દ્ર સિંહ ધોનીની બરાબરી કરી

# સેના દેશોમાં સૌથી વધુ ૫૦+ સ્કોર કરનાર ભારતીય વિકેટકીપર બન્યો

લોર્ડસ,તા.૧૨



ભારતીય ટીમના વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે પ્રથમ ઈનિંગમાં અડધી સદી ફટકારી હતી. પંતે છગ્ગા સાથે પોતાની અડધી સદી પૂર્ણ કરી. આ પંતની ઈંગ્લેન્ડ સામે છઠ્ઠી ટેસ્ટ અડધી સદી છે. પંત પોતાના નામે વધુ એક સિદ્ધિ હાંસલ કરવામાં સફળ રહ્યો.અડધી સદી ફટકારીને પંતે મહેન્દ્ર સિંહ ધોનીની બરાબરી કરી લીધી છે. પંત સાત દેશો એટલે કે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ વખત ૫૦+ સ્કોર બનાવનાર ભારતીય વિકેટકીપર બેટ્સમેન બની ગયો છે. પંતે ૫૩ ઈનિંગ્સમાં ૧૩મી વખત આવું કર્યું છે, જ્યારે ધોનીએ સેના દેશોમાં ૬૦ ઈનિંગ્સમાં ૧૩ વખત ૫૦+ સ્કોર બનાવ્યા છે. આ બાબતમાં ફારુક એન્જિનિયર ત્રીજા સ્થાને છે, જેમણે ૩૩ ઈનિંગ્સમાં સાત વખત અને કિરણ મોરેએ ૨૪ ઈનિંગ્સમાં પાંચ વખત આ કર્યું છે. , પંત સંયુક્ત રીતે ઈંગ્લેન્ડમાં સૌથી વધુ વખત ૫૦+ સ્કોર બનાવનાર મુલાકાતી ટીમનો બેટ્સમેન બન્યો છે. તેણે આ બાબતમાં પણ ધોનીની બરાબરી કરી લીધી છે. ધોની અને પંત બંનેએ ઈંગ્લેન્ડમાં આઠ વખત ૫૦+ સ્કોર બનાવ્યા છે. પંતનું બેટ ઈંગ્લેન્ડમાં સારું પ્રદર્શન કરી રહ્યું છે અને તે ઈંગ્લેન્ડમાં શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર મુલાકાતી ટીમનો બેટ્સમેન બની ગયો છે. પંતે અત્યાર સુધીમાં આ પ્રવાસમાં ૪૦૦ થી વધુ રન બનાવ્યા છે.

### જાડેજા - રેડ્ડી વચ્ચે અડધી સદીની ભાગીદારી : ભારતનો સ્કોર ૩૨૨ને પાર

# લોર્ડ્સના મેદાન પર કેએલ રાહુલની બીજી શાનદાર સદી :પંત ૭૪ રને આઉટ

લોર્ડસ,તા.૧૨



નીતિશ કુમાર રેડ્ડી અને રવિન્દ્ર જાડેજા ક્રીઝ પર છે. બંને શાનદાર બેટિંગ કરી રહ્યા છે. બંને વચ્ચે અડધી સદીની ભાગીદારી થઈ છે. ભારતનો સ્કોર ૩૨૨ ને પાર કરી ગયો છે. કેએલ રાહુલ સદી ફટકાર્યા પછી તરત જ આઉટ થઈ ગયો. આ અગાઉ રિષભ પંત કમનસીબે એક શોર્ટ રન લેવા જતા વ્યક્તિગત ૭૪ રન બનાવી રન આઉટ થયો હતો. શોએબ બશીરે તેને આઉટ કર્યો.

રાહુલે ૧૩ ચોગ્ગાની મદદથી ૧૦૦ રન બનાવ્યા. ભારતની ૫મી વિકેટ ૨૫૪ રનના સ્કોર પર પડી. એલ રાહુલે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં ઐતિહાસિક સદી ફટકારી છે. લોર્ડ્સના મેદાન પર રાહુલની આ બીજી સદી છે. આ બીજી વખત હશે જ્યારે તેમનું નામ લોર્ડ્સના ઓનર્સ બોર્ડમાં સામેલ કરવામાં આવશે. લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર કેએલ રાહુલે ફરી એકવાર પોતાને સાબિત કર્યું અને પોતાના નામે એક ખાસ રેકોર્ડ બનાવ્યો. ત્રીજી ટેસ્ટની ભારતની પ્રથમ ઈનિંગમાં રાહુલની શાનદાર બેટિંગે તેમને ભારતીય ક્રિકેટના દિગ્ગજોની વિશિષ્ટ યાદીમાં સ્થાન આપ્યું. ટેસ્ટ ક્રિકેટમાં તેમની સાતત્યતા અને વિદેશી પીચો પર તેમના શાનદાર પ્રદર્શનને કારણે તેમણે આ મેચમાં એવી સિદ્ધિ હાંસલ કરી છે જે ૯૩ વર્ષમાં ફક્ત એક અન્ય ભારતીય જ હાંસલ કરી શક્યો છે.

લોર્ડ્સની પિચ અને કેએલ રાહુલ વચ્ચેનો સંબંધ હવે વધુ ખાસ બની ગયો છે. રાહુલે ૧૨ જુલાઈ, શનિવારના રોજ ઈંગ્લેન્ડ-ભારત વચ્ચે રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ભારતના પ્રથમ દાવમાં શાનદાર સદી ફટકારી હતી, જે લોર્ડ્સ ખાતે તેની બીજી ટેસ્ટ સદી હતી. આ પહેલા, ૨૦૨૧ માં, તેણે અહીં ૧૨૯ રનની યાદગાર ઈનિંગ રમી હતી. રાહુલે જોફ્રા આર્ચરની બોલ પર એક સિંગલ લઈને પોતાના ૧૦૦ રન પૂરા કર્યા. આ તેની ટેસ્ટ કારકિર્દીની ૧૦મી સદી હતી અને સૌથી ખાસ વાત એ હતી કે તેણે આમાંથી ૯ સદી વિદેશી ધરતી પર ફટકારી હતી.

### FIBA મહિલા એશિયા કપ : ભારતીય બાસ્કેટબોલ ટીમની ડિવિઝન માંથી એ પ્રમોશન પર નજર

# ભારતીય બાસ્કેટ બોલ ટીમ કઝાકિસ્તાન સામે અભિયાનની શરૂઆત કરશે

## FIBA મહિલા એશિયા કપ ૨૦૨૫એ ખંડીય બાસ્કેટબોલ ટુનામેન્ટની ૩૧મી શ્રેણી છે



શેનઝેન,તા.૧૨

ભારતીય બાસ્કેટબોલ ટીમ રવિવારે પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના શેનઝેન બે સ્પોર્ટ્સ સેન્ટર ખાતે એફઆઈબીએ મહિલા એશિયા કપ ૨૦૨૫ ડિવિઝન બી અભિયાનની આવતી કાલ તા.૧૩મીએ કઝાકિસ્તાન સામે શરૂઆત કરશે. ભારતીય બાસ્કેટબોલ ટીમ ભારતે એફઆઈબીએ મહિલા એશિયા કપમાં ૨૦ વખત ભાગ લીધો છે, જેમાં તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૧૩માં થાઈલેન્ડમાં થયું હતું જ્યારે તેઓ ટોચના સ્તરમાં પાંચમા સ્થાને રહ્યા હતા. એફઆઈબીએ મહિલા એશિયા કપમાં કુલ ૧૬ ટીમો ભાગ લેશે અને તેમને અનુક્રમે ડિવિઝન એ અને બીમાં આઠ દેશોમાં વહેંચવામાં આવ્યા છે.૨૦૨૧માં રેલીગેશન બાદ ૨૦૨૩માં ટુર્નામેન્ટની પાછલી આવૃત્તિ ચૂકી ગયા બાદ, ભારત આ વર્ષે એફઆઈબીએ મહિલા એશિયા કપમાં ડિવિઝન બીમાં ભાગ લેશે. તેમને ચાઈનીઝ તાઈપેઈ, કઝાકિસ્તાન અને તાહિતી સાથે ગ્રુપ એમાં રાખવામાં આવ્યા છે.આ ચાર ટીમોમાં, ચાઈનીઝ તાઈપેઈ એફઆઈબીએ મહિલા રેંકિંગમાં છઠ્ઠા ક્રમે શ્રેષ્ઠ સ્થાન ધરાવતી ટીમ છે, ત્યારબાદ કઝાકિસ્તાન ૧૪મા ક્રમે છે. ભારત ૧૫મા ક્રમે છે, જ્યારે તાહિતી ક્રમાંક વિના છે.ભારતે ચીનમાં એક સંતુલિત ટુકડી મોકલી છે જેમાં અનમોલપ્રીત કૌર, શ્રીકલા રાની, અનીશા ક્લીટસ, પુષ્પા કુમાર અને સિયા દેવધર અને પ્રિયંકા પ્રભાકારા જેવી આવનારી પ્રતિભાઓ જેવા અનુભવી પ્રચારકો છે.ગ્રુપ ટોપર્સ સીધા સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે, જ્યારે દરેક ગ્રુપમાંથી બીજા અને ત્રીજા સ્થાને રહેલી ટીમો સેમિફાઈનલમાં અન્ય બે સ્થાનો માટે પ્લેઓફમાં સ્પર્ધા કરશે.ડિવિઝન બી ફાઈનલ જીતનાર ટીમને આગામી એફઆઈબીએ એશિયન કપ માટે ડિવિઝન એમાં બઢતી આપવામાં આવશે. દરમિયાન, ડિવિઝન એ વર્ગીકરણ મેચોમાં આઠમા ક્રમે રહેનાર ટીમને આગામી વર્ષ માટે ડિવિઝન બીમાં ઉતારી દેવામાં આવશે.૨૦૨૩ માં ટુર્નામેન્ટની પાછલી આવૃત્તિમાં ડિવિઝન બી જીત્યા બાદ ઈન્ડોનેશિયાને ડિવિઝન એમાં બઢતી આપવામાં આવી હતી.દરમિયાન, ચીન ડિફેન્ડિંગ ચેમ્પિયન અને કોરિયા પ્રજાસત્તાક સાથે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ટાઈટલ જીતવાનો રેકોર્ડ ધરાવે છે. બંને ટીમોએ ૧૨-૧૨ વખત ટ્રોફી જીતી છે. ભારતની મહિલા બાસ્કેટબોલ ટીમઃ અનીશા ક્લીટસ, અનમોલપ્રીત કૌર, શ્રુતિ રાધિનાવેલ, સુસાન ફ્લોરેન્ટિના સાજી, શ્રીકલા રાની, પુષ્પા સેંથિલ કુમાર, સંજના રમેશ, કૃતિકા સુરેશબાબુ, સત્ય કૃષ્ણમૂર્તિ, સિયા દેવધર, ધારિની તિરુનવાવુકા પ્રભાકરનો સમાવેશ થાય છે.

**અજબ ગજબ**

### પિરામિડ યુગના ઘણા સમય પહેલા ગીઝાના ઉચ્ચપ્રદેશ પર ઘણું સારું બાંધકામ કરવામાં આવ્યું હતું

# ગીઝાના મહાન પિરામિડ નીચે રહસ્યમય અને ગુપ્ત શહેર છુપાયેલું છે



ઈજિપ્તના ગ્રેટ સ્ફિન્ક્સ પિરામિડ નીચે એક મોટું પણ રહસ્યમય શહેર હોઈ શકે છે. આ દાવો તે વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યો છે જેમને આ પિરામિડ નીચે કેટલીક રચનાઓના સંકેતો મળ્યા હતા. પરંતુ હવે તેમનો દાવો મજબૂત બન્યો છે. ઈજિપ્તના પિરામિડ નીચે એક આખું રહસ્યમય શહેર હોવાના દાવાને મજબૂત કરતા પુરાવા મળ્યા છે. ઈજિપ્તના પિરામિડ હેઠળ એક પ્રાચીન શહેર હોવાના દાવા સાથે સંબંધિત નવી શોધો થઈ રહી છે. અને આ કારણે તેમના વિશેનું રહસ્ય વધુ ઘેરું બની રહ્યું છે કારણ કે હવે તેમના અસ્તિત્વના દાવાનું ખંડન કરવું સરળ નથી. તાજેતરમાં જ બે વૈજ્ઞાનિકોએ આ વર્ષની શરૂઆતમાં ખુલાસો કર્યો હતો કે તેમને ખાફ્રેના પિરામિડ હેઠળ મોટા ઓરડાઓ અને ટાવર મળ્યા છે. હવે તેઓએ



દાવો કર્યો છે કે તેમને ફોનિક્સ પિરામિડ હેઠળ કેટલાક ઓરડાઓ અને ખૂબ જ ઊંડો અને ઢાળવાળો રસ્તો મળ્યો છે. તેઓ એમ પણ કહે છે કે પિરામિડ હેઠળ ખૂબ મોટું શહેર છુપાયેલું હોવાની દરેક શક્યતા છે.આવી સ્થિતિમાં, ફરી એકવાર પ્રશ્ન ઉભો થયો છે કે શું ઈજિપ્તમાં એવું કોઈ શહેર હતું જે એસ્ટરોઈડની ટક્કરને કારણે સંપૂર્ણપણે નાશ પામ્યું હતું? આ અંગે વિવિધ દાવા કરવામાં આવ્યા છે, પરંતુ આજ સુધી વૈજ્ઞાનિકોને તેના વિશે એક પણ વૈજ્ઞાનિક કે નિર્ણાયક પુરાવા મળ્યા નથી. પરંતુ તેમનું રહસ્ય વધુ ઊંડું થઈ રહ્યું છે.વૈજ્ઞાનિકોએ ઉત્તર કેરોલિનામાં આયોજિત કોસ્મિક કોન્ફરન્સમાં તેમના તાજેતરના સ્કેનનાં પરિણામોનો ઉલ્લેખ કર્યો છે, જેમાં તેમને ગીઝા પ્લેટુ હેઠળસ્ફિન્ક્સ પિરામિડ હેઠળ શું મળ્યું છે તે વિશે જણાવ્યું છે. સંશોધકો કહે છે કે ગીઝા પ્લેટુમાં એક ખૂબ મોટું ભૂગર્ભ સંકુલ છુપાયેલું છે અને તેઓ માને છે કે આ એક સંકેત છે કે ખૂબ મોટું શહેર જમીન નીચે છુપાયેલું છે.એવું માનવામાં આવે છે કે ઈજિપ્શિયન પિરામિડના યુગ પહેલા પિરામિડની નીચે એક શહેર હતું. તેમની તપાસ મુજબ, સ્ફિન્ક્સના પાયાના કેન્દ્રથી એક સર્પાકાર સીડી નીચે જઈ રહી છે, જેમાં બે ચોરસ રચનાઓ છે. આમાંથી એક ૨ હજાર ચોરસ ફૂટની છે અને બીજી ૪ હજાર ચોરસ ફૂટની છે. સીડીઓ આ રૂમો તરફ દોરી જાય છે અને પિરામિડની નીચે ૮ નળાકાર રચનાઓ છે.એક પિરામિડથી શરૂ થયેલી ત્રણ પિરામિડની વાર્તાસ્પષ્ટ છે કે એક પિરામિડથી શરૂ થયેલી વાર્તા હવે ગીઝાના ત્રણ પિરામિડ સુધી પહોંચી ગઈ છે. આનો અર્થ એ છે કે ગીઝામાં આવા વધુ ઓરડાઓ અને માર્ગો હોઈ શકે છે. તે એક આખું શહેર હતું. સંશોધનના સહ-લેખક અને ઈજિપ્તશાસ્ત્રી આર્માન્ડો મેઈના જણાવ્યા અનુસાર, "આ શોધ દર્શાવે છે કે પિરામિડ યુગના ઘણા સમય પહેલા ગીઝાના ઉચ્ચપ્રદેશ પર ઘણું સારું બાંધકામ કરવામાં આવ્યું હતું અને મારા સંશોધન મુજબ, આ લગભગ ૩૬૪૦૦ બીસી થયું હતું."આ વર્ષે માર્ચમાં, ઈટાલી અને સ્કોટલેન્ડના બે વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે તેમના સોનાર સ્કેનથી જાણવા મળ્યું છે કે પિરામિડ કરતાં ૧૦ ગણું મોટું શહેર તેમની નીચે અસ્તિત્વમાં હતું. તેમને ૨૧૦૦ ફૂટ નીચે નળાકાર સ્તંભો મળ્યા. અને ૪૦૦૦ ફૂટની ઊંડાઈએ વધુ અજાણ્યા માળખાં હોઈ શકે છે.

## NHAI દ્વારા દુરુપયોગ અટકાવવા લૂઝ ફાસ્ટેગ રાખનાર યૂઝર્સને હવે બ્લેકલિસ્ટ કરવામાં આવશે

# હવે ટોલ પ્લાઝા પર નહીં ચાલે ચાલાકી!

### NHAI મુજબ આનાથી ઈ-ટોલ કલેક્શન સિસ્ટમમાં ગડબડ આવે છે, યાત્રીઓને પરેશાની થાય છે




નવી દિલ્હી, તા.૧૨

લૂઝ ફાસ્ટેગ રાખનાર યુઝર્સને હવે બ્લેકલિસ્ટ કરવામાં આવશે. જાણીજોઈને ફાસ્ટેગને ગાડીની વિન્ડસ્ક્રીન પર ન લગાવનાર યુઝર્સને લૂઝ ફાસ્ટેગ અથવા ટેગ-ઈન-હેન્ડ કહેવામાં આવે છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) પ્રમાણે, આનાથી ઈ-ટોલ કલેક્શન સિસ્ટમમાં ગડબડ આવે છે અને બાકી યાત્રીઓને પરેશાની થાય છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ ફાસ્ટેગનો દુરુપયોગ અટકાવવા માટે આ નિયમ લાગુ કર્યો છે. હવે જો કોઈ ડ્રાઈવર વાહનના વિન્ડશીલ્ડ પર ફાસ્ટેગ ચોંટાડતો નથી અને ટોલ પ્લાઝા પર તેના હાથમાં (જેને 'લૂઝ ફાસ્ટેગ' અથવા 'ટેગ-ઈન-હેન્ડ' કહેવાય છે) બતાવે છે, તો તેના ફાસ્ટેગને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. કેટલાક ડ્રાઈવરો જાણીજોઈને ફાસ્ટેગને વિન્ડસ્કીન પર ચોંટાડતા નથી. તેઓ એને હાથથી બતાવીને સ્કેન કરાવે છે. આમાં વધુ સમય લાગે છે અને ટોલ પ્લાઝા પર જામ થાય છે. આનાથી અન્ય મુસાફરોને પણ મુશ્કેલી પડે છે. આ ઉપરાંત કેટલાક વાહનચાલકો એક જ ફાસ્ટટેગનો ઉપયોગ અનેક વાહનો માટે કરવાનો પ્રયાસ કરે છે. એના કારણે ટોલ પરથી પસાર થતાં વાહનોના ડેટામાં મેળ ખાતો નથી. આ ગેરકાયદે છે. NHAIએ ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ આ જાહેરાત કરી હતી. ટોલ કલેક્શન એજન્સીઓને તાત્કાલિક આવા ફાસ્ટેગની જાણ કરવા કહેવામાં આવ્યું છે, જેના આધારે NHAI ફાસ્ટેગને બ્લેકલિસ્ટ કરશે. NHAI ટૂંક સમયમાં 'વાર્ષિક પાસ સિસ્ટમ અને 'મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) ટોલિંગ રજૂ કરવા જઈ રહ્યું છે. આ નવી સિસ્ટમોમાં ફાસ્ટેગની સાચી સ્થિતિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, જેથી ટોલ વસૂલાત અવિરત રહે અને સિસ્ટમની વિશ્વસનીયતા જળવાઈ રહે.

NHAIએ ટોલ કલેક્શન એજન્સીઓને એક ખાસ ઈમેલ આઈડી આપ્યો છે, જેના દ્વારા તેઓ આવા ફાસ્ટેગ વિશે તાત્કાલિક માહિતી આપી શકે છે. આ પછી NHAI એ ફાસ્ટેગને બ્લેકલિસ્ટ અથવા હોટલિસ્ટ કરશે, જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દેશે. સરકારે જાહેરાત કરી છે કે હવે ફાસ્ટેગ માટે વાર્ષિક પાસનો વિકલ્પ હશે. એની કિંમત ૩,૦૦૦ રૂપિયા હશે. આ પાસ ૧૫ ઓગસ્ટથી ઉપલબ્ધ થશે. હાલમાં જરૂરિયાત મુજબ ફક્ત માસિક પાસ અને રિચાર્જ સુવિધા ઉપલબ્ધ છે. આ પાસ કાર, જીપ, વાન જેવાં ખાનગી વાહનો માટે છે.

એ એક વર્ષ માટે અથવા ૨૦૦ ટોલ પાર કરવા માટે માન્ય રહેશે, એટલે કે એક ટોલ પાર કરવાનો ખર્ચ લગભગ ૧૫ રૂપિયા હશે. સરકારનો દાવો છે કે આનાથી દેશભરના રાષ્ટ્રીય ધોરીમાર્ગોના ટોલ પ્લાઝા પર ભીડ ઓછી થશે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) પ્રમાણે, આનાથી ઈ-ટોલ કલેક્શન સિસ્ટમમાં ગડબડ આવે છે અને બાકી યાત્રીઓને પરેશાની થાય છે.

## WHOની ભારતના આયુર્વેદ, સિદ્ધ, યુનાની, સોવા રિગ્પા, હોમિયોપેથી દવાઓની માન્યતા

# ભારતની સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મોટી સફળતા

### આયુષ મંત્રાલયે જણાવ્યું હતું કે WHOનો આ રિપોર્ટ ભારતના જ પ્રસ્તાવ પર આધારિત છે




નવી દિલ્હી, તા.૧૨

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ ભારતના આયુર્વેદ, સિદ્ધ, યુનાની, સોવા રિગ્પા અને હોમિયોપેથી દવા પ્રણાલીઓમાં અનેક AI-આધારિત નવીનતાઓને આવરી લેતા એક અહેવાલમાં પરંપરાગત દવા પ્રણાલીઓ, ખાસ કરીને આયુષ પ્રણાલીઓ સાથે AI સંકલનમાં ભારતના અગ્રણી પ્રયાસોને માન્યતા આપી છે.

ભારતે વૈશ્વિક સ્વાસ્થ્ય નવીનતાના ક્ષેત્રમાં મોટી સફળતા હાંસલ કરી છે. વિશ્વ આરોગ્ય સંગઠનના અહેવાલમાં ભારતના આયુષ નવીનતા અને AI માં તેના અગ્રણી પ્રયાસોનો સમાવેશ થાય છે. આ અહેવાલનું શીર્ષક પરંપરાગત દવામાં કૃત્રિમ બુદ્ધિના ઉપયોગનું મેપિંગ છે.

આયુષ મંત્રાલયે જણાવ્યું હતું કે WHOનો આ રિપોર્ટ ભારતના જ પ્રસ્તાવ પર આધારિત છે. આ પછી, પરંપરાગત દવામાં AI ના ઉપયોગ માટે આ પ્રથમ વૈશ્વિક માળખું તૈયાર કરવામાં આવ્યું હતું.

આ રિપોર્ટમાં ભારતની દવા પ્રણાલીઓમાં અનેક AI-આધારિત નવીનતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે - આયુર્વેદ, સિદ્ધ, યુનાની, સોવા રિગ્પા અને હોમિયોપેથી. રિપોર્ટમાં નિદાન સહાયક પ્રણાલીઓની પ્રશંસા કરવામાં આવી છે જે પરંપરાગત પદ્ધતિઓ જેમ કે પ્રકૃતિ મૂલ્યાંકન, નાડી પરીક્ષણ, જીભ નિરીક્ષણ, મશીન લર્નિંગ અને ડીપ ન્યુરલ નેટવર્કને જોડે છે. આ પ્રયાસો નિદાનની ચોકસાઈ વધારી રહ્યા છે અને વ્યક્તિગત સંભાળને સક્ષમ બનાવી રહ્યા છે.

રિપોર્ટમાં એક ખાસ નવીનતા "આયુર્જેનોમિક્સ" નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે એક વૈજ્ઞાનિક સિદ્ધિ છે જે જીનોમિક્સ ને આયુર્વેદિક સિદ્ધાંતો સાથે જોડે છે. આ છે દ્વારા રોગની આગાહી અને વ્યક્તિગત આરોગ્ય ભલામણોને શક્ય બનાવી રહી છે. ઉપરાંત, પરંપરાગત હર્બલ દવાઓના પરમાણુ માળખાને સમજવા અને આધુનિક રોગોમાં પુનઃઉપયોગ માટે તૈયાર કરવાના ભારતના પ્રયાસોને એક મોટી સિદ્ધિ તરીકે વર્ણવવામાં આવ્યા છે.

ભારતની ટ્રેડિશનલ નોલેજ ડિજિટલ લાઈબ્રેરીની પ્રશંસા કરતા, WHO એ તેને પ્રાચીન તબીબી જ્ઞાનના જાળવણી અને જવાબદાર ઉપયોગ માટે વૈશ્વિક મોડેલ ગણાવ્યું છે. ઉપરાંત, પ્રાચીન ગ્રંથોના સૂચિકરણ અને અર્થપૂર્ણ વિશ્લેષણ માટે AI-સંચાલિત સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેનાથી સમય-ચકાસાયેલ તબીબી જ્ઞાનની સરળ એક્સેસ શક્ય બને છે.

# નાહિયેર ગામે કંપનીના વાહનો હાઈવે ઉપર પાર્ક કરતા અકસ્માતની ભીતિ



ભરૂચ,તા.૧૨

આમોદ તાલુકાના નાહિયેર ગામ પાસેથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૬૪ પાસે આવેલી કંપનીના ભારદારી વાહનો જાહેર રોડ ઉપર પાર્કિંગ કરતા અન્ય વાહનચાલકોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે આવા કંપનીના બેજવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.આમોદ નેશનલ હાઈવે નંબર ૬૪ ઉપર આવલી પીડીલાઈટ કંપનીના સંકુલમાં રોફ, લીટોકોલ અને ટેનેક્સ એકમોના ભારદારી વાહનો નેશનલ હાઈવે નંબર ૬૪ ઉપર સવારનાં સમયે પાર્કિંગ થતા અકસ્માત થવાનો ડર અન્ય વાહનચાલકોમાં સતાવી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે નાહિયેર ગામે આવેલી રોફ, લીટોકોલ અને ટેનેક્સ એકમોમાં માલસામાન ભરીને આવતા ભારદારી વાહનો કંપનીની અંદર પાર્ક કરવાને બદલે જાહેર રોડ ઉપર સાઈડમા આડેધડ પાર્કિંગ કરવામાં આવે છે.જેથી અન્ય વાહન ચાલકોને મુશ્કેલી ઉભી થાય છે.આ ઉપરાંત પીડીલાઈટ કંપની દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીના ધારાધોરણો મુજબ એન્ટ્રી એક્ઝિટ રોડની પણ વ્યવસ્થા કરી નથી તેવું જાણવા મળ્યું છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી કંપનીના જવાબદાર સંચાલકો સામે દંડનીય કાર્યવાહી કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.આ બાબતે લીટોકોલ કંપનીના જવાબદાર અધિકારી ચિંતન પરીખ સાથે થયેલી ટેલિફોનીક વાતચીતમાં રોડ ઉપર ઉભેલા ભારદારી વાહનો બાબતે જણાવ્યું હતું કે અમારા વાહનો સવારે નવ વાગ્યા પછી અમારી કંપનીમાં જ પાર્કિંગ કરવામાં આવે છે.ત્યારે સવાલ એ થાય છે કે સવારે નવ વાગ્યા પહેલા કંપની બહાર વાહનોની લાઈન પડે છે અને આડેધડ પાર્કિંગ કરેલા હોય છે ત્યારે રોડ ઉપર પાર્કિંગ કરેલા વાહનોને કારણે કોઈ અકસ્માત થાય અને જાનહાનિ થાય તો જવાબદાર કોણ? તે પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.


**મારૂ નામ**
**કંજરીયા મેહમદઈલિયાસ અબ્દુલગની થી બદલીને કંજરીયા મોહમદ ઇલ્યાસ કરેલ છે.**
**એચ,૨૭,તાઈફનગર-૨, તાંદલજા, વડોદરા.**

**મારૂ નામ**
**કંજરીયા રૂકશાનાબાનું મેહમદઈલિયાસ થી બદલીને કંજરીયા રૂકશાનાબાનું કરેલ છે.**
**એચ,૨૭,તાઈફનગર-૨, તાંદલજા, વડોદરા.**

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

ઈ-ટેન્ડર સૂચના નંબર: DYCE-BR-BRC-10-2025-26
જૂના સ્ટીલ ઓપન વેબનું પુનર્વસન
Tender No. DYCE-BR-BRC-10-2025-26

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલવે પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા ઈ-ટેન્ડર કરવામાં આવે છે.

કામનું નામ: સુરત-વડોદરા વિભાગ:- પશ્ચિમ રેલવે વડોદરા મંડળના SSE BR BH ના અધિકારક્ષેત્ર હેઠળ Br નં. 452 ના ગર્ડર દ્વારા જૂના સ્ટીલ ઓપન વેબનું પુનર્વસન, કાટ લાગેલા સભ્યને નવા ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ સભ્યો દ્વારા બદલીને અને ગર્ડરનું મેટલાઈઝિંગ.

કામની અંદાજિત કિંમત (રૂ.માં): ₹12,32,62,795.71

બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (રૂ.માં): ₹7,66,300.00

ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ઓનલાઈન ટેન્ડર 29.08.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું રહેશે, અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું રહેશે

વેબસાઈટ વિગતો અને સૂચના માટે સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરે. વેબસાઈટ @ www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4 BRC106

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 076 થી 078 વર્ષ 2025-26

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમાંક નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 076 વર્ષ 2025-26 | વડોદરા વિભાગ:- Sr DEN નોર્થ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને પ્રી અને પોસ્ટ ટેમ્પિંગ ટ્રેક માપન સર્વે | 1,38,17,255.85 | 2,19,100.00 |
| 2 | DRM BRC 077 વર્ષ 2025-26 | વડોદરા વિભાગ:- Sr DEN (East) BRC ના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રિમ્બલ ગેડો વોર્સિસ સિસ્ટમનો ઉપયોગ કરીને ટેમ્પિંગ પહેલા અને પોસ્ટ ટ્રેક માપન સર્વે. | 34,24,391.24 | 68,500.00 |
| 3 | DRM BRC 078 વર્ષ 2025-26 | વડોદરા ડિવિઝન:- Sr.DEN(East)-BRC ના અધિકારક્ષેત્ર હેઠળ PSC સ્લેબ દ્વારા 12.20m સુધીના હાલના સ્ટીલ ગર્ડર્સની બદલી. | 18,93,57,066.22 | 10,96,800.00 |

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 01.08.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in. ડિવિઝનલ રેલવે મેનેજર(WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004. BRC 108

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

ઈ-ટેન્ડર નોટિસ નં. 21 વર્ષ 25-26 તારીખ 10/07/2025
રબરાઇઝ્ડ સપાટી પૂરી પાડીને રોડ સપાટીમાં સુધારો
ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2025-26-E-56

કામનું નામ: રાજકોટ વિભાગ:- વિવિધ મંજૂરીઓ સામે રાજકોટ - કનાલુસ વચ્ચે 24 નંબર (12+12 નંબર) એલસી પર રબરાઇઝ્ડ સપાટી પૂરી પાડીને રોડ સપાટીમાં સુધારો.

અંદાજિત NIT કિંમત: ₹3,66,07,513.18 | અર્નેસ્ટ મની: ₹3,33,000.00

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 01/08/2025 ના 15:00 કલાકે

ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત -360 001

વેબસાઇટ: www.ireps.gov.in RJT 072

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

ઈ-ટેન્ડર સુચના નંબર: - 137_MECH_PRTN_TEND_25_13
સંપૂર્ણ સેન્ટર બફર કપ્લર (CBC) ઉતારવું, તોડી પાડવું, સમારકામ અને માઉન્ટ કરવું

કાર્યનું નામ: પ્રતાપનગર વર્કશોપ ખાતે બી.જી. વેગન અને રેલ મિલ્ક ટેન્કર પર સંપૂર્ણ સેન્ટર બફર કપ્લર (CBC) ઉતારવું, તોડી પાડવું, સમારકામ અને માઉન્ટ કરવું.

કામનો અંદાજિત ખર્ચ: ₹2,08,37,641.24/- (રૂપિયા બે કરોડ આઠ લાખ સાડત્રીસ હજાર છસો એકતાલીસ અને ચોવીસ પૈસા માત્ર)

બિડ સુરક્ષા: ₹2,54,200/- (રૂપિયા બે લાખ ચોપન હજાર બેસો માત્ર)

ટેન્ડર દસ્તાવેજ કિંમત: શૂન્ય

પૂર્ણતા સમયગાળો: 24 (ચોવીસ) મહિના | ઓફરની માન્યતા: 60 દિવસ

ટેન્ડર સબમિટ કરવાની અંતિમ તારીખ અને સમય: 06-08-2025, 15:00 કલાકે

વેબસાઇટની વિગતો અને સૂચના માટેનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે: ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલવે - 390004 વેબસાઈટ: www.ireps.gov.in BRC 105

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

હોટ સ્ટેન્ડનું ડિઝાઇન, ઉત્પાદન, પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ
ટેન્ડર નંબર: DY.CSTE/C-1/ADI/2025-26/117

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે, ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ-382345, નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

કાર્યનું નામ: ચારોપડી મોટી , વાયોર, જખૌ અને જખૌ પોર્ટ સ્ટેશનો પર નવીનતમ સુધારા સાથે ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ નં. RDSO/SPN/192/2019 Ver.2 માટે જોડાયેલ સિગ્નલિંગ પ્લાન અને RDSO સ્પષ્ટીકરણોને અનુરૂપ ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (EI) સિસ્ટમ દ્વારા હોટ સ્ટેન્ડનું ડિઝાઇન, ઉત્પાદન, પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ અને પશ્ચિમ રેલવે ના અમદાવાદ ડિવિઝન પર નલિયા - વાયોર અને નલિયા-જખૌ પોર્ટ સેક્શન વચ્ચે નવી BG લાઇન કાર્યના સંદર્ભમાં S & T કાર્ય માટે સિગ્નલિંગ સામગ્રીનો પુરવઠો.

કામની અંદાજિત કિંમત: ₹8,18,97,335/-(રૂ. આઠ કરોડ અઢાર લાખ સત્તાણુ હજાર ત્રણસો પાંત્રીસ માત્ર)

બિડ સુરક્ષા: ₹5,59,500/-(રૂ. પાંચ લાખ ઓગણસાઈઠ હજાર પાંચસો માત્ર)

ટેન્ડર સબમિટ કરવાનો અને ખોલવાનો સમય: ઈ-ટેન્ડર સબમિટ કરવાનો સમય: - 31.07.2025 ના 15.00 કલાક સુધી અને 31.07.2025 ના 15.30 કલાકે ખુલવાનો સમય
ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ 31.07.2025 ના 15.30 કલાકે

કામ પૂર્ણ કરવાનો સમયગાળો: સ્વીકૃતિ પત્ર જારી થયાની તારીખથી બાર (12) મહિના

વેબસાઇટ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે. વેબસાઇટ: www.ireps.gov.in નાયબ મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર(કન્સ્ટ્રક્ટ)નું કાર્યાલય, પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત - 382345) CPM027

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**


વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ટેન્ડર નં. 121-2025-26 થી 123-2025-26

| નં. | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 121-2025-26 | ADEN જૂનાગઢ સબ-ડિવિઝન હેઠળ મોટી અને નાની વસાહતોનું સમારકામ. | 3,81,69,918.00 | 3,40,900.00 |
| 2 | 122-2025-26 | ADEN પોરબંદર અધિકારક્ષેત્ર: વિવિધ વસાહતોના ક્વાર્ટર્સમાં સુધારો. | 1,54,36,959.14 | 2,27,200.00 |
| 3 | 123-2025-26 | ભાવનગર ટર્મિનસ સ્ટેશનના પુનઃવિકાસના કાર્યના સંદર્ભમાં બાંધકામ અને પ્લેટફોર્મ રિસરફેસિંગનું કાર્ય. | 26,76,08,283.20 | 14,88,100.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 18/07/2025 બિડિંગ બંધ થવાની તારીખ: 01/08/2025 NIT ને રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ - 09/07/2025 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. BVP 076

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**



જાહેરાત નંબર MD/173-(HVS)BRC-2025) તારીખ 11/07/2025

**રોજગાર સૂચના**

"માનદ મુલાકાતી નિષ્ણાતની નિમણૂક" – ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, પ્રતાપનગર, વડોદરા (BRC ડિવિઝન) ખાતે નિષ્ણાતની જરૂર છે

નીચેની લઘુત્તમ આવશ્યકતાઓ ધરાવતા અને અરજી કરવા ઇચ્છુક ઉમેદવારો માટે ડિવિઝનલ રેલવે હોસ્પિટલ પ્રતાપનગર વડોદરા માટે 01 નિષ્ણાતની નિમણૂક કરવાનો પ્રસ્તાવ છે. ઉમેદવાર ભરતી ની શરતો અને નિયમો અનુસાર સીધા અથવા પત્રવ્યવહાર દ્વારા નીચેના સરનામે અરજી કરી શકે છે.

સરનામું: મુખ્ય તબીબી અધિક્ષક, ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, પ્રતાપનગર, વડોદરા - 390004

આ કરાર રેલવે બોર્ડના પત્ર નં. 2014/H-1/12/8/HVS/પોલિસી તારીખ 19/06/2018 મુજબ કરવામાં આવશે. આ પત્ર રેલવે બોર્ડની વેબસાઇટ અને ગુગલ પર પણ જોઈ શકાય છે. નિષ્ણાત ની જરૂરિયાત નીચે મુજબ છે.

| ક્ર. સં | સ્પેશિયાલિસ્ટ હોય કે સુપર સ્પેશિયાલિસ્ટ | સ્પેશિયાલિટી | પોસ્ટની સંખ્યા | ફરજના કલાકો (સોમવાર થી શનિવાર) | માનદ વેતન ચૂકવવામાં આવશે |
|---|---|---|---|---|---|
| 1. | સ્પેશિયાલિસ્ટ | ઓર્થોપેડિક સર્જન | 01 | અઠવાડિયામાં 6 દિવસ માટે દિવસમાં 2 કલાક | માસિક રૂ.52000/- |

આ મુદ્દાઓ પરિપત્ર મુજબ છે.

3.લાયકાત અને અનુભવ:-
(3.11) સુપર સ્પેશિયાલિસ્ટ - ન્યૂનતમ લાયકાત પોસ્ટ ડોક્ટરલ લાયકાત DM/MCH અથવા સમકક્ષ હશે.
(3.12) માન્ય યુનિવર્સિટીમાંથી સ્પેશિયાલિસ્ટ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી. પી.જી. ડિગ્રી મેળવ્યા પછી સંબંધિત સ્પેશિયાલિટી સંબંધિત વ્યાવસાયિક કાર્યમાં ઓછામાં ઓછો 03 વર્ષનો અનુભવ.
(3.3) જ્યાં પી.જી. ડિગ્રી ધરાવતા યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન હોય ત્યાં પી.જી. ડિપ્લોમા મેળવ્યા પછી સંબંધિત સ્પેશિયાલિટી સંબંધિત વ્યાવસાયિક કાર્યમાં ૫ વર્ષનો અનુભવ ધરાવતા પી.જી. ડિપ્લોમા ધારકો.

16. ઉંમર પ્રોફાઇલ:-
(4.9) પ્રથમ નિમણૂંક દરમિયાન, પસંદગીની ઉંમર 30 વર્ષથી 64 વર્ષની વચ્ચે છે.
(4.10) સતત નિમણૂંકની ઉચ્ચતમ વય મર્યાદા 65 વર્ષ છે.

17. કાર્યકાળ:-
(5.9) દરેક વખતે ઓફર આપવામાં આવે ત્યારે, તે ફક્ત એક વર્ષ માટે જ આપવાની રહેશે.
(5.10) એક વર્ષ પૂર્ણ થયા પછી, રેલવે બોર્ડના પત્ર નં. 2014/H-1/12/8/HVS/પોલિસી તારીખ 19/06/2018 ના ફકરા 2 મુજબ મુદત લંબાવી શકાય છે.

18. મુલાકાતોની સંખ્યા/કલાકો વગેરે:-
(6.13) દરરોજ/2 દિવસ/અઠવાડિયામાં સરેરાશ 2 કલાક
(6.14) દરરોજ/4 દિવસ/અઠવાડિયામાં સરેરાશ 2 કલાક
(6.15) દરરોજ/6 દિવસ/અઠવાડિયામાં સરેરાશ 2 કલાક

વધુમાં, રવિવાર અને રજાના દિવસ (4 દિવસ અને 2 દિવસ/અઠવાડિયા) સહિત કોઈપણ દિવસે કટોકટીમાં બોલાવવામાં આવે ત્યારે તેમને હોસ્પિટલમાં આવવું પડશે.

8. માનદ વેતન ચૂકવવાનું રહેશે:-

| ફરજના કલાકો | સ્પેશિયાલિસ્ટ | સુપર સ્પેશિયાલિસ્ટ |
|---|---|---|
| 6 દિવસ/અઠવાડિયામાં દિવસમાં 2 કલાક | રૂ. 52000/-P.M. | રૂ. 64000/-P.M. |
| 4 દિવસ/અઠવાડિયામાં દિવસમાં 2 કલાક | રૂ. 32000/-P.M. | રૂ. 40000/-P.M. |
| 2 દિવસ/અઠવાડિયામાં દિવસમાં 2 કલાક | રૂ. 16000/-P.M. | રૂ. 20000/-P.M. |

9. મફત રેલવે પાસ:-
(9.1) રાજધાની એક્સપ્રેસ સહિત એસી ટુ ટાયર અને શતાબ્દી એક્સપ્રેસની એસી ચેર કારમાં સ્વ + જીવનસાથી અને આશ્રિત બાળકો ( રેલવે કર્મચારીઓ માટે લાગુ નિયમો મુજબ) માટે દરેક કેલેન્ડર વર્ષમાં પસંદગી ગ્રેડ અધિકારીઓના હક મુજબ, સમગ્ર ભારતીય રેલવે અને કોંકણ રેલવે માં માન્ય મફત રેલવે પાસનો એક સેટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
(9.2) કેલેન્ડર વર્ષ માટે 3 મહિનાની નિમણૂક પછી મફત પાસ મેળવી શકાય છે.

11.મહેનતાણામાં કપાતનો દૈનિક દર:
તેમને દર વર્ષે 12 દિવસથી વધુની ગેરહાજરી માટે 12 દિવસની રજા આપવાની છૂટ છે. કપાત નીચેના દરે કરવામાં આવશે (વધારેલા માનદ વેતન પર અગાઉના દરે પેરા નંબર 8 મુજબ)

| ફરજના કલાકો | વિશેષજ્ઞ | સુપર સ્પેશિયાલિસ્ટ |
|---|---|---|
| 6 દિવસ/અઠવાડિયા માટે દિવસમાં 2 કલાક | રૂ.2167/-પી.ડી. | રૂ. 2667/-પી.ડી. |
| 4 દિવસ/અઠવાડિયા માટે દિવસમાં 2 કલાક | રૂ. 2000/- પી.ડી. | રૂ. 2500/-પી.ડી. |
| 2 દિવસ/અઠવાડિયા માટે દિવસમાં 2 કલાક | રૂ. 2000/- પી.ડી. | રૂ. 2500/-પી.ડી. |

12. કરારની સમાપ્તિ: કરાર કોઈપણ સમયે સમાપ્ત થઈ શકે છે, બંને બાજુએ એક મહિનાની સૂચના પર. વહીવટીતંત્ર આવી સમાપ્તિ માટે કોઈ કારણ ન આપવાનો અધિકાર અનામત રાખે છે.

બધી શરતો અને નિયમો રેલવે બોર્ડના પત્ર નં. 2014/H -1/12/8/HVS/પોલિસી તારીખ 19/06/2018 મુજબ રહેશે.

આ કરાર એક વર્ષ માટે રહેશે અને નીતિ મુજબ HVS યોજનાના વિસ્તરણને આધીન રહેશે.

14. મુખ્ય તબીબી અધિક્ષક, ડિવિઝનલ રેલવેહોસ્પિટલ, પ્રતાપનગર, વડોદરા - 390004 ને અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ 19/08/2025, 5:00 કલાક પહેલા.

ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, પ્રતાપનગર - વડોદરા ખાતે માનદ મુલાકાતી નિષ્ણાતની નિમણુક માટે અરજી અહીં સ્વ-પ્રમાણિત પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ લગાવો

પ્રતિ
મુખ્ય તબીબી અધિક્ષક
ડિવિઝનલ રેલવે હોસ્પિટલ
વડોદરા-WR

વિષય:- ડિવિઝનલ રેલવે હોસ્પિટલ-વડોદરા ખાતે ઓર્થોપેડિક સર્જન (માનદ મુલાકાતી નિષ્ણાત) ની નિમણુક.

સંદર્ભ:- સૂચના નંબર MD/173-(HVS)BRC-2025 તારીખ 11/07/2025.સૂચના મુજબ, હું ઓર્થોપેડિક સર્જન (માનદ મુલાકાતી નિષ્ણાત) ની નિમણુક માટે ઉમેદવાર તરીકે મારી જાતને અરજી કરું છું. મારો વ્યક્તિગત બાયો-ડેટા નીચે મુજબ છે:-

1. નામ:............................................
2. પિતા/પતિનું નામ:.................................
3. જન્મ તારીખ:......................................
4. ઉંમર (01/08/2025):...............................
5. લિંગ (પુરુષ/સ્ત્રી):................................
6. સંચારનું સરનામું:..................................
7. મોબાઈલ નંબર અને ઈમેલ ID:........................
8. રાષ્ટ્રીયતા:.........................................
9. શૈક્ષણિક લાયકાત/વ્યવસાયિક લાયકાત એટલે કે ડિગ્રી અને અનુસ્નાતક ડિગ્રી/ડિપ્લોમા

| પરીક્ષાનું નવર્ણન | પરિણામ(વર્ષ) | મેડિકલ યુનિ | પ્રયત્નોની સંખ્યા | % ગુણ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

10. MBBS ની ઇન્ટર્નશીપ પૂર્ણ થયાની તારીખ:.............................
11. માનદ મુલાકાતી વિશેષજ્ઞ તરીકે કામ કરવા માટે ખાસ, જો અગાઉ સેવા આપવામાં આવી હોય:

| રેલવેનું નામ | નિમણુક/કરાર સ્ટેશન | | કોન્ટ્રેક્ટની અવધિ | |
|---|---|---|---|---|
| | | | તરફથી | પ્રતિ |
| | | | | |
| | | | | |

12. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/રાજ્યની નોંધણી નં.......................
13. PG ડિપ્લોમા પછી અનુભવની વિગતો..........................................
14.જોડવામાં આવનાર દસ્તાવેજોની વ્યવસ્થિત સ્વ-પ્રમાણિત ફોટોકોપીઓ:
(I) જન્મનું પ્રમાણપત્ર/ઉંમરનો પુરાવો
(ii) ઈન્ટર્નશીપ પ્રમાણપત્ર
(iii) પદવી પ્રમાણપત્ર
(iv) મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા/રાજ્યનું નોંધણી પ્રમાણપત્ર તારીખ મુજબ માન્ય હોવું જોઈએ.
(v) અનુભવ પ્રમાણપત્ર
(vi) માન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડિગ્રી/ડિપ્લોમા પ્રમાણપત્રહું અહીં જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો સાચી છે. જો મારા દ્વારા આપવામાં આવેલી કોઈપણ માહિતી કોઈપણ તબક્કે ખોટી/ખોટી જણાય, તો મારી પસંદગી/નિમણૂંક મને કોઈપણ સૂચના આપ્યા વિના સમાપ્ત થઈ શકે છે અને મારી સામે ફોજદારી/નાગરિક કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

ઉમેદવારની સહી
પૂરું નામ

સ્થળ:
તારીખ:

નોંધ: કોઈપણ રીતે અપૂર્ણ અરજી ફોર્મ નકારવાને પાત્ર છે. BRC107

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# પ્લેન ક્રેશનો કોયડો ક્યારે ઉકેલાશે?



અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં તાજેતરમાં થયેલી પ્લેન દુર્ઘટનામાં ફ્યુઅલ સ્વિચની ભૂમિકા ચર્ચાનો વિષય બની છે. પ્રાથમિક રિપોર્ટ્સ અનુસાર, આ દુર્ઘટના પાછળ વિમાનની ફ્યુઅલ સ્વિચનું કટઓફ થવું સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. ત્યારે વિમાનમાં ફ્યુઅલ સ્વિચ કેવી રીતે કામ કરે છે અને તેની ટેક્નોલોજી શું છે તે સમજવું અત્યંત મહત્ત્વનું છે.

**ફ્યુઅલ સ્વિચનું કાર્ય અને ટેક્નોલોજી**

ફ્યુઅલ સ્વિચ વિમાનના કોકપિટમાં થ્રસ્ટ લીવર પાસે આવેલી હોય છે. આ સ્વિચ એન્જિનમાં ફ્યુઅલની સપ્લાયને નિયંત્રિત કરે છે. તેનું મુખ્ય કાર્ય એન્જિનમાં ફ્યુઅલની સપ્લાયને શરૂ કરવી અથવા બંધ કરવી છે. દરેક એન્જિન માટે એક અલગ ફ્યુઅલ કંટ્રોલ સ્વિચ હોય છે. ઉદાહરણ તરીકે, બોઈંગ ૭૮૭માં બે એન્જિન હોય છે, તેથી બે સ્વિચ હશે - એક ડાબા એન્જિન માટે અને એક જમણા એન્જિન માટે.

## પાયલટ સુમિત સભરવાલ



- નામ: પાયલટ સુમીત સભરવાલ
- ઉંમર: ૫૯ વર્ષ
- લાઈસન્સ માન્યતા: મે ૨૦૨૬ સુધી
- ઉડાનનો અનુભવ (કલાક): Boeing ૭૮૭૫૨: ૮,૫૯૬ કલાક કુલ: ૧૫,૬૩૮ કલાક
- આ વિમાન ઉડાવ્યા: Boeing 787, Boeing 777, Airbus A310

## કો-પાયલટ ક્લાઇવ કુંડર



- નામ: કો-પાયલટ ક્લાઈવ કુંડર
- ઉંમર: ૩૨ વર્ષ
- પાયલટ લાઈસન્સ મળ્યું: ૨૦૨૦માં
- પાયલટ લાઈસન્સ માન્યતા: ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી
- ઉડાનનો અનુભવ (કલાક): Boeing 787 Ăkh: ૧,૧૨૮ કલાક, કુલ: ૩,૪૦૩ કલાક
- આ વિમાન ઉડાવ્યા: પાયલટ-ઈન-કમાન્ડ તરીકે: Cessna 172, Piper PA-34 Seneca કો-પાયલટ તરીકે: Airbus A320, Boeing 787

● રન પોઝિશન: જ્યારે સ્વિચ 'રન' માં હોય છે, ત્યારે ફ્યુઅલ વાલ્વ ખુલે છે અને એન્જિનને ફ્યુઅલ સપ્લાય શરૂ થાય છે. આ એન્જિનને ચાલુ રાખે છે અને એરક્રાફ્ટને જરૂરી થ્રસ્ટ પૂરો પાડે છે.

● કટઓફ પોઝિશન: જ્યારે સ્વિચ 'કટઓફ' પર ખસેડવામાં આવે છે, ત્યારે ઈંધણ વાલ્વ બંધ થાય છે અને એન્જિનને ઈંધણ પુરવઠો બંધ થઈ જાય છે. આના કારણે એન્જિન તરત જ બંધ થઈ જાય છે.

ફ્યુઅલ સ્વિચો સ્પ્રિંગ-લોડેડ હોય છે અને તેમાં ડિટેન્ટ હોય છે જે તેમને સ્થાને રાખે છે. સ્વિચ ખસેડવામાં ત્રણ પગલાં સામેલ છે - પકડવું, ડિટેન્ટમાંથી બહાર કાઢવું અને છોડવું. આ કોઈ સામાન્ય સ્વિચ નથી જે આકસ્મિક રીતે દબાવી શકાય.

**બ્લેક બોક્સ ડેટામાં શંકાસ્પદ હિલચાલ**

યુએસ એવિએશન વેબસાઈટ 'ધ એર કંટ્રોલ' ના અહેવાલ મુજબ, બ્લેક બોક્સમાંથી મળેલા પ્રારંભિક ડેટામાં બંને એન્જિનની ફ્યુઅલ સ્વિચોની હિલચાલનો ખુલાસો થયો છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે આ હિલચાલ પાયલટની ભૂલ, ટેક્નિકલ ખામી કે અન્ય કોઈ કારણસર થઈ હતી.

અમેરિકન ઉડ્ડયન સુરક્ષા નિષ્ણાત જોન કોક્સ ના મતે, આ સ્વિચ એટલી સંવેદનશીલ હોતી નથી કે તે આકસ્મિક સ્પર્શથી ટ્રિગર થઈ શકે. તે ફક્ત જમીન પર જ ચાલુ/બંધ થાય છે.

**નિષ્ણાતોએ શું કહ્યું?**

ઉડ્ડયન નિષ્ણાત કેપ્ટન રાકેશ રાય ના મતે, "કોઈપણ પાયલટ વિમાનમાં આવીને ફ્યુઅલ સ્વિચ સાથે રમતા નથી. જો આવું થયું હોય તો ચોક્કસ કોઈ ટેક્નિકલ સમસ્યા હશે."

કેપ્ટન રાયે બોઈંગની માનક પ્રક્રિયાનો ઉલ્લેખ કર્યો, જે જણાવે છે કે ડ્યૂઅલ એન્જિન નિષ્ફળતાના કિસ્સામાં પાયલટે તાત્કાલિક પ્રતિક્રિયા આપવી પડે છે અને બંને સ્વિચો ચાલુ અને બંધ કરીને "EEC" ને ફરીથી સેટ કરવી પડે છે. આને "વિન્ડમિલ સ્ટાર્ટ" કહેવામાં આવે છે, જે એન્જિનને ફરીથી શરૂ કરી શકે છે. આ સંકેત આપે છે કે પાયલટ દ્વારા આ સ્વિચને હેરાફેરી કરવાનો પ્રયાસ કટોકટીની પ્રક્રિયાનો ભાગ હોઈ શકે છે.

# વધુ એક એર ક્રેશનો તપાસ રિપોર્ટ કઈ દિશા સૂચવે છે?



ચક્રવ્યૂહ
દીપક આશર



અમદાવાદ વિમાન દુર્ઘટનાના પ્રારંભિક તપાસ અહેવાલે ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે વિમાનના બંને એન્જિન બંધ થવાને કારણે આ અકસ્માત થયો હતો. ઉપરાંત, કોકપીટ વોઈસ રેકોર્ડર દ્વારા પાઈલટ્સની છેલ્લી વાતચીત પણ પ્રકાશમાં આવી છે. એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાનું રહસ્ય વધુ ઊંડું થઈ રહ્યું છે.

અહેવાલો મુજબ, ટેકઓફ સમયે કો-પાયલોટ વિમાન ઉડાડી રહ્યો હતો, જ્યારે કેપ્ટન દેખરેખ રાખી રહ્યો હતો. વિમાન દુર્ઘટના પહેલા કોકપીટ વોઈસ રેકોર્ડરમાં એક પાયલોટ બીજા પાયલોટને પૂછતો સાંભળવામાં આવ્યો, તમે એન્જિનનું ઈંધણ કેમ બંધ કર્યું?. જવાબમાં - બીજા પાયલોટને કહેતા સાંભળવામાં આવ્યો, મેં કંઈ કર્યું નથી. જો કે, આ રેકોર્ડિંગ પરથી સ્પષ્ટ નથી કે કોણે શું કહ્યું? પણ સવાલો અનેક ઊભાં થયા છે. જો કે, ઉડ્ડયન મંત્રીએ એવું સ્પષ્ટ કહ્યું છે કે, આ પ્રાથમિક રિપોર્ટ છે, ફાઈનલ રિપોર્ટ ૩ મહિના પછી આવશે. આમ છતાં હવે નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

સૌથી પહેલા વાત કરીએ જેનાં તરફ આંગળી ચિંધાઈ છે એ ઈંધણ સ્વીચની. આ સ્વીચો કેવી રીતે ચાલુ થાય છે? : આ સ્વીચો સ્પ્રિંગ-લોડેડ હોય છે અને તેને ઉપર ખેંચીને મોડ બદલવા માટે ખસેડવાની જરૂર રહે છે. દરેક સ્વીચમાં બે સેટિંગ્સ હોય છે. ઈંધણ પુરવઠા માટે 'RUN' અને ઈંધણ પુરવઠો રોકવા માટે 'CUTOFF'. જો ફ્લાઈટ દરમિયાન સ્વીચ કટઓફ પર જાય, તો એન્જિનને ઈંધણ મળતું બંધ થઈ જાય છે. રિપોર્ટ અનુસાર, તપાસકર્તાઓ કહે છે કે આ ઈંધણ સ્વીચો એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે તેમને અચાનક સક્રિય થતાં અટકાવી શકાય. તેમને ઉલટાવા પહેલા અનલોક કરવા માટે ઉપર ખેંચવી પડે છે. આ એક સલામતી સુવિધા છે, જે ૧૯૫૦ના દાયકાથી અસ્તિત્વમાં છે.

આવી સ્થિતિમાં એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે આ સ્વીચો આકસ્મિક રીતે અને સરળતાથી ચાલુ - બંધ કરી શકાતી નથી. ઉડ્ડયન નિષ્ણાતો પણ આવું જ માને છે. ન્યૂઝ એજન્સી મુજબ, અમેરિકન ઉડ્ડયન નિષ્ણાત જોન નેન્સને ટાંકીને લખ્યું છે કે, કોઈ પણ સમજદાર પાયલોટ ફ્લાઈટ દરમિયાન આ સ્વીચો ક્યારેય બંધ નહીં કરે. તેની અસર તાત્કાલિક થશે. બીજા એક નિષ્ણાતે આ જ અહેવાલમાં જણાવ્યું છે કે આ સ્વીચો સ્વતંત્ર રીતે વાયર્ડ છે અને વીજળી સાથે જોડાયેલી છે. તેથી, કોઈપણ યાંત્રિક ખામી વિના અજાણતાં સ્વિચ બંધ થવાની શક્યતા ખૂબ ઓછી છે. બંને સ્વિચોને એક હાથે ખેંચવી પણ લગભગ અશક્ય છે.

ઓહિયો સ્ટેટ યુનિવર્સિટીના ભૂતપૂર્વ એરલાઈન અકસ્માત ઈન્વેસ્ટિગેટર અને ઉડ્ડયન નિષ્ણાત શોન પ્રુચનિકીએ જણાવ્યું હતું કે જો કોઈ પાઈલટ સ્વિચ બંધ કરવા માટે જવાબદાર હોય, પછી ભલે તે જાણી જોઈને હોય કે અજાણતાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે અહીં એવી કોઈ સ્થિતિ ઊભી થઈ નથી.

તેઓએ કહ્યું, આ જાણી જોઈને કરવામાં આવ્યું હતું કે કોઈ ગેરસમજનું પરિણામ હતું? આ બંને સ્થિતિ અસંભવિત લાગે છે, કારણ કે પાઈલટ્સે કંઈ અસામાન્ય જાણ કરી ન હતી. કટોકટીની પરિસ્થિતિમાં ઘણા પાઈલટ્સ ખોટું બટન દબાવી શકે છે અથવા ખોટી પસંદગી કરી શકે છે, પરંતુ અહીં આવી કોઈ પરિસ્થિતિ નહોતી કે એવી કોઈ ચર્ચા નહોતી કે ઈંધણ સ્વિચો ભૂલથી પસંદ કરવામાં આવી હોય.

અમેરિકાના એનટીએસબીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર પીટર ગોએલ્ઝ પણ એવું જ માને છે. તેમણે કહ્યું કે ટેકઓફ થવાની થોડી સેકન્ડમાં જ પાઈલટે ફ્યુઅલ સ્વિચ બંધ કરી દીધી તે વાત પચાવી શકાય તેવી નથી. તેમણે કહ્યું, કોકપીટ વોઈસ રેકોર્ડરમાં કદાચ શેર કરવામાં આવેલી માહિતી કરતાં ઘણી વધુ માહિતી હશે. તમે ઈંધણ સ્વિચો કેમ બંધ કરી... જેવું એક વાક્ય પૂરતું નથી. પ્રશ્ન એ છે કે બંને સ્વિચો કોણે બંધ કરી અને થોડી સેકન્ડમાં ફરી ચાલુ કરી. વોઈસ રેકોર્ડર ઘણું બધું જાહેર કરશે. શું પાઈલટ ઉડાન ભરી રહ્યો હતો કે મોનિટરિંગ પાઈલટ એન્જિન ફરી શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો?

તપાસકર્તાઓ માને છે કે ફક્ત કોકપીટ વોઈસ રેકોર્ડર જ આ કોયડો ઉકેલી શકે છે. તેમાં પાઈલટનો માઈક, રેડિયો કોલ્સ અને કોકપીટની આસપાસના અવાજોનો સમાવેશ થાય છે.

બીજી તરફ, એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) દ્વારા જાહેર કરાયેલા ૧૫ પાનાના રિપોર્ટમાં જણાવાયું છે કે એન્જિન બંધ થયા પછી, પાઈલટ્સે પરિસ્થિતિને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે બંને એન્જિન ફરી શરૂ કર્યા હતા. રિપોર્ટ અનુસાર, એન્જિન-૧ અમુક હદ સુધી શરૂ થયું પણ હતું, પરંતુ એન્જિન-૨ સંપૂર્ણપણે ગતિ પાછી મેળવી શક્યું નહીં. ક્રેશ થતાં પહેલાં વિમાન માત્ર ૩૨ સેકન્ડ માટે હવામાં રહ્યું હતું.

એવિએશન નિષ્ણાત શોન પ્રુચનિકીએ જણાવ્યું હતું કે, એન્જિન બંધ કરવામાં આવ્યા અને પછી ફરી શરૂ કરવામાં આવ્યા હતા. પાઈલટ્સને ખ્યાલ આવ્યો કે એન્જિનની ગતિ ઘટી રહી છે. તેમણે કદાચ પહેલા ડાબું એન્જિન ફરી શરૂ કર્યું, પછી જમણું એન્જિન, પરંતુ જમણા એન્જિનને ફરી શરૂ થવા માટે પૂરતો સમય મળ્યો નહીં અને થ્રસ્ટ પણ અપૂરતો હતો.

ક્રેશ થયેલા એર ઈન્ડિયાના વિમાનને કેપ્ટન સુમિત સભરવાલ ચલાવી રહ્યા હતા, જે લાઈન ટ્રેનિંગ કેપ્ટન હતા અને ૮,૨૦૦ કલાક ઉડાનનો અનુભવ ધરાવતા હતા. તેમની સાથે ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદર પણ હતા, જેમને ૧,૧૦૦ કલાક ઉડાનનો અનુભવ હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બંને પાઈલટ તબીબી રીતે સ્વસ્થ હતા અને તેમને કોઈ સમસ્યા નહોતી. આ ઉપરાંત, હવામાન સંપૂર્ણપણે સ્વચ્છ હતું. અને પક્ષી અથડાવાની કોઈ સમસ્યા નહોતી.

**એર ઇન્ડિયા પ્લેન ક્રેશનો પ્રાથમિક રિપોર્ટ આવતાં અનેક નવા ખુલાસાઓ સામે આવી રહ્યા છે! કોકપીટ વોઇસ રેકોર્ડર દ્વારા પાઇલટ્સની છેલ્લી વાતચીત સામે આવી છે. એવું પણ બહાર આવ્યું છે કે- કો-પાયલટના હાથમાં કંટ્રોલ, કેપ્ટનનું મોનિટરિંગ હતું અને ફ્યુઅલ સ્વિચ બંધ હતી! પણ એક્સપર્ટ્સ કહે છે- બધું બરાબર, બાત હજમ નહીં હૂઈ..!**

## પ્લેન ક્રેશના પ્રાથમિક રિપોર્ટમાં સામે આવેલા ૧૦ મહત્ત્વના ખુલાસા

૧. બંને એન્જિનની ફ્યુલ સ્વિચ અચાનક 'કટ ઓફ' : ટેકઓફ બાદ વિમાન ૧૮૦ નોટ્સની સ્પીડ પર હતું, ત્યારે બંને એન્જિનની ફ્યુલ સ્વિચ 'રન'થી અચાનક 'કટ ઓફ' પોઝિશનમાં જતી રહી. આ ઘટના એવી હતી કે જાણે કોઈએ જાણી જોઈને કે અજાણ્યે એન્જિનના શ્વાસ રોકી દીધા હોય.

૨. બંને પાયલટ્સ વચ્ચે મૂંઝવણ : કોકપિટ વૉઈસ રેકોર્ડરમાં કેપ્ચર થયેલી વાતચીત ચોંકાવનારી છે. એક પાયલટ બીજાને પૂછે છે કે, "તમે ફ્યુલ કટ ઑફ કેમ કર્યું?" તેના જવાબમાં બીજા પાયલટ કહે છે કે, "મેં તો કંઈ નથી કર્યું." આ સંવાદ પરથી માલુમ પડે છે કે, કોકપિટમાં બંને વચ્ચે કેવી મૂંઝવણભરી સ્થિતિ સર્જાઈ હતી.

૩. અકસ્માતનું કારણ હજુ અસ્પષ્ટ : પ્રાથમિક રિપોર્ટ પ્રમાણે ફ્યુલ સ્વિચની મૂવમેન્ટ પર સવાલ ઊભા થયા છે, પરંતુ આ કોઈ માનવીય ભૂલ હતી, ટેક્નિકલ ખામી હતી કે જાણી જોઈને કંઈ કરાયું હતું તે હજુ સુધી સ્પષ્ટ નથી.

૪. એન્જિન ૧ માં આશાનું કિરણ, પરંતુ વિમાન તૂટી પડ્યું : આ તપાસ પ્રમાણે, એન્જિન ૧માં ફ્યુલ કટ ઓફ બાદ પણ પાયલટને રિકવરીની આશા હતી. તેની કોર સ્પીડ રોકાયા બાદ ફરી વધવા લાગી હતી, પરંતુ વિમાનને બચાવવા માટે તે પૂરતું નહોતું.

૫. એન્જિન ૨નો નિષ્ફળ પ્રયાસ : એન્જિન ૨ને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે સંપૂર્ણ રીતે સ્થિર ન થઈ શક્યું. વારંવાર ફ્યુલ નાંખવા છતાં વિમાનની સ્પીડ સતત ઘટતી ગઈ અને દુર્ઘટના ટાળવી અશક્ય થઈ ગઈ.

૬. રિલાઈટનો પ્રયાસ, પરંતુ તેમાં પણ નિષ્ફળતા : પાયલટે તુરંત ફ્યુલ સ્વિચને ફરી 'રન' પોઝિશનમાં કરી અને બંને એન્જિનમાં એક્ઝોસ્ટ ગેસ ટેમ્પરેચર વધવાથી રિલાઈટનો પ્રયાસ સ્પષ્ટરૂપે જોઈ શકાયો. જો કે, ઓછી ઊંચાઈના કારણે પાયલટને પૂરતો સમય જ ના મળ્યો.

૭. એન્જિનની સ્પીડ લઘુતમથી પણ ઓછી : ફ્લાઈટ ડેટા રેકોર્ડરના વિશ્લેષણ પ્રમાણે, બંને એન્જિનની એનર વેલ્યુ સરેરાશ સ્પીડથી પણ ઓછી હતી, જે એન્જિન સંપૂર્ણપણે ઠપ થઈ જવાનો જ સંકેત હતો.

૮. બ્લેક બોક્સનો એક ભાગ બેકાર : અકસ્માતમાં વિમાનના એન્જિનની સાથે એન્હાન્સ્ડ એરબોર્ન ફ્લાઈટ રેકોર્ડર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ચૂક્યા હતા. આ કારણસર ડેટાને સામાન્ય રીતે કાઢવો સંભવ નહતો. પ્લેન ક્રેશની તપાસમાં આ મોટો ઝટકો ગણી શકાય.

૯. સલામતીના કોઈ જ સૂચન નહીં, તપાસ શરૂ : એએઆઈબીએ હજુ સુધી બોઈંગ ૭૮૭-૮ અથવા તેના જીઈ જીઈએનએક્સ-૧બી એન્જિન માટે સલામતીના કોઈ સૂચન જાહેર કર્યા નથી, જે સંકેત આપે છે કે, અત્યાર સુધી કોઈ ટેક્નિકલ ખામી સામે નથી આવી.

૧૦. આગળની તપાસમાં પુરાવા ભેગા કરાશે : એએઆઈબીએ કહ્યું છેકે, પ્રાથમિક તપાસ કરીને ઊંડી તપાસનો તબક્કો પણ શરૂ થઈ ગયો છે, જેમાં ઊંડું વિશ્લેષણ કરીને વધુ પુરાવા એકઠા કરવામાં આવશે.

### નિષ્ણાતો અને નેતાઓ શું કહે છે?

**બોઇંગની સિસ્ટમમાં ગંભીર ભૂલ હોઈ શકે : કૌલ**

સિવિલ એવિએશન મિનિસ્ટ્રીના પૂર્વ જોઈન્ટ સેક્રેટરી સંત કૌલે જણાવ્યું હતું કે, પાયલટને દોષ ન આપી શકાય, કારણ કે તેઓ ખૂબ અનુભવી હતા. તેમણે સૂચવ્યું કે બોઈંગ દ્વારા પૂરી પાડવામાં આવેલી સિસ્ટમમાં કોઈ ગંભીર ભૂલ હોઈ શકે છે, જેના કારણે ફ્યુલ ટેકની સ્વિચ ઓફ થઈ ગઈ. જોકે, સાચી માહિતી સંપૂર્ણ તપાસ પછી જ સામે આવશે. જ્યારે પૂર્વ એએઆઈબી અધિકારી કેપ્ટન કિશોર ચિંતાએ સવાલ ઉઠાવ્યો છેકે, શું સ્વિચ વિમાનના ઈલેક્ટ્રોનિક કંટ્રોલ યુનિટની સમસ્યાને કારણે ટ્રિગર થઈ શકે છે.

**ઉડ્ડયન સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા : મંત્રી**

નાયડુએ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રના પાયલટો અને ક્રૂની પ્રશંસા કરતા કહ્યું હતું કે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમારી પાસે વિશ્વના શ્રેષ્ઠ પાયલટ અને ક્રૂ છે. તેઓ આપણા એવિએશન ઈન્ડસ્ટ્રીના કરોડરજ્જુ છે. સરકાર અકસ્માત સંબંધિત તમામ પાસાઓની ગંભીરતાથી તપાસ કરી રહી છે અને અંતિમ અહેવાલના આધારે જરૂરી પગલાં લેવામાં આવશે.

**પૂર્વ મંત્રી શાહનવાઝ હુસૈને પણ પ્રતિક્રિયા આપી**

ભાજપ નેતા અને પૂર્વ મંત્રી શાહનવાઝ હુસૈને પણ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ રિપોર્ટ ચોંકાવનારો છે અને ઘણા મહત્વપૂર્ણ સવાલો ઉભા કરે છે. આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે વિમાનના એન્જિનને ઈંધણ નહોતું મળી રહ્યું. આ ખૂબ જ ગંભીર અને ચિંતાજનક બાબત છે, અને તેનાથી ઘણા સ્તરે તપાસની જરૂરિયાતો સામે આવે છે.

## વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારોની પ્રતિક્રિયા, 'ઘણા પ્રશ્નો પૂછવા જેવા છે'



એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ શુક્રવારે અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના અંગે પ્રાથમિક અહેવાલ જાહેર કર્યો. આ અકસ્માતમાં પોતાના માતા-પિતાને ગુમાવનારા યશપાલ સિંહ વાંસડિયાએ સરકાર અને તપાસ એજન્સીઓને પ્રશ્નો પૂછ્યા છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૧૭૧ એ ૧૨ જૂનના રોજ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભરી હતી. પરંતુ થોડી જ વારમાં વિમાન ક્રેશ થઈ ગયું. આ અકસ્માતમાં ૨૬૦ લોકોના મોત થયા હતા, જેમાં ૨૨૯ મુસાફરો, ૧૨ ક્રૂ સભ્યો અને જમીન પર ૧૯ લોકોનો સમાવેશ થાય છે.

**પ્રિવેન્ટિવ તપાસ કરવામાં આવી હતી કે નહીં : યશપાલ વાસંદિયા**

વાંસદિયાએ કહ્યું કે એએઆઈબીના પ્રાથમિક અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એક પાઈલટે બીજા પાઈલટને પૂછ્યું હતું - શું તમે એન્જિન બંધ કરી દીધું હતું? આનો અર્થ એ કે કોઈ ટેકનિકલ સમસ્યા હતી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે શું ઉડાન પહેલાં વિમાનની તમામ નિવારક તપાસ કરવામાં આવી હતી કે નહીં. તેમણે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે તેમના બધા પ્રશ્નોના જવાબ મળશે.

**ગુનેગારોને સજા મળવી જોઇએ : મુકેશ મહેશ્વરી**

વિમાન દુર્ઘટનામાં પોતાના પુત્રને ગુમાવનાર વડોદરાના મુકેશ મહેશ્વરીએ માગ કરી હતી કે આ અકસ્માત માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. તેણે કહ્યું, મેં મારો દીકરો ગુમાવ્યો... હું ફક્ત એટલું જ ઈચ્છું છું કે આ અકસ્માત માટે જે પણ જવાબદાર છે તેને સજા મળે.

**આવી ઘટનાઓ ફરી ન બનવી જોઇએ : મોહમ્મદ રફીક**

મોહમ્મદ રફીક ગુલામ હુસૈન ખાનજી, જેમણે આ ઘટનામાં પોતાના પરિવારના ત્રણ સભ્યો ગુમાવ્યા હતા, તેમણે કહ્યું કે સરકારે ખાતરી કરવી જોઈએ કે આવી ઘટનાઓ ફરી ન બને અને તમામ સાવચેતીનાં પગલાં લેવા જોઈએ. મોહમ્મદ રફીકે કહ્યું, અમે સરકાર પાસેથી આશા રાખીએ છીએ કે આવી દુર્ઘટના ફરી ક્યારેય ન બને અને સમયસર તમામ જરૂરી સાવચેતી રાખવામાં આવે.

**AAIBના પ્રારંભિક અહેવાલની નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સમીક્ષા કરવામાં આવી**

# ભારતમાં પહેલીવાર બ્લેક બોક્સ ડેટા ડીકોડ થયો



વિશાખાપટ્ટનમ, તા.૧૨

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની "પારદર્શક અને વ્યાવસાયિક" તપાસ કરવા બદલ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોની પ્રશંસા કરી છે. શનિવારે મીડિયા સાથે વાત કરતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે શુક્રવારે જાહેર કરાયેલ **AAIB**ના પ્રારંભિક અહેવાલની નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અંતિમ અહેવાલ આવ્યા પછી જ વધુ ટિપ્પણી કરવામાં આવશે. નાયડુએ કહ્યું, "હું **AAIB** દ્વારા કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરું છું; ખૂબ જ પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું છે. છઠ્ઠીક પહેલીવાર બ્લેક બોક્સના ડેટાને ડીકોડ કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું, જે ખૂબ જ પડકારજનક અને મુશ્કેલ કાર્ય હતું. આ ભારતની પોતાની લેબમાં કરવામાં આવ્યું હતું. બધું જ તેના પ્રકારનું પ્રથમ રહ્યું છે. બધા પ્રયાસોની પ્રશંસા કરો." તેમણે કહ્યું, "આ એક પ્રારંભિક અહેવાલ છે; મંત્રાલયમાં, અમે તેનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. કોઈપણ સમર્થન માટે અમે **AAIB** સાથે સંકલન કરી રહ્યા છીએ. અમને આશા છે કે અંતિમ અહેવાલ ટૂંક સમયમાં બહાર આવશે જેથી અમે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકીએ." નાયડુએ વધુમાં જણાવ્યું હતું કે પાઈલટ્સ અને ક્રૂ એવિએશન ઉદ્યોગની કરોડરજ્જુ છે અને ખાતરી આપી હતી કે સલામતીના ધોરણો જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે. ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો **(AAIB)** એ શુક્રવારે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અંગે પ્રારંભિક અહેવાલ જાહેર કર્યો. આ અહેવાલમાં વિમાનના ટેકઓફ પછી ૯૦ સેકન્ડની અંદર બનેલી ઘટનાઓનો ક્રમ વર્ણવવામાં આવ્યો છે, જેમાં ટેકઓફ પછી તરત જ વિમાનના બંને એન્જિન બંધ થઈ જવાનો સમાવેશ થાય છે, જેના કારણે વિમાનનો ધક્કો (વિમાનને ઉડવામાં મદદ કરતું બળ) ઘણો ઓછો થઈ ગયો અને વિમાન ઝડપથી નીચે ઉતર્યું. પ્લેનના એડવાન્સ્ડ એરબોર્ન ફ્લાઈટ રેકોર્ડર, જેને બ્લેક બોક્સ તરીકે ઓળખવામાં આવે છે, તેમાંથી મળેલા ડેટા દર્શાવે છે કે ટેકઓફ થયાના થોડા સમય પછી, બંને એન્જિન પરના ફ્યુઅલ કટઓફ સ્વીચો એક-સેકન્ડના અંતરાલ પર અજાણતા **RUN** થી **CUTOFF** તરફ ખસી ગયા. એક પાયલોટ બીજાને પૂછતો સાંભળવામાં આવ્યો, "તમે કટઓફ કેમ કર્યો?" જેના પર બીજો પાઈલટ જવાબ આપે છે, "મેં નથી કર્યું." આ બંધ થવાને કારણે રેમ એર ટર્બાઈન કાર્યરત થઈ ગઈ, અને વિમાન તરત જ ઊંચાઈ ગુમાવી બેઠું અને નીચે ઉતરી ગયું. **AAIB** અનુસાર, પાઈલટ્સે બંને એન્જિન ફરી શરૂ કરવાના પ્રયાસમાં ફ્યુઅલ સ્વીચ ફરીથી સક્રિય કર્યો. એન્જિન ૧ માં થ્રસ્ટ રિકવરીના સંકેતો દેખાયા, પરંતુ એન્જિન ૨ સ્થિર થઈ શક્યું નહીં. વિમાન, જે થોડા સમય માટે ૧૮૦ નોટની ઝડપે પહોંચ્યું હતું, તે પહેલાથી જ નીચે ઉતરી રહ્યું હતું અને ઊંચાઈ મેળવી શક્યું નહીં.

### ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશન એક અગ્રણી ભારતીય થિંક ટેન્ક

# બ્રિક્સ દેશોના AI ગઠબંધનમાં પાકિસ્તાનને સામેલ કરવાની ચર્ચા, ભારતનો જોરદાર વિરોધ

## આ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરા સમાન બાબત

નવી દિલ્હી, તા.૧૨

ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશન એ શુક્રવારે પાકિસ્તાનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી સેન્ટરને એઆઈ એલાયન્સ નેટવર્ક ના સભ્ય બનાવવા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશન એક અગ્રણી ભારતીય થિંક ટેક છે અને AIAnનું સ્થાપક સભ્ય પણ છે. આ નેટવર્ક ૧૭ આંતરરાષ્ટ્રીય સંગઠનોનું જૂથ છે, જેમાં ચીનની ત્રણ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. DIF એ AIAn ને એક પત્ર દ્વારા જણાવ્યું હતું કે પાકિસ્તાનને સભ્ય બનાવવાથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો થઈ શકે છે. AIAn ને લખેલા પત્રમાં, DIF એ કહ્યું છે કે 'પાકિસ્તાન સતત આતંકવાદને ટેકો આપી રહ્યું છે, તેની સામે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ ની તપાસ ચાલી રહી છે અને AITEC ની ખાસ પ્રયોગશાળાઓ લશ્કરી હેતુઓ માટે AI નો ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત, પાકિસ્તાનની AI સિસ્ટમમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિકતાનો અભાવ છે. આ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો છે.'થિંક ટેન્ક એમ પણ કહ્યું કે, 'પાકિસ્તાનની સ્વાયત્ત AI લેબ, કમ્પ્યુટર વિઝન લેબ અને એજ કમ્પ્યુટિંગ લેબમાં એવી ટેકનોલોજી છે જેનો ઉપયોગ સાયબર હુમલા, સરહદ પાર હુમલા અને સ્વચાલિત શસ્ત્ર પ્રણાલીઓ માટે સરળતાથી થઈ શકે છે.'

### શિક્ષણમંત્રી મદન દિલાવરે કહ્યું

# રાજસ્થાનમાં નેહરુ-ગાંધી પરિવારનો મહિમા ભણાવવામાં આવશે નહીં

## પુસ્તકો ભણાવવાનું બંધ કરવાની સૂચના

જયપુર, તા.૧૨

રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે કહ્યું કે નેહરુ-ગાંધી પરિવારનો મહિમા કરતા પુસ્તકો ધોરણ ૧૨ માં ભણાવવામાં આવશે નહીં કારણ કે વિદ્યાર્થીઓને આ પુસ્તકોમાંથી પરીક્ષામાં ગુણ પણ મળતા નથી. કોંગ્રેસના રાજ્ય એકમે મંત્રીના નિવેદન પર હુમલો કર્યો અને તેને હાસ્યાસ્પદ ગણાવ્યું. પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે આઝાદી પછી કોંગ્રેસ સૌથી લાંબા સમય સુધી સત્તામાં રહી છે અને આ દેશને ઐતિહાસિક ઊંચાઈએ પહોંચાડવાનો શ્રેય કોંગ્રેસ સરકારો અને વડા પ્રધાનોને જશે.

મંત્રી દિલાવરે કહ્યું કે 'સ્વર્ણિમ ભારત આફ્ટર આફ્ટર આફ્ટર આફ્ટર આફ્ટર આફ્ટર -૧ અને પાર્ટ -૨' પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓને કોઈ ગુણ મળતા નથી, તેથી તેમણે વિભાગના અધિકારીઓને આ પુસ્તકો ભણાવવાનું બંધ કરવાની સૂચના આપી છે. દિલાવરે કહ્યું કે અગાઉની કોંગ્રેસ સરકાર દ્વારા લાદવામાં આવેલા આ પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં કોઈ ગુણ મળતા નથી. આ ફક્ત વાંચવા માટે હતા.

શૈક્ષણિક મહત્વ વિના તેમને ચાલુ રાખવાનો કોઈ અર્થ નથી, તેથી મેં સૂચના આપી છે કે શિક્ષણ વિભાગ આવા પુસ્તકો નહીં ભણાવે. વિદ્યાર્થીઓને સકારાત્મક બાબતો શીખવવા પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે દેશ અને રાજ્યની સેવા કરનારાઓના યોગદાનનો પણ સમાન રીતે ઉલ્લેખ કરવો જોઈએ પરંતુ આ પુસ્તકોમાં ફક્ત તે કોંગ્રેસ નેતાઓનો મહિમા કરવામાં આવ્યો છે, જેમણે દેશમાં કટોકટી લાદી અને લોકશાહીની હત્યા કરી હતી.

### ૧૬મો રોજગાર મેળો, PMએ ૫૧ હજાર જોબ લેટર આપ્યા

# મોદીએ કહ્યું - યુવાનોનું કૌશલ્ય ભવિષ્યની મૂડી અત્યાર સુધીમાં ૯.૭૩ લાખ લોકોને રોજગાર

## સરકાર આ મૂડીને સમૃદ્ધિનો સ્ત્રોત બનાવવામાં કાર્યરત : મોદી



નવી દિલ્હી, તા.૧૨

આ રોજગાર મેળાનું આયોજન દેશભરમાં ૪૭ સ્થળોએ કરવામાં આવ્યું હતું. છેલ્લો રોજગાર મેળો ૨૯ એપ્રિલના રોજ યોજાયો હતો. મોદીએ શનિવારે ૧૬મા રોજગાર મેળામાં ૫૧ હજારથી વધુ યુવાનોને જોબ લેટર આપ્યા હતા. તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કહ્યું કે યુવાનોની ક્ષમતા એ આપણા ભારતના ભવિષ્ય માટે સૌથી મોટી મૂડી અને ગેરંટી છે. અમારી સરકાર આ મૂડીને સમૃદ્ધિનો સ્રોત બનાવવામાં કાર્યરત છે.

તેમણે કહ્યું કે હું બે દિવસ પહેલા જ ૫ દેશોની મુલાકાત લઈને પાછો ફર્યો છું. ભારતની યુવા શક્તિનો અવાજ દરેક દેશમાં સંભળાયો હતો. આ દરમિયાન જે પણ કરાર થયા છે, તેનો લાભ યુવાનોને ચોક્કસ મળશે. તમારા વિભાગો અલગ છે પણ ધ્યેય એક છે. કાર્ય ગમે તે હોય, પદ ગમે તે હોય, ક્ષેત્ર ગમે તે હોય, ધ્યેય રાષ્ટ્ર સેવા છે. એકમાત્ર સૂત્ર નાગરિક સેવા છે. તમારી આ નવી યાત્રા માટે શુભકામનાઓ. દેશભરમાં ૪૭ સ્થળોએ રોજગાર મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લો રોજગાર મેળો ૨૯ એપ્રિલના રોજ યોજાયો હતો. વડાપ્રધાને ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ રોજગાર મેળાના પ્રથમ તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. અત્યાર સુધીમાં ૯.૭૩ લાખથી વધુ લોકોને રોજગાર મળ્યો છે.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### દેશમાં કોરોનાનો નવો વેરિઅન્ટ XFG ઝડપથી ફેલાઈ રહ્યો છે

નવી દિલ્હી: કર્ણાટકના કલબુર્ગીમાં ગુલબર્ગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં ૨૫ બેડનો કોવિડ વોર્ડ બનાવવામાં આવ્યો છે. યુપીના ગાઝિયાબાદમાં કોરોના ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. કોરોનાનો નવો વેરિઅન્ટ, ઠહ્વ્એ ફરી એકવાર ચિંતા વધારી છે. દેશમાં અત્યાર સુધીમાં ૨૦૯ ઠહ્વ્ કેસ નોંધાયા છે. સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર (૮૯)માં છે, ત્યારબાદ પશ્ચિમ બંગાળ (૪૯), તમિલનાડુ, કેરળ, ગુજરાત અને દિલ્હીનો ક્રમ આવે છે. ફક્ત મે મહિનામાં જ ૧૫૯ નવા કેસ નોંધાયા હતા. મધ્યપ્રદેશમાં પણ ઠહ્વ્ વેરિઅન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ઈંસ્જી ભોપાલના રિપોર્ટ મુજબ, અહીં ૬૩%થી વધુ કેસ ઠહ્વ્ વેરિઅન્ટના છે.

### ગાઝામાં વિકટ સ્થિતિ : સહાય કેન્દ્રો નજીક ૭૯૮ લોકોનાં મોત નીપજ્યાં

ગાઝા: ઈઝરાયલ અને ગાઝા વચ્ચેની લડાઈ ખૂબ જ ભયાનક બની ગઈ છે. બંને દેશો વચ્ચેની લડાઈમાં ગાઝામાં અત્યાર સુધીમાં હજારો લોકો મૃત્યુ પામ્યા છે. પરંતુ ગાઝામાં લોકો ફક્ત ઈઝરાયલી હુમલાઓમાં જ મૃત્યુ પામ્યા નથી, પરંતુ ખોરાક અને પાણી મેળવવાનો પ્રયાસ કરતી વખતે પણ મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર કાર્યાલયે ૧૧ જુલાઈ, ૨૦૨૫માં એક નિવેદન જાહેર કર્યું છે. તેના નિવેદનમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર કાર્યાલયે જણાવ્યું હતું કે તેણે ઓછામાં ઓછા ૭૯૮ પેલેસ્ટિનિયનોના મૃત્યુ નોંધ્યા છે, જેમાં ૬૧૫ મૃત્યુ યુએસ અને ઈઝરાયલ સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન (ય્ૐખ્) ના કેન્દ્રોની આસપાસ થયા છે.

### છેલ્લા ૨૪ કલાકમાં પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના બે નેતાઓની હત્યા

કોલકતા: પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૨૪ કલાકમાં તૃણમૂલ કોંગ્રેસના બે નેતાઓની હત્યાએ રાજકીય ગલિયારામાં હલચલ મચાવી દીધી છે. એક તરફ શુક્રવારે માલદામાં ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી, જ્યારે બીજી તરફ, ગુરુવારે રાત્રે દક્ષિણ ૨૪ પરગણાના ભાંગર વિસ્તારમાં તૃણમૂલ નેતા રઝાક ખાનની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. માલદા જિલ્લાના અંગ્રેજી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના લક્ષ્મીપુર ગામમાં શુક્રવારે ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની તેમના જ એક રાજકીય સાથી દ્વારા હત્યા કરવામાં આવી હતી.

### નીતિશ સરકાર ૧૦૦ યુનિટ વીજળી મફત આપવાની તૈયારી કરી રહી છે

પટણા: બિહારમાં વિધાનસભાની ચૂંટણીને હજુ થોડા મહિના બાકી હોવા છતાં, રાજ્યમાં રાજકીય તાપમાન વધવા લાગ્યું છે. તમામ પક્ષો પહેલાથી જ લોકો વચ્ચે જવા અને તેમના વચનોથી તેમને આકર્ષવાનો પ્રયાસ શરૂ કરી ચૂક્યા છે. આ બધા વચ્ચે, બિહાર સરકારે ચૂંટણી પહેલા બિહારના લોકોને એક મોટા ખુશખબર આપવાનો નિર્ણય લીધો છે. સરકાર રાજ્યમાં ૧૦૦ યુનિટ વીજળી મફત આપવાની તૈયારી કરી રહી છે. આ અંગે, ઉર્જા વિભાગે એક પ્રસ્તાવ પણ તૈયાર કરીને નાણા વિભાગને મોકલી દીધો છે. રાજ્ય સરકારના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા નીરજ કુમારે કહ્યું છે કે બિહારમાં એનડીએ સરકારનો આ એક મોટો નિર્ણય છે. તેમણે કહ્યું કે સરકારના આ પગલાં સ્વાગતપાત્ર છે.

### ઓન્ટારિયોની ૨૪ જાહેર કોલેજોને નાણાકીય કટોકટી

# ભારતીય વિદ્યાર્થીઓ વિના કેનેડાની કોલેજો સંકટમાં, ૬૦૦ કોર્ષ બંધ થયા

## નાણાકીય કટોકટીના કારણે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી



નવી દિલ્હી, તા.૧૨

કેનેડાની કોલેજો, ખાસ કરીને ઓન્ટારિયોની ૨૪ જાહેર કોલેજો હાલમાં ગંભીર નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. આ કટોકટીનું મુખ્ય કારણ જાણીને તમે ચોંકી જશો. આનું કારણ ભારતીય વિદ્યાર્થીઓની નોંધણીમાં થયેલો નોંધપાત્ર ઘટાડો છે, જેના પરિણામે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ટ્યુશન ફી પર નિર્ભર કોલેજોની આર્થિક સ્થિતિ ખરાબ થઈ છે. આ નાણાકીય કટોકટીએ લગભગ ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી અને ૬૦૦ થી વધુ લોકપ્રિય અભ્યાસક્રમોનું સ્થગન અથવા રદ થવાનું કારણ બન્યું છે. ઓન્ટારિયો પબ્લિક સર્વિસ એમ્પ્લોઈઝ યુનિયનના જણાવ્યા મુજબ, આ છટણીઓ શૈક્ષણિક, વહીવટી અને સહાયક ભૂમિકાઓમાં વ્યાપક છે, જે દર્શાવે છે કે કેનેડાની કોલેજો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ઊંચી ટ્યુશન ફી પર કેટલી નિર્ભર છે.

કેનેડાની કોલેજો લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓની ઊંચી ટ્યુશન ફી પર આધાર રાખે છે. ૨૦૨૩ માં, ઓન્ટારિયોની કોલેજોમાં ૬૦%થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ભારતના હતા. આ વિદ્યાર્થીઓ દ્વારા ચૂકવવામાં આવતી ઊંચી ફીએ કોલેજોના નાણાકીય માળખાને ટેકો આપ્યો હતો, જે પ્રાંતીય ભંડોળની મર્યાદાઓને પહોંચી વળવા માટે અનિવાર્ય હતું.

### એપ્સટિન સેક્સ સ્કેન્ડલ ફાઇલ્સ પર ટ્રમ્પ વહીવટીતંત્રમાં વિવાદ

# FBIના ડેપ્યુટી ડિરેક્ટર ડેન બોન્ઝિનો રાજીનામું આપે તેવી પ્રબળ શક્યતાઓ

## ગરમાગરમ ચર્ચા બાદ પરિસ્થિતિ વધુ વણસી હોવાની ચર્ચા



વોશિંગ્ટન ડીસી, તા.૧૨

યુએસ ગુપ્તચર એજન્સી એફબીઆઈના ડેપ્યુટી ડિરેક્ટર ડેન બોન્ઝિનો પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. તેમણે આ અંગે વિચારણા પણ શરૂ કરી દીધી છે. જેફરી એપસ્ટેઈન કેસ સંબંધિત ફાઈલોના ખુલાસા અંગે વ્હાઈટ હાઉસ, એફબીઆઈ અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (ડીઓજે) વચ્ચે ચાલી રહેલ વિવાદ આ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

આ માહિતી ન્યૂઝ એજન્સીઓ દ્વારા આપવામાં આવી છે. બોનિઝિનો અને એટર્ની જનરલ પામ બોન્ડી વચ્ચે આ અઠવાડિયે થયેલી ગરમાગરમ ચર્ચા બાદ પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. FBI ડિરેક્ટર કાશ પટેલ, બોન્ઝિનો, બોન્ડી અને ટ્રમ્પના ચીફ ઓફ સ્ટાફ સુઝી વિલ્સ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. અહેવાલ મુજબ, આ બેઠકમાં આ વિવાદ સામે આવ્યો હતો. બુધવારે યોજાયેલી બેઠકમાં પ્રશ્નો ઉભા થયા હતા કે શું FBI એ એક મીડિયા રિપોર્ટ લીક કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે એજન્સી વધુ માહિતી જાહેર કરવા માંગતી હતી પરંતુ ન્યાય વિભાગ દ્વારા તેને અવરોધિત કરવામાં આવી હતી.

જોકે બોનિઝિનોએ રિપોર્ટ લીક કરવાનો ઈનકાર કર્યો હતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (ડીઓજે) વચ્ચે ચાલી રહેલ વિવાદ આ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

### યુપીમાં પત્ની અને પ્રેમીના કાવતરાનો ભોગ બનેલો પતિ

# પતિએ રાશન માટે પૈસા આપ્યા, પત્નીએ પતિને મારવા પિસ્તોલ-કારતૂસ ખરીદ્યા




અલીગઢ, તા.૧૨

અલીગઢમાં પત્ની અને પ્રેમીના કાવતરાનો ભોગ બનેલા પતિ સુરેશના મૃત્યુના કેસમાં એક નવો ખુલાસો થયો છે. પતિની હત્યાના આરોપમાં ધરપકડ કરાયેલી પત્નીએ પોલીસ પૂછપરછ દરમિયાન ઘણી ચોંકાવનારી વાતો કહી છે. પતિ સુરેશની હત્યા કરાવનાર બીનાએ તેના પતિએ ઘરના રાશન માટે આપેલા પૈસાથી પિસ્તોલ અને કારતૂસ ખરીદ્યા હતા. એસપી રૂરલ અમૃત જૈનના જણાવ્યા અનુસાર, પત્ની બીનાએ જે વ્યક્તિ પાસેથી પિસ્તોલ ખરીદી હતી તે વ્યક્તિ વિશે માહિતી મળી છે. તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. એવું પણ બહાર આવ્યું છે કે પિસ્તોલ આપનાર વ્યક્તિ મહિલાના પ્રેમી મનોજ કુમારનો મિત્ર છે. બારલા શહેરના મોહલ્લા કોઠીનો રહેવાસી સુરેશ કુમાર દિલ્હીમાં સુરક્ષા ગાર્ડ હતો. તે ક્યારેક અઠવાડિયામાં તો ક્યારેક પંદર દિવસમાં ઘરે આવતો હતો. ઘરે તેની પત્ની બીના તેના ત્રણ બાળકો નિતેશ (૧૦), પુનીત (૮) અને પુત્રી રોશની (૬) સાથે રહેતી હતી. સુરેશ જ્યારે પણ ઘરે આવતો ત્યારે તે રાશનની વસ્તુઓ ખરીદતો અને રાખતો.

હવે શાળાઓ ખુલી ગઈ હતી, તેથી બીનાએ તેના પતિ પાસેથી બાળકો માટે નાસ્તાની વસ્તુઓ ખરીદવા માટે પૈસા લીધા હતા. સુરેશે આ પૈસા તેની પત્નીને બે અઠવાડિયા પહેલા જ આપ્યા હતા. તેને ખબર નહોતી કે તે તેના બાળકો માટે નાસ્તાની વસ્તુઓ માટે જે પૈસા આપી રહ્યો હતો તેનો ઉપયોગ તેને મારવા માટે પિસ્તોલ અને કારતૂસ ખરીદવા માટે થશે.

### અમેરિકામાં વિઝા અંગે નવા ફેરફારો કરવામાં આવી રહ્યા છે

# અમેરિકા જવાનું સપનું જોતાં લોકોને મોટો ઝટકો : વિઝા ફીમાં વધારો કરવાની તૈયારી

## કેટલાક કિસ્સાઓમાં ૧૪૮% વધુ વિઝા ફી ચૂકવવી પડશે




ન્યૂયોર્ક, તા.૧૨

અમેરિકામાં વિઝા અંગે દરરોજ નવા ફેરફારો કરવામાં આવી રહ્યા છે. હવે ભારતીય પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને H-1B વર્કસ માટે વિઝા ફીમાં વધારો કરવામાં આવ્યો છે, જેથી અમેરિકા જવા માટે વધુ પૈસા ખર્ચવા પડશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં બન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ પસાર કર્યો છે. જેમાં દરેક પ્રકારની વિઝા કેટેગરી માટે ૨૫૦ ડોલર (લગભગ ૨૧ હજાર રૂપિયા)ની વિઝા ઈન્ટિગ્રિટી ફી ચૂકવવી પડશે. કેટલાક કિસ્સાઓમાં ૧૪૮% વધુ વિઝા ફી ચૂકવવી પડશે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)એ વિઝા ફીમાં વધારા અંગે માહિતી આપી છે. જો કે, નવી વિઝા ઈન્ટિગ્રિટી ફી વર્ષ ૨૦૨૬થી લાગુ થશે. સારી વાત એ છે કે જો તમે કેટલીક શરતો પૂરી કરો છો, તો આ ફી પણ પરત કરી શકાય છે. અહેવાલ અનુસાર, વિઝા આપતી વખતે હવે ૨૫૦ ડોલરની નિશ્ચિત ફી લેવામાં આવશે. ડીએચએસને ભવિષ્યના નિયમો દ્વારા આ ફી મૂળ રકમથી વધુ વધારવાનો અધિકાર છે. એટલે કે આ ફીમાં વધુ વધારો પણ કરી શકાય છે.

વર્ષ ૨૦૨૬થી વિઝા ઈન્ટિગ્રિટી ફી વાર્ષિક કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI)ના આધારે વધારવામાં આવશે. આ ફી ફુગાવાની ગતિએ વધશે. આ ફી માફ કરી શકાતી નથી.

### દેશ આઝાદ થયાના ૭૮ વર્ષ બાદ

# રાજસ્થાનના ગામડામાં રહેતા લોકોને વીજળીની સુવિધા મળી

## ગામના લોકો હવે ખુશ અને ઉત્સાહિત બન્યા

સંવારા, તા.૧૨

રાજસ્થાનના બારાં જિલ્લાના એક અંતરિયાળ પર્વતીય ક્ષેત્રને સ્વતંત્રતાના ૭૮ વર્ષ પછી પ્રથમ વખત વીજળી કનેક્શન મળ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સંવારા ગામથી ૩૦૦ કિમી દૂર અને જિલ્લા મુખ્યાલયથી ૧૭૫ કિમી દૂર ૪૦ ઘરોમાં રહેતા સહરિયા જનજાતિના લગભગ ૨૦૦ લોકોની વીજળી માટેની લાંબી રાહ અંતે ૩૦ જૂને પૂર્ણ થઇ હતી.જિલ્લા કલેક્ટર રોહિતાશ્વ સિંહ તોમરે ગુરૂવારે જણાવ્યું હતું કે હવે બારાં જિલ્લામાં ૧૦૦ ટકા વીજળી કનેક્શન ઉપલબ્ધ થઇ ગયું છે. તેમણે જણાવ્યું હતું કે ગયા મહિને રાત્રિ ચૌપાલ દરમિયાન લોકો પાસેથી ફરિયાદ મળ્યાના ૨૦-૨૫ દિવસની અંદર આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે આ જન સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાનો એક ઉલ્લેખનીય ઉદાહરણ છે. બદ્રી સહરિયાના પૌત્ર અરૂણ સહરિયાએ જણાવ્યું હતું કે સમગ્ર ગામના લોકો હવે ખુશ અને ઉત્સાહિત છે કારણકે તેમની રાત્રિઓ પ્રકાશિત થઇ ગઇ છે. દાયકાઓ પછી ગામમાં અંતે વીજળી પહોંચી છે. પૂર્વ સરપંચ બદ્રી સહરિયા અને અન્ય સ્થાનિક લોકોએ રાત્રિ ચૌપાલ દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો. સહરિયા એક વિશેષ રીતે નબળો જનજાતીય સમૂહ છે. લગભગ ૨૦૦ લોકોની વીજળી માટેની લાંબી રાહ અંતે ૩૦ જૂને પૂર્ણ થઇ હતી.

### પાકિસ્તાનમાં ક્વોલિટી એજ્યુકેશન જ નથી

# પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી ૨.૫૩ કરોડ બાળકો શાળાથી વંચિત

## દાયકાઓથી શિક્ષણ પ્રત્યે ધ્યાન અપાયું નથી

કરાંચી, તા.૧૨

પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી પ્રવર્તી રહી છે ત્યાં ૫ થી ૧૬ વર્ષની વયના ૨ કરોડ ૫૩ લાખ જેટલા બાળકો શાળાએ જતાં જ નથી, આ માહિતી આપતાં પાકિસ્તાનનું અગ્રીમ અંગ્રેજી વર્તમાનપત્ર 'ધી-ડોન' જણાવે છે કે દેશમાં ક્વોલિટી એજ્યુકેશન (ગુણવત્તાભર્યું શિક્ષણ) જેવું કશું રહ્યું જ નથી. માત્ર નોન-ફોર્મલ-એજ્યુકેશન (અવિધિસરનું શિક્ષણ) તેમને માટે જીવાદોરી છે.

ડોન વધુમાં જણાવે છે કે, અલ્લામા-ઈકબાલ-ઓપન યુનિવર્સિટી (એઆઈઓયુ)એ પાકિસ્તાન્સ નોન-ફોર્મલ એજ્યુકેશન રીપોર્ટ ૨૦૨૩-૨૪ જણાવે છે કે, 'પાકિસ્તાન ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન (પીઆઈઈ)એ જાપાનનાં શિક્ષણ મંત્રાલય અને જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી (જેઆઈસીએ) દ્વારા આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. પાકિસ્તાનના ફેડરલ એજ્યુકેશન મિનિસ્ટર ખાલીદ મકબુલ સિદ્દીકીએ બચાવ કરતાં કહ્યું હતું કે કોવિદ-૧૯ મહામારી તથા તાજેતરમાં આવેલી નૈસર્ગિક આપત્તિઓ જેવી કે પૂરોને લીધે શિક્ષણ વ્યવસ્થા ઉપર ઘેરી અસર કરી છે. જોકે, તે પૂર્વે પણ આવી જ ખરાબ પરિસ્થિતિ હતી તે વિષે તેઓ મૌન જ રહ્યા. નક્કર હકીકત તે છે કે, પાકિસ્તાનમાં દાયકાઓથી શિક્ષણ પ્રત્યે ધ્યાન જ અપાયું નથી. પાકિસ્તાનમાં ગંભીર શૈક્ષણિક કટોકટી પ્રવર્તી રહી છે.

### ઇલોન મસ્કના સોશિયલ મીડિયા

# X દ્વારા ભારતમાં સબસ્ક્રિપ્શનની કિંમતમાં ઘટાડો કરી દેવામાં આવ્યો

ન્યૂયોર્ક, તા.૧૨

ઈલોન મસ્કના સોશિયલ મીડિયા એક્સ દ્વારા ભારતમાં સબસ્ક્રિપ્શનની કિંમત ઘટાડી દેવામાં આવી છે. દુનિયામાં ભારત બીજા ક્રમનું ઈન્ટરનેટ યુઝર માર્કેટ છે. જોકે આ માર્કેટમાં ઈલોન મસ્ક હજી પોતાના પ્રીમિયમ યુઝર નથી વધારી શક્યો. આ કારણસર તેણે સબસ્ક્રિપ્શનની કિંમતમાં ઘટાડો કર્યો છે જેથી પ્રીમિયમ યુઝર્સ વધારી શકાય. પહેલી વાર એવું થયું છે કે બેસિક, પ્રીમિયમ અને પ્રીમિયમ પ્લસ દરેકની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે એ પણ એટલી જ હકીકત છે કે ગયા વર્ષે પ્રીમિયમ પ્લસની કિંમતમાં બે વાર વધારો કરવામાં આવ્યો છે.

ઈલોન મસ્કની કંપની ટ્ઢ઼ દ્વારા ગ્રોક ૪ લોન્ચ કર્યા બાદ તરત જ સોશિયલ મીડિયાના સબસ્ક્રિપ્શનની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. બેસિક પ્લાન પહેલાં ૨૪૪ પ્રતિ મહિનો હતો, જે હવે ૧૭૦ થઈ ગયો છે અને ૨૫૯૧ એક વર્ષના હતા, જે હવે ૧૭૦૦ થઈ ગયા છે. એટલે કે અંદાજે ૩૦ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. પ્રીમિયમ પ્લાનમાં ૩૪ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલાં એક મહિનાના ૬૫૦ રૂપિયા હતા, જે હવે ૪૨૭ છે. તેમ જ એક વર્ષ માટે ૬૮૦૦ હતા, જે હવે ૪૨૭૨ થઈ ગયા છે.ઠ પર સૌથી વધુ ફીચર ધરાવતું પ્લાન પ્રીમિયમ પ્લસ છે. એથી જ એની કિંમત ગયા વર્ષે બે વાર વધારવામાં આવી હતી. જોકે હવે એની કિંમતમાં પણ અંદાજે ૨૬ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. આ પ્લાન પહેલાં એક મહિના માટે ૩૪૭૦ રૂપિયાનો હતો.

### શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ પરત આવશે

# શુભાંશુ શુક્લા પૃથ્વી પર આવ્યા બાદ સાત દિવસના રિહેબ પ્રોગ્રામ કરશે

નવી દિલ્હી, તા.૧૨

શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ પૃથ્વી પર આવવાનો છે અને ત્યાર બાદ તે સાત દિવસ માટેના રિહેબ પ્રોગ્રામમાં જોડાશે. એક્સિઓમ-૪ મિશન હેઠળ શુભાંશુ શુક્લા ૧૮ દિવસ માટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ગયો હતો. પૃથ્વી પર આવ્યા બાદ ગ્રેવિટી સાથે સુસંગત થવા માટે અંતરિક્ષ યાત્રીઓએ રિહેબ પ્રોગ્રામ કરવો પડે છે. શુભાંશુ માટેનો આ પ્રોગ્રામ સાત દિવસ માટેનો છે. આ માહિતી ઈસરો દ્વારા આપવામાં આવી છે.

શુભાંશુ શુક્લા અને તેમના સાથી કમાન્ડર પેગી વ્હિટ્સન, મિશન સ્પેશ્યાલિસ્ટ સ્લાવોસ ઉઝ્નાંસ્કી-વિસ્નિએવ્સ્કી અને હંગેરીના અંતરિક્ષ યાત્રી ટિબોર કપુ સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ગયા હતા. તેમણે ૨૬ જૂને ડોકિંગ કર્યું હતું. તેઓ હવે ૧૪ જુલાઈએ સવારે ૭:૦૫ વાગ્યે એટલે કે ભારતમાં સાંજે ૪:૩૫ વાગ્યે અનડોકિંગ કરશે. ઓરબિટમાં ફર્યા બાદ તેઓ ૧૫ જુલાઈએ બપોરે ત્રણ વાગ્યે કેલિફોર્નિયાના દરિયામાં લેન્ડ કરશે.

ભારત દ્વારા ૨૦૨૭માં ગગનયાન મિશન કરવામાં આવી રહ્યું છે. આ મિશનમાં મનુષ્ય જઈ રહ્યા હોવાથી સ્પેસ વિશે માહિતી ભેગી કરવી ઈસરો અને ભારત માટે ખૂબ જ જરૂરી હતી. આથી શુભાંશુ શુક્લાના મિશન પાછળ આટલા પૈસા ખર્ચ કરવામાં આવ્યા છે. આ વિશે ઈસરોએ કહ્યું, ઈસરોના ફ્લાઈટ સર્જન દ્વારા ગગનયાન મિશનમાં જનારા અંતરિક્ષ યાત્રીની હેલ્થ અને ફિટનેસને સતત મોનિટર કરવામાં આવી રહી છે.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા
જનસત્તા

શહેરનું તાપમાન: 33.2° અમદાવાદ | 32.6° વડોદરા | 32° સુરત | 32.9° રાજકોટ

હવામાન વિભાગ: શહેરમાં શનિવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૬ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનતમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

### વડોદરાના શાસકો ઊંઘી રહ્યા છે કે આંખ આડા કાન? ખાસવાડીથી આરાધના ટોકિઝ વચ્ચેનો બ્રિજ જર્જરિત, પણ પાલિકાના ચોપડે મજબૂત!

# શહેરની વચ્ચોવચ ખખડધજ બ્રિજ છતાં સબ સલામત

## વિશ્વામિત્રી પરના વર્ષો પુરાણા બ્રિજના કાંગરા ખરી રહ્યા છે, એના પાયામાં તિરાડો પડી છે, રેલિંગો તૂટી ગઈ છે અને સ્લેબના સળિયા પણ દેખાવા લાગ્યા છે

વડોદરા, તા.૧૨


ગંભીરા બ્રીજ જેવી જ બીજી દુર્ઘટના વડોદરા શહેરમાં પણ સર્જાઈ શકે છે. અમારી પાસે એના અનેક દેખીતા પુરાવા છે. તમને જાણીને આઘાત લાગશે પણ જો તમે વડોદરાના છો તો ઈશ્વરનો ઉપકાર માનો કારણ કે, તમે એક એવા બ્રીજ પરથી અવાર-નવાર પસાર થઈ રહ્યા છો જે એટલો જર્જરિત થઈ ચુક્યો છે કે, ગમે તે સમયે કડડભૂસ થઈ શકે છે.

તમને જાણીને નવાઈ લાગશે પણ શહેરના ખાસવાડી સ્મશાનથી આરાધના ટોકિઝ તરફ જવાના માર્ગ પર આવેલા વિશ્વામિત્રી નદી પરના વર્ષો પુરાણા બ્રીજના કાંગરા ખરી રહ્યા છે. એના પાયામાં તિરાડો પડી છે, રેલિંગો તૂટી ગઈ છે અને સ્લેબના સળિયા પણ દેખાવા લાગ્યા છે. ઓવરઓલ આખોય બ્રીજ જર્જરિત થઈ ચુક્યો છે. પણ એના સમારકામની કોઈને પરવા નથી. હકીકતમાં વડોદરામાં માત્ર બ્રીજની જ નહીં પણ સત્તાધીશો અને અધિકારીઓની માનસિકતા પણ જર્જરિત થઈ ચુકી છે. શહેરના શાસકોની નજીકની નજર કમજોર હોય એવુ લાગે છે કારણ કે, એમને શહેરની મધ્યમાં આવેલા વર્ષો પુરાણા બ્રીજની સ્થિતિ દેખાતી જ નથી. વાસ્તવમાં ખાસવાડી સ્મશાનથી આરાધના ટોકિઝ વચ્ચેના બ્રીજ પરની મસમોટી તિરાડો જો જાગૃત અખબાર તરીકે અમને દેખાતી હોય તો સ્વાભાવિક છે કે, શહેરમાં વર્ષોથી શાસન કરતા નેતાઓને પણ દેખાવી જોઈએ. પણ અફસોસ એમને નજીકનું ઓછું દેખાય છે અને કદાચ એટલે જ એમને શહેરની મધ્યમાં આવેલા બ્રીજની તિરાડો દેખાતી નથી. ખેર, શહેરના શાસકોને તો રસ્તા પર પડેલા ખાડા પણ દેખાતા નથી. અને કદાચ એટલે જ રાજ્યના મુખ્યમંત્રીને જાહેરમંચ પરથી એવુ કહેવુ પડે છે કે, અમદાવાદ અને સુરત વચ્ચે વડોદરાનો વિકાસ કેમ થયો નથી ? તે સમજાતુ નથી.

### સત્તાધીશોનો પર્યાવરણવાદી અભિગમ: બ્રિજ પર છોડનો ઉછેર

વડોદરામાં લાખો વૃક્ષોનું વાવેતર કરીને શહેરને હરિયાળું બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. કદાચ એટલે જ ખાસવાડી સ્મશાનથી આરાધના ટોકિઝ વચ્ચેના બ્રીજ પર ઉગેલા વડના છોડને ઉખેડવાને બદલે ઉછેરવામાં આવ્યો હોય એવુ લાગી રહ્યુ છે. વડોદરામાં વૃક્ષોની જાળવણીનું આનાથી સારું ઉદાહરણ ક્યાંય નહીં હોય. પર્યાવરણની જાળવણી અંગેનો વડોદરાના સત્તાધીશોનો આવો અભિગમ એવોર્ડને પાત્ર છે. ખેર, બ્રીજ ઉપર કોઈ વૃક્ષ ઉગે તો એના મૂળિયાથી બ્રીજ પર તિરાડો પડી શકે છે. આવી સીધી સમજ કોર્પોરેશનના કહેવાતા સુશિક્ષિત નેતાઓ અને ભણેલા-ગણેલા અધિકારીઓને તો હોવી જ જોઈએ. પણ અફસોસ બ્રીજની જેમ એમની માનસિકતા પણ જર્જરિત છે.





### બ્રિજનું સમારકામ નહીં થાય તો જોખમ ઊભું થઈ શકે છે

વડોદરા શહેરના સત્તાધીશો અને અધિકારીઓએ તાત્કાલિક ધોરણે ખાસવાડી-આરાધના ટોકિઝ બ્રીજની મુલાકાત લેવી જોઈએ. અને એના સમારકામની યોજના ઘડી કાઢવી જોઈએ. હકીકતમાં આવા જર્જરિત બ્રીજ ક્યારેક મોટી દુર્ઘટનાને નોતરી શકે છે. વડોદરા જેવા ઝડપથી વિકસી રહેલા શહેરમાં બ્રીજ જર્જરિત હોય એ સત્તાધીશો માટે શરમજનક વાત છે. બ્રીજની આવી સ્થિતિ પાછળ અધિકારીઓની બેદરકારી કારણભૂત છે. હવે, જ્યારે ગંભીરા બ્રીજની દુર્ઘટના સર્જાઈ છે ત્યારે વડોદરાના બ્રીજોની મજબૂતાઈ ચકાસવાનો આપણને એક મોકો મળ્યો છે. અને આશા છે કે, શહેરના સત્તાધીશો એમાં ક્યારેય કચાશ નહીં રાખે. શહેરની મધ્યમાં આવેલા બ્રીજની હાલત જીર્ણ-શીર્ણ હોય તો એ જોખમી સાબિત થઈ શકે છે.



### શહેરના ૪૩ પૈકી ૪૧ બ્રિજને પાલિકાની ટીમે ક્લીનચિટ આપી માત્ર બે જ જોખમી બ્રિજ!



### બ્રિજ પર તિરાડો અમને દેખાઈ છે, જવાબદારોને ક્યારે દેખાશે?



### તૂટી ગયેલા બ્રિજના એક ભાગમાં નમી ગયેલું ટેન્કર હજુ પણ યથાવત્ સ્થિતિમાં

# ગંભીરા બ્રિજનો ચોથો દિવસ: ૨૦ મૃતદેહ મળ્યા, એક ગુમ હોવાનું અનુમાન : તપાસ-કાર્યવાહીનો ધમધમાટ

### ગોઝારી દુર્ઘટનામાં નદીમાં ખૂંપી ગયેલી ટ્રક અને બાઈકને બહાર કાઢવામાં આવ્યાં

વડોદરા, તા.૧૨

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં મહીસાગર નદી પર આવેલા ગંભીરા બ્રિજનો એક ભાગ ધરાશાયી થવાની દુર્ઘટનાને આજે ચોથો દિવસ છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે હજુ પણ એક મૃતદેહ કાટમાળમાં દટાયેલો હોવાનું મનાઈ રહ્યું છે. તંત્ર દ્વારા આજે સવારથી લાપતા યુવાનની શોધખોળ શરૂ કરી છે.

બુધવારે વહેલી સવારે મધ્યગુજરાતને સૌરાષ્ટ્રની સાથે જોડતાં મહિસાગર નદી પરના ગંભીરા બ્રિજ ધરાશાયી થવાની ઘટનાના ચોથા દિવસે આજે વહેલી સવારથી જ વિવિધ એજન્સીઓ દ્વારા ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ દુર્ઘટનામાં અત્યારસુધી ૨૦ વ્યક્તિઓના મૃત્યુ થયા છે જ્યારે હજી એક વ્યક્તિની શોધખોળ શરૂ છે. નરસિંહપૂરા ગામના ૨૨ વર્ષીય વિક્રમ નામના યુવાનની શોધખોળ ચાલું છે. આ વ્યક્તિ ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના બની છે તે મુજપુર પાસેથી મહી નદીના પ્રવાહની સ્થિતિ એવી છે કે તે બન્ને દિશામાં વહે છે. ભરતીના સમયે પાણીનો પ્રવાહ વહેરા ખાડી તરફ જાય છે અને ઓટના સમયે સમુદ્ર તરફ પ્રવાહ વહે છે. તેના કારણે ઉપરવાસ અને હેઠવાસ, એમ બંને દિશામાં પણ શોધખોળ કરવામાં આવી રહી છે.ઉલ્લેખનિય છે કે, બચાવ સહિતની કામગીરીમાં આસપાસના ગામના યુવાવો દ્વારા પ્રશંસનિય કામગીરી કરવામાં આવી હતી. અને તંત્રને તમામ પ્રકારની મદદ કરાઈ હતી.





### એફએસએલ-આરટીઓ ટીમની ઘટનાસ્થળે નિરીક્ષણ સાથે તપાસ

## ગંભીરા બ્રિજ: અકસ્માતના કારણે બ્રિજના બે ટુકડા થયા હતા કે કેમ? તે અંગે પણ તપાસ થશે

વડોદરા, તા.૧૨

વડોદરા નજીક બનેલા ગંભીરા બ્રીજ અકસ્માતમાં વીસ કરતાં વધુ વ્યકિતનું મોત નિપજયું હતું ત્યારે આ સંબંધમાં એફએસએલ અને આરટીઓ ટીમે ઘટના સ્થળનું નીરીક્ષણ કરી ગહન તપાસ હાથ ધરી છે,બંનેના રીપોર્ટ આવ્યા બાદ પાદરા પોલીસ ગહન તપાસ કરશે એમ જાણવા મળે છે.

ગયા બુધવારે સવારના સમયે પાદરા પાસે ગંભીરા બ્રીજના બે ટુકડા થઈ જતાં અનેક વાહનો નીચે પડયા હતા જેના પગલે વીસથી વધુ વ્યકિતના મોત નિપજયા હતા. બનાવના સંબંધમાં એફએસએલ અને આરટીઓ ટીમે આજે ઘટના સ્થળની મુલાકાત લઈને નીરીક્ષણ કર્યુ હતું અને ગહન તપાસ હાથ ધરી હતી.

પાદરા પોલીસે જણાવ્યું હતું કે,આ સંબંધમાં વિવિધ પાસાંઓ ચકાસવામાં આવશે, કોઈ અકસ્માત થયો અને ટ્રક અંદર પડી અને પડતી વેળા સ્લેબ કે આર્ટીકયુલેશનને નુકશાન કરતી ગઈ કે કેમ,લોડેડ ટ્રક અને અન્ય વાહનો એક સ્થળે એકત્ર થવા સહિતની બાબતોની પણ તપાસ કરવામાં આવશે.હજું કે મૃતદેહ શોધવાનો બાકી છે ત્યારે તે મળી જાય પછી ગહન તપાસ શરુ કરાશે. તપાસ દરમિયાન જે તથ્યો અને પુરાવા બહાર આવશે તેના આધારે આગળની કાર્યવાહી અને તપાસ કરવામાં આવશે.ઘટનાને નજરે જોનારા વ્યકિતઓનું પણ નિવેદન લેવામાં આવશે.તપાસના અંતે કસુરવારો સામે પગલાં લેવાશે અને ગુનો પણ દાખલ કરવામાં આવશે.

### અત્યાર સુધી લાપત્તા પાદરાના સાંસદ આખરે પીડિતોને મળવા આવ્યાં

પાદરા, તા.૧૨

પાદરા લોકસભા મત વિસ્તારના ૯૦ હજારથી વધુની લીડ મેળવનાર સાંસદ ત્રણ દિવસથી અલોપ હતા. બાદ આજે ચોથા દિવસે ગંભીરા બ્રિજ પર મોડે મોડે પહોંચ્યા હતા અને દુર્ઘટનામાં ભોગ બનનાર પરિવારજનોની મુલાકાત લીધી હતી. પાદરા મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૦ નિર્દોષ લોકો જીવ ગુમાવી બેઠા અને એક યુવાન હજી ગુમ છે. એની વચ્ચે તંત્રના મોટા અધિકારીઓ અને મંત્રી તેમજ રાજકીય નેતાઓએ સ્થળનો દૌરો કર્યો હતો, પરંતુ પાદરા લોકસભા વિસ્તારના સાંસદ જશુભાઈ રાઠવા ત્રણ દિવસ બાદ, આજે ચોથા દિવસે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સાંસદે સ્થળ નિરીક્ષણ કર્યું, તંત્ર પાસેથી વિગત પૂછી, આપવીતી પણ જણાવી દુખની લાગણી વ્યક્ત કરી હતી.

આમ, સાંસદ મોડે મોડે પણ ભોગ બનનાર પરિવારો ની વ્યથા અને ગુમાવટમાં ડૂબેલા તેમના દુઃખમાં સાથી બન્યા હતા. પરંતુ મુલાકાતો ફોર્માલિટી બની રહેતી હોય તેવો વિરોધાભાસ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### ગેરી દ્વારા પુલના સેમ્પલ લીધા કમિટીનું બ્રિજનું નિરીક્ષણ

દુર્ઘટના બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા તપાસ માટે રચાયેલી કમિટીમાં રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ, આરટીઓ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ની ટીમો સામેલ છે. આ ટીમો બ્રિજની ડેન્સિટી, સ્લેબની મજબૂતાઈ અને નિર્માણમાં વપરાયેલી સામગ્રીની ગુણવત્તાનું નિરીક્ષણ કરી રહી છે.ઉપરાંત ગેરી સંસ્થાની ટીમ દ્વારા આજે પુલના નમુના લેવામાં આવ્યા હતા. આ સેમ્પલની લેબોરેટરીમાં તપાસ કરવામાં આવશે.

### પુલનો જે ભાગ તૂટીને નદીમાં પડ્યો, તેને તોડવાનું શરૂ

પુલનો જે ભાગ તૂટીને નદીમાં પડ્યો છે, તેને તોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ માટે ૨૦ હોર્સ પાવરનું ડાયમંડ વાયર કટિંગ મંગાવવામાં આવ્યું છે. જેને નાવડીમાં નાખી પુલ નીચે લઈ જવામાં આવ્યું હતું. આ મશીનને પાવર આપવા જનરેટર લાવવામાં આવ્યું છે.અને નદીમાં તૂટી પડેલા બ્રિજના સ્લેબ સહિતને તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### કેન્દ્રીય મંત્રીની ટકોર: સુરતની વાત કરું તો અહીંના પદાધિકારીઓ નારાજ થશે!

# સુરતમાં રૂા.૧૦૦ ભરો તો સોસા.માં પાલિકાએ બોર રિચાર્જ કરી આપ્યા

### સયાજીગંજ વિધાનસભા વિસ્તારમાં ૨૧૮ રિચાર્જ બોરવેલની કામગીરીનો પ્રારંભ




વડોદરા, તા.૧૨

વડોદરામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે જળસંચય અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર, વડોદરા કોર્પોરેશન અને ધારાસભ્ય કેયુર રોકડિયાની ગ્રાન્ટમાંથી સયાજીગંજ વિધાનસભા મત ક્ષેત્રમાં ૨૧૮ જેટલા સ્થળોએ રૂપિયા ૪.૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર રિચાર્જ વેલ બનાવવાની કામગીરીના ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગોરવા-લક્ષ્મીપુરા રોડ ઉપર શ્રી હરિ ફાર્મ હાઉસ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સંબોધતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતુ કે,વડોદરામાં જળસંચયની સારી કામગીરી થઈ રહી છે. પરંતુ સુરતની વાત કરૂતો અહીના પદાધિકારીઓ નારાજ થશે. સુરતમાં જે સોસાયટી અરજી કરે અને ૧૦૦ રૂપિયા ભરીદે તો મહાનગર પાલિકાએ રીચાર્જ બોર કરી આપ્યા. હવે વાત કટાક્ષની હતી કે શિખામણની એ મંચ પર બેસેલા સમજી ગયાં હશે. હવે પાણીની આ વાત વીએમસી તંત્ર કેટલી વાસ્તવીકતાથી સમજીને અનુસરે છે તે જોવાનું રહ્યું

આ પ્રસંગે જળશક્તિ મંત્રીએ જણાવ્યું કે, જળ એ જીવન છે તે મંત્રને પરિપૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. જેથી અત્યારથી જ લોકોએ જાગૃત થવાની જરૂરિયાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને સમગ્ર દેશના લોકોએ સ્વીકારી લીધું છે અને પાણીની બચત માટેની પહેલ શરૂ કરી દીધી છે. ગુજરાત જળસંચય માટે હવે દેશમાં પ્રથમ બની ગયું છે. જેમાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ છે. સુરત પાલિકા દ્વારા માત્ર ૧૦૦ રૂપિયામાં વેલ રિચાર્જ કરી આપે છે. જોકે, વડોદરા કોર્પોરેશન દ્વારા પણ આ વર્ષે ૫૦૦૦ રીચાર્જ વેલ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જેની શરૂઆત સયાજીગંજ મતવિસ્તારમાં ૨૧૮ રિચાર્જ વેલથી થઈ રહી છે.

ધારાસભ્ય કેયુર રોકડિયાએ કહ્યું હતુ કે, સયાજીગંજ વિધાનસભા વિસ્તારમાં લોકભાગીદારી થી ૪ કરોડના ખર્ચે ૨૧૮ રીચાર્જ વેલની કામગીરીનું કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. ટુંક સમયમાં વિવિધ સોસાયટીઓમાં કામગીરી શરૂ થશે. મેયરે મહાનગર પાલિકા દ્વારા કેચ ધ રેન અભિયાન હેઠળ કરવામાં આવનાર કામગીરી અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં મેયર, સાંસદ, ધારાસભ્યો, ડે. મેયર, સ્થાયી સમિતીના ચેરમેન, મ્યુનિ. કમિશનર સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### દોષિતોને કડક સજા થાય : સી. આર. પાટીલ

ગંભીરપુરા બ્રીજના ટુકડા થવાના બનાવના પગલે કેન્દ્રીય મંત્રી સી. આર.પાટિલે જણાવ્યું હતું કે. કોઈ પણ ઘટના હોય સરકાર હંમેશા પગલાં લેતી હોય છે,આ દુર્ઘટનામાં મુખ્યમંત્રીએ તાત્કાલિક પગલાં લેવાનું શરુ કર્યું છે.જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામા આવ્યા છે, હું વિનંતિ કરું છુ કે દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, અને તેમના પ્રત્યે સંવેદનશીલ રહેવું જોઈએ. હું પણ આ મામલે કડક પગલાં લેવા માટે પ્રયાસ કરીશ.

### બોલો! જળસંચય કાર્યક્રમના ભોજન સમાંરભમાં ૪ લોકોનાં ખિસ્સા કપાયાં

લક્ષ્મીપુરા રોડ ખાતે આયોજિત કાર્યક્રમ બાદ ભોજન સમાંરભનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ભોજન કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો સિવાય તસ્કરો પણ ઘૂસી ગયા હતા. જેમા તસ્કરો દ્વારા લાઈનમાં ઉભા રહીને ચાર લોકના પર્સની ચોરી કરી હોવાની જાણ પોલીસ ચોપડે નોંધાયા હતાં. જેમા સ્થળ પર તો ૧૦ લોકોના પાકીટ ચોરાયા તેવો લોકોમાં ગણગણાટ જોવા મળ્યો હતો.